# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૬ • જુન ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા.૧૦

## જિન-વચન

### પ્રાણીની હિંસા કરવી નહિ

अज्झत्थं सव्वओ सव्वं दिस्स पाणे पियायए ।
ना हणे पाणिणो पाणे भयवेराओ उवरए ।।

–उत्तराध्ययन–६-६

સર્વ સ્થળે, સર્વને પોતાની જેમ જોઈને, સર્વ પ્રાણીઓને પોતાના પ્રાણ વહાલા છે એમ સમજીને, ભય તથા વેરથી વિરમીને, કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.

सर्व स्थल में सर्व में खुद को देखकर, सर्व जीवों को अपना प्राण प्रिय है यह समझकर, भय और वैर से उपरत पुरुष प्राणियों के प्राणों का घात न करे ।

Seeing the self in everyone and everywhere, knowing that all beings love their life, we, having made ourselves free from fear and enmity, should not kill other beings.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## કેન્વાસના બૂટ

૧૯૦૭ના વર્ષમાં પંડિત મદનમોહન માલવિયાજી પાસે એક પ્રતિનિધિમંડળ આવ્યું અને તેણે ફરિયાદ કરવા માંડી, 'પંડિતજી, સંયુક્ત પ્રાંતના કર્વી ગામ ખાતે એક કતલખાનું ઊભું કરવાની હિલચાલ થઈ રહી છે. આપ ગમે તેમ કરીને એ હિલચાલ બંધ કરાવો. ગામ લોકોની આથી ઘણી લાગણી દુભાઈ રહી છે.'

પંડિત માલવિયાજીએ એ અંગે ઘટતું કરવાનું વચન આપ્યું. પણ માલવિયાજી બીજાં કામોમાં ખૂબ વ્યસ્ત રહેતા હોવાથી તેમણે આ કામ પુરુષોત્તમદાસ ટંડનને સોંપ્યું.

ટંડનજીએ કર્વીના કેટલાક માણસોને બોલાવ્યા અને પૂછ્યું, 'કર્વીમાં માંસાહારીઓ કેટલાં છે?'

જવાબ મળ્યો, 'ઘણાં જ ઓછા, આંગળીને વેઢે ગણી શકાય એટલા જ.'

'તો કતલખાનાવાળા માંસ વેચશે કોને? એમને નફો થવાને બદલે ખોટ જ થશે.'

## આચમન

ટંડનજીને સમજાવતાં પેલા લોકોએ કહ્યું, 'ખોટ નહિ જાય, કેમકે હમણાં બુંદેલખંડમાં દુકાળ પ્રવર્તી રહ્યો છે. ત્યાં બે-ત્રણ રૂપિયે ઢોર વેચાય છે. આટલાં સસ્તાં ઢોર કોણ ન ખરીદે? આ ઢોરોનાં ચામડામાંથી આ લોકો સારા પૈસા ઉપજાવશે. પછી માંસ ભલેને ન વેચાય. માંસ ભલે પડ્યું રહેશે, પણ ચામડાના પૈસા તો સારા મળવાના ને!'

ટંડનજીએ થોડા દિવસ બાદ સરકારને આ અંગે અરજી કરી અને પરિણામે કર્વીમાં કતલખાનું ન બંધાયું.

પણ ટંડનજી પર આ બનાવની એક બીજી જ અસર થઈ. તેમણે વિચાર્યું કે ઢોરોનું ચામડું વેચીને નફો મેળવવાના આશયથી પણ કતલખાના બાંધવામાં આવે છે અને કસાઈઓ ઢોરોનાં જે ચામડાં વેચે છે તેમાંથી પગરખાં બને છે. શું ચામડાનાં પગરખાં પહેરીને એક રીતે હું પણ ઢોરોની કતલમાં ભાગીદાર નથી બનતો?

બીજા જ દિવસે તેમણે ચામડાના બૂટ પહેરવાને બદલે કેન્વાસના પગરખાં પહેરવાનું શરૂ કરી દીધું.

(પ્રત્યેક જૈને ચામડાંના ઉપયોગમાં વિવેક રાખવો જોઈએ. કુદરતી રીતે મરેલા ઢોરના ચામડામાંથી બનેલાં બુટ, ચંપલ વગેરે ખાદી ભંડારમાં મળે છે, તેનો જ ઉપયોગ કરવો જોઈએ; પરંતુ શક્ય હોય તો રેક્સીન કે કેનવાસના પગરખાં જ વાપરવા જોઈએ.)

સૌજન્ય : 'દિવ્યધ્વનિ'

* * *

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | પૂર્ણ પ્રાજ્ઞ વિભૂતિ આચાર્ય શ્રી યુવાચાર્ય મહાપ્રજ્ઞ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આચાર્ય મહાપ્રજ્ઞને ભાવાંજલિ | ડૉ. યોગેન્દ્ર પારેખ | ૫ |
| (૩) | અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૮ |
| (૪) | સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય | પ્રૉ. મહેબૂબ દેસાઈ | ૧૦ |
| (૫) | ભગવાન મહાવીરના વણસ્પર્શ્યા પાસાઓનું જીવંત દર્શન | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૩ |
| (૬) | સામાન્ય લેખન-અશુદ્ધિઓ (૨) | શાંતિલાલ ગઢિયા | ૧૫ |
| (૭) | સહસાવન જઈ વસિએ... | ડૉ. કવિન શાહ | ૧૮ |
| (૮) | જયભિખ્ખુ જીવનધારા-૧૯ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૦ |
| (૯) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨૦ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૨) | પંથે પંથે પાથેય : 'ધર્મ જ કેવલ શરણ' | શ્રી ગાંગજી પી. શેઠિયા | ૨૮ |
| | .OOOOOOOOO.મારો ભાકતવાસી | શ્રી સુરેશ ચૌધરી | ૨૮ |

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૬ ● જૂન ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● જેઠ સુદ –તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂ.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂ. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## પૂર્ણ પ્રાજ્ઞ વિભૂતિ આચાર્ય શ્રી યુવાચાર્ય મહાપ્રજ્ઞ

નવ મે ના રાત્રે અધ્યાત્મ જગતના ઉજ્જવળ નક્ષત્ર, તેરા પંથ સંઘના દશમા આચાર્ય વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પૂ. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીના મહાપ્રયાણના સમાચાર સાંભળ્યા ત્યારે હૃદય એક ધબકારો ચૂકી ગયું. એક તિવ્ર વસવસાએ હૃદયને ચિત્કારથી ભરી દીધું. દુર્ભાગ્ય ઉપર શાપ વરસાવવાનું મન થઈ ગયું. આ યુગના આ મહાપુરુષના દેહદર્શનથી કેમ વંચિત રહેવાય ગયું?

હજુ થોડા સમય પહેલાં જ પૂ. આચાર્યશ્રીના પ્રબુદ્ધ જ્ઞાનની વિદ્વાન મિત્ર નીતિન સોનાવાલા અને દીપ્તિબહેન સાથે ચર્ચા કરતી વખતે મેં એમને વિનંતિ કરી હતી કે હવે આપ દંપતી જ્યારે પૂજ્યશ્રીના દર્શન કરવા જાવ ત્યારે મને લઈ જજો, મારે પૂજ્યશ્રીના દર્શન કરી તીર્થંકર દર્શનની આનંદ અનુભૂતિ કરવી છે. ભાઈ નીતિનભાઈએ મને વચન આપ્યું, પરંતુ મારું ભાગ્ય બળવાન હોવું જોઈએ ને? હવે આ વસવસા સાથે જ જીવવું જ રહ્યું.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રી અને શ્રીમતી અંજુ કિરણ શાહ**
**પ્રેક્ષાધ્યાન સાધના કેન્દ્ર, વિલેપાર્લે–મુંબઈ**
**સ્મૃતિ–શ્રધ્ધાંજલિ**
**પ્રેક્ષાપ્રણેતા આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી**

આઝાદી પહેલાં તો ભારતના 'તત્ત્વ'નું ઉત્થાન કરે એવા ઘણાં મહાપુરુષો આપણને મળ્યા. અને આઝાદી પછી ય ઘણાંય મહામાનવો આ ધરતી ઉપર વિચર્યા, પરંતુ મારી સમજ પ્રમાણે એમાંના ત્રણ તો ગજબના પ્રજ્ઞાવાન, ઓશો રજનીશ, જે. કૃષ્ણમૂર્તિ અને આચાર્ય મહાપ્રજ્ઞ.

લગભગ પંચાવન વર્ષ પહેલાં આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આચાર્ય રજનીશજીને વક્તવ્ય આપવા નિમંત્ર્યા હતા. આચાર્ય રજનીશને શોધવાનું મુખ્ય શ્રેય સંઘના એ વખતના કાર્યકર અને એક સમયના પ્ર.જી.ના તંત્રી પત્રકાર જટુભાઈ મહેતાને ફાળે જાય એવું મને સ્મૃતિમાં છે, કારણ કે એ વખતે જબલપુરથી આવેલા દર્શનશાસ્ત્રના પ્રોફેસર રજનીશનું પહેલું વ્યાખ્યાન સી. પી. ટેન્કના હિરાબાગમાં આ સંસ્થાએ યોજ્યું હતું. ત્યારે તો હું કૉલેજમાં હતો, પણ સંઘની પ્રવૃત્તિઓના આકર્ષણને કારણે એ વક્તવ્ય સાંભળવા હું પણ ગયો હતો, અને એ રજનીશજી મારા ઉપર છવાઈ ગયા. પછી તો સમગ્ર મુંબઈ ઉપર, ભારત ઉપર અને પરદેશમાં પણ રજનીશજી છવાઈ ગયા. રજનીશના પ્રવચનો અને ટેપ સાંભળવાનું અને પુસ્તકો વાંચવાનું મને 'ઘેલું' લાગ્યું. માનો હું સંમોહિત થઈ ગયો! રજનીશ આ યુગના અપ્રતિમ બુદ્ધિશાળી માનવ હતા. એમના જેટલું વાંચન ભાગ્યે જ કોઈ તત્ત્વજ્ઞએ કર્યું હશે.

પરંતુ એક વળાંકે રજનીશ મને ન ગમ્યા. વિચાર આચારમાં ખૂબ જ વિરોધાભાસ લાગ્યો. આચાર્ય રજનીશ, ભગવાન રજનીશ, ઓશો રજનીશ અને રજનીશ કંઠી તેમજ ભગવા કપડાં ધારણ કરવા ઉપરાંત સ્વૈર વિહાર, મુક્ત આચાર, આ બધું ગમ્યું નહિ. જે 'છોડતા' શીખવે એ નવું 'પહેરાવે' શા માટે? ન સમજાયું. રજનીશજીના શબ્દો કથા અને ભાષાનો આનંદ આપે, તાર્કિક

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

દલીલોનો ઝૂમખો પીરસી દે, રજનીશજીમાંથી મસ્તી મળે પણ સમાધાન અને શાંતિ ન મળે એવું અનુભવાયું. રજનીશજીમાં વિવાદો અને વિરોધો એટલા કે આપણે અટવાઈ જઈએ.

કોઈ પણ વિચાર જ્યારે ઘેન, આસવ કે ટેવ-આદત-વિચાર તરફ આપણને દોરી જાય ત્યારે બુદ્ધિમાન મનુષ્યે તરત જ સજાગ થઈ, મુગ્ધતાને ખંખેરીને 'વિવેક'ના પ્રદેશમાં પ્રવેશી જવું. શ્રી ચીમનલાલ ચકુભાઈ કહેતા કે, જ્યારે એવી પરિસ્થિતિ આવે કે 'આ ક્રિયા કર્યા વગર મને ચેન ન પડે' ત્યારે આત્મા, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો સાથે થોડી વાતો કરી લેવી. વળગણ છૂટી જશે અને યોગ્ય નિર્ણય મળી રહેશે.

એ સમયે પ્રત્યેક ફેબ્રુઆરી મહિનામાં જે. જે. સ્કૂલ ઓફ આર્ટના મેદાનમાં જે. કૃષ્ણમૂર્તિના પ્રવચનો યોજાય. જે. કૃષ્ણમૂર્તિ પાસે રજનીશ જેવો વંટોળ નહિ, પણ તર્કશુદ્ધ દલીલોનો શાંત બૌદ્ધિક ખજાનો ખરો જ. એમને વાંચો એટલે ઘણી બેડીઓ અને ગ્રંથિઓ છૂટી જાય. હળવા થઈ જવાય, પણ પ્રમાણિત તત્ત્વ અને સત્ય ત્યાંથી પણ પ્રાપ્ત ન થયું. ઉપરાંત વિચાર અને આચારની સંવાદિતા પણ જે. કૃષ્ણમૂર્તિમાં શોધવી પડે.

આ બંને બૌધિકોમાંથી પમાય ઘણું છતાં તરસ્યા રહ્યાનો અહેસાસ તો થાય જ. આ આ લખનારનો અનુભવ છે.

અને આ શાંતિ, આ સમાધાન મને **આચાર્ય મહાપ્રજ્ઞના** શબ્દોમાંથી મળ્યા. સૌથી પહેલું 'મન જિતે જીત' પુસ્તક હાથમાં આવ્યું, અને પછી તો શક્ય એટલું પૂ. મહાપ્રજ્ઞજીનું હિંદી-ગુજરાતીમાં પ્રગટ થયેલ સાહિત્ય વાંચવાની ઝંખના જાગી. શક્ય એટલું વાંચ્યું. પ્રત્યેક પુસ્તકમાં નવા જ્ઞાનાકાશના દર્શન થાય. શાસ્ત્રોનો પૂરો આધાર, તાર્કિક દલીલો, વૈજ્ઞાનિક અભિગમ, ભારોભાર સર્જકતા અને મૌલિકતા, સરળ શૈલી અને પોતાના વિચારના પ્રચારનો જરાય આગ્રહ નહિ. 'મારે શરણે આવ,' કે 'મને માન'માં એવો આગ્રહ તો જરાય નહિ. અભ્યાસ અને આંતર દર્શનથી પૂજ્યશ્રીએ જે 'જાણ્યું' તે એઓશ્રીએ આપણને 'જણાવ્યું'. વાચકને વિચારવાની પૂરી સ્વતંત્રતા આપે એવું મહાપ્રજ્ઞજીનું શબ્દકર્મ. તેરાપંથના વિશાળ સંપ્રદાયનું સંચાલન કરતાં કરતાં, સાધુ જીવનની આચારસંહિતાને પૂર્ણ રીતે પાળતા પાળતા આટલું ભવ્ય સર્જન કરવું એ કોઈ ઋતુંભરા પ્રજ્ઞા પામેલ મહામાનવ જ કરી શકે. વિશેષ તો વિચાર અને આચારની પૂરી સંવેદિતા, જેવી વાણી એવું જ જીવન, જેવા વિચારો એવા આચારો. ગાંધીજીની જેમ સત્ય તત્ત્વના શોધક અને આગ્રહી.

આચાર્ય મહાપ્રજ્ઞજીનું જીવન કર્મ માત્ર જૈન શાસન સુધી જ મર્યાદિત ન હતું. પૂજ્યશ્રી આ ધરતીના માનવ હતા. એઓશ્રીના કર્મ અને સંદેશનો વ્યાપ વિરાટ હતો. વ્યક્તિથી સમષ્ટિ સુધી હતો. પૂજ્યશ્રીનું કર્મ અને સંદેશ સમગ્ર રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય જન-જીવન સુધી વિસ્તર્યું હતું. એમાંય પૂજ્યશ્રીની ભારત અહિંસા યાત્રાનું કાર્ય તો સુવર્ણ શિખર જેવું હતું.

આવી મહાવિભૂતિના જીવન અને સર્જન વિશે તો અનેક શોધ પ્રબંધો લખાય.

આચાર્ય હેમચંદ્રાચાર્ય અને ઉપાધ્યાય યશોવિજયજી પછી જૈન શાસનને કદાચ આ મહાપુરુષ મળ્યા એ જૈન જગતનું મહા સદ્ભાગ્ય.

મારા વિદ્વાન મિત્ર ડૉ. યોગેન્દ્ર પારેખે મહાપ્રજ્ઞજીના પુસ્તકોના અનુવાદ કર્યા છે, એટલે પૂજ્યશ્રી વિશે લેખ લખવાની વિનંતિ મેં એમને કરી, તેમજ મારા મુરબ્બી મિત્ર રશ્મિભાઈ ઝવેરીએ મારો મૌન શબ્દભાવ સમજીને પૂજ્યશ્રી વિશે લેખ લખીને મોકલ્યો. ડૉ. રશ્મિભાઈ ઝવેરી તો પરમ સદ્ભાગી કે એઓ પૂજ્યશ્રીના સંપર્કમાં વરસોથી રહ્યા.

આ બે મહાનુભાવોના લેખ આ અંકમાં છે, એમાં પૂજ્યશ્રી વિશેની વિશેષ વિગતો આવી જાય છે, એટલે પૂજ્યશ્રી વિશે લખી અહીં કોઈ પુનરાવર્તન કરતો નથી. પરંતુ પૂજ્યશ્રી વિશે જેટલું લખાય એ બિન્દુ સમાન જ લાગે, એવી ભવ્ય અને વિરાટ એ પ્રતિભા હતી.

પૂજ્યશ્રીના જીવન અને સાહિત્ય સર્જનમાં ભવિષ્યની પેઢી જ્યારે ઊંડી ઊતરશે ત્યારે એ પેઢીને જરૂર આશ્ચર્ય થશે કે આવી ભવ્ય પ્રજ્ઞા આ ધરતી ઉપર ખરેખર વિચરી હતી!

મોક્ષગામી એવા પૂજ્યશ્રીના આત્માને કોટિ કોટિ વંદન.

❑ **ધનવંત શાહ**

drdtshah@hotmail.com

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા શનિવાર તા. ૪-૯-૨૦૧૦ થી શનિવાર તા. ૧૧-૯-૨૦૧૦ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

**વ્યાખ્યાનમાળા સ્થળ :** પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ **મંત્રીઓ**

# આચાર્ય મહાપ્રજ્ઞજીને ભાવાંજલિ

❑ ડૉ. યોગેન્દ્ર પારેખ

જૈન ધર્મસંઘ તેરાપંથના દસમાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ તાજેતરમાં પોતાની જીવનલીલા સંકેલી લીધી. ૧૪મી જૂન ૧૯૨૦ના રોજ રાજસ્થાનના ટમકોર જેવા ગામમાં જન્મ અને ૯મી મે-૨૦૧૦ના રોજ સરદાર શહેર રાજસ્થાનની ધરતી પર મહાપ્રયાણ. તેરાપંથના આઠમા આચાર્ય પૂજ્ય કાલૂગણીજી પાસે ૨૯ જાન્યુ. ૧૯૩૧ના દિવસે સંયમ જીવનનો પ્રારંભ કર્યો. નવ દાયકાની જીવનયાત્રામાં આઠ દાયકાનું સાધુ જીવન! આચાર્ય પદ પ્રાપ્તિ પૂર્વેનું નામ – મુનિ નથમલ! બાળમુનિ નથમલને પૂજ્ય કાલૂગણિ ગુરુએ વિદ્યા પ્રાપ્તિ માટે તેજસ્વી યુવા મુનિ તુલસીની નિશ્રામાં મુક્યા! પ્રાકૃત ભાષામાં દશવૈકાલિકથી મુનિ નથમલની વિદ્યાયાત્રાનો પ્રારંભ થયો. તેઓ વિરલ વિદ્યાતપસ્વી હતા. મહાપ્રજ્ઞ ગુણ-નામને સાર્થક કરે તેવું ઉજ્જવળ જીવન રહ્યું. સાડા છ દાયકા પૂર્વે – છેક ૧૯૪૫થી લેખન-સર્જનનો પ્રારંભ કર્યો. મુનિ તુલસીની નિશ્રામાં પ્રજ્ઞાજ્યોત ઝળહળતી રહી! નિત્ય વિકસતી પ્રજ્ઞાની સર્જનયાત્રાના વિવિધ પડાવો મહાપ્રજ્ઞજીના વિદ્યાતપ અને સાધનાના વ્યાપનું દર્શન કરાવે છે.

આચાર્ય મહાપ્રજ્ઞ માત્ર જૈનાચાર્ય નહોતા! જેમ મહાવીર માત્ર જૈનોના નથી તેમ મહાપ્રજ્ઞજી પણ સાંપ્રદાયિક ચેતનાના સીમાડાઓને ઓળંગીને વિસ્તરતા રહ્યા! વિચરતા રહ્યા. જૈનધર્મના સાધુ જીવનના આચારનો લોપ કર્યા વગર તેઓ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધી શક્યા! તેઓ ખરા અર્થમાં એકવીસમી સદીના જૈન આચાર્ય હતા. જૈનધર્મ જનધર્મ બનવાની ક્ષમતા ધરાવે છે. તેવી સૂઝબૂઝથી તેમનું ચિંતન સર્વજનહિતાય પ્રસ્તુત થતું રહ્યું. સમકાલીન જીવનની સમસ્યાઓથી કદી મોં ફેરવ્યું નહિ. 'સમસ્યા' અને 'સમાધાન' એમના ચિંતનમાં નિત્ય પડઘાતા શબ્દો હતા. સમયની નાડ પર હાથ મુકીને તેઓ સમસ્યાનું નિદાન કરતા હતા.

આચાર્ય મહાપ્રજ્ઞનું સાધુ જીવન અને સાહિત્ય યાત્રા અનેક રીતે નોંધપાત્ર છે. વિરલ આધ્યાત્મિક વિભૂતિની સમગ્ર જીવનયાત્રા જૈનધર્મના આચરણ સૂત્રની મર્યાદામાં રહીને પણ સમગ્ર અધ્યાત્મ વિશ્વને માર્ગદર્શક નીવડે એવી તેજોમય રહી છે.

રાષ્ટ્રના ચરિત્ર નિર્માણ હેતુ આચાર્ય તુલસીએ અણુવ્રત આંદોલનનો પ્રારંભ કર્યો. અણુવ્રતને નક્કર દાર્શનિક સ્વરૂપમાં લોકો સમક્ષ મૂકી જીવન સુધારણાનો સરળ અને સમ્યક્ માર્ગ તેમણે લોકો સમક્ષ રજૂ કર્યો. જૈનેતરોમાં અને પ્રશિષ્ટ બૌદ્ધિક વર્તુળોમાં તેમની ઓળખ 'અણુવ્રત'વાળા સાધુ તરીકે પ્રતિષ્ઠિત છે. આ પંચમહાવ્રતધારી મહાત્માએ આચાર્ય તુલસી પ્રેરિત અણુવ્રત આંદોલન દ્વારા સર્વસાધારણ લોકો માટે નૈતિક મૂલ્યોનું જતન થાય એવી જીવનશૈલીનો માર્ગ પ્રશસ્ત કર્યો.

સ્વસ્થ સમાજ સંરચના અને વ્યક્તિત્વ નિર્માણમાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. શિક્ષણક્ષેત્રે સુધારણા અને પ્રયોગો પણ આચાર્યશ્રીના ચિંતનના કેન્દ્રમાં હતા. ગાંધીજીએ શિક્ષિતોની સંવેદનશૂન્યતા વિષે ખેદની લાગણી વ્યક્ત કરેલી. એ રીતે જ આચાર્યશ્રીએ શિક્ષિત વ્યક્તિઓ દ્વારા આચરવામાં આવતી હિંસા, અનીતિ, અપરાધ, ભ્રષ્ટાચાર જોઈને જીવનવિજ્ઞાન સ્વરૂપે પાઠ્યક્રમ આપી સમસ્યાનું સમાધાન કરવાનો માર્ગ આપ્યો.

પરંપરાગત પાઠ્યક્રમો અને શિક્ષણપદ્ધતિને તેમણે નકામી નથી ગણી પણ તેમાં રહેલી અધૂરપને દૂર કરવા માટે નવો પાઠ્યક્રમ અને પ્રયોગોની આવશ્યકતા હતી. વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શારીરિક અને બૌદ્ધિક વિકાસને પૂરતી તક છે પણ માનસિક વિકાસ અને ભાવાત્મક વિકાસ માટે પૂરતું ધ્યાન અપાયું નથી. નોકરિયાત તૈયાર થાય પણ માણસ ન બને એવું શિક્ષણ સાવ નકામું નહિ પણ અપૂરતું જરૂર ગણાય.

જીવન વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ છે. (૧) સ્વસ્થ વ્યક્તિનું નિર્માણ (૨) હિંસા, શોષણ અને અનૈતિકતામુક્ત નવા સમાજનું નિર્માણ (૩) અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધતી નવી પેઢીનું નિર્માણ.

વ્યક્તિ જીવનમાં નિષેધાત્મક ભાવોની સક્રિયતા ઓછી થાય. પ્રામાણિકતા, અનુકંપા, કરુણા, જીવદયા, ક્ષમા જેવા ભાવો વિકસિત થાય તેવા વિદ્યાર્થીભોગ્ય પ્રયોગો જીવનવિજ્ઞાનની વિશેષતા છે. જીવનવિજ્ઞાનનો પાઠ્યક્રમ આચાર્ય મહાપ્રજ્ઞજીએ નિર્માણ કર્યો. વ્યવહાર અને પ્રયોગોની ભૂમિકાએ તેના નક્કર સ્વરૂપનું રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોની શાળાઓમાં અમલીકરણ પણ થયું. નૂતન માનવનિર્માણની આચાર્યશ્રીની સંકલ્પના એમની મનુષ્ય પ્રત્યેની કરુણાનો વિસ્તાર હતો. માત્ર આદર્શોની પોથી નહિ પણ પ્રયોગભૂમિ પ્રસ્તુત કરીને પોતાના વિચારોને પણ મૂર્ત સ્વરૂપ આપવાની કસોટીમાંથી પાર ઉતાર્યા.

આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા છે કે 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય.' માણસનો સ્વભાવ બદલી શકાતો નથી એવો ખ્યાલ પ્રબળ છે. આચાર્ય મહાપ્રજ્ઞ પ્રણિત પ્રેક્ષાધ્યાન પદ્ધતિએ આ ખ્યાલને બદલી નાંખ્યો. પ્રેક્ષાધ્યાન પદ્ધતિ દ્વારા માનવીની આદતો અને સ્વભાવને બદલી સંપૂર્ણ વ્યક્તિત્વ રૂપાંતરણ શક્ય બને છે. પ્રેક્ષાધ્યાન પદ્ધતિ એ જૈન આગમ સાહિત્યમાં સમાવિષ્ટ ધ્યાન પ્રક્રિયાના સૂત્રોનું સમાર્જિત રૂપ અને વિજ્ઞાનના આધારનો સમન્વય છે.

પ્રેક્ષાધ્યાનને લોકો સમક્ષ લાવતાં પહેલાં ખુદ આચાર્યશ્રીએ

પોતાના શરીર પર ધ્યાન-સાધનાનાં વિરલ પ્રયોગો કર્યા. ધ્યાન-યોગની કઠોર સાધનાના ફળસ્વરૂપે આંતરિક શક્તિઓ જાગ્રત થઈ. ૩જી માર્ચ, ૧૯૭૭ના રોજ ધ્યાન કેન્દ્રિત એકાંતવાસ અનુષ્ઠાનનો આચાર્યશ્રીએ આરંભ કર્યો. આ નવમાસિક અનુષ્ઠાનમાં આત્મકલ્યાણની સમાંતરે લોકકલ્યાણની ભાવના પણ સમાયેલી હતી. દેશના અનેક રાજ્યોમાં જ્યાં જ્યાં આચાર્યશ્રીએ વિચરણ કર્યું ત્યાં ત્યાં વિવિધ જેલોમાં કેદીઓ માટે, પોલીસ અધિકારીઓ માટે અન્ય વિવિધ જનસમૂહોમાં પ્રેક્ષાધ્યાનના પ્રયોગો થયા અને થઈ રહ્યા છે.

જીવનના ઉત્તરાર્ધમાં કહો કે અંતિમ દાયકો અહિંસાયાત્રાનો રહ્યો. સાહિત્ય સર્જન સાધનાની સમાંતરે અહિંસાનું પ્રશિક્ષણ અને પ્રયોગ તેમની પ્રવૃત્તિના કેન્દ્રમાં હતા. વર્ષ ૨૦૦૧ની પાંચમી ડિસેમ્બરે રાજસ્થાન-સુજાનગઢથી અહિંસાયાત્રાનો પ્રારંભ થયો. આ અહિંસાયાત્રા – એ પરંપરાગત સાધુવિહાર ન હતો. લોકકલ્યાણની ભાવના અને ભાવપરિવર્તનનો પરમ ઉદ્દેશ હતો. હિંસાના મૂળમાં ગરીબી છે એવી ગાંધીભાવનાનું વિસ્તરણ મહાપ્રજ્ઞ ચેતનામાં અહિંસાયાત્રા રૂપે આવિષ્કાર પામે છે. અહિંસાયાત્રા દરમિયાન છેવાડાનાં માણસ સાથે સંવાદ કરતાં રહ્યા. રોજગારી નિર્માણ માટે કાર્યકરોને માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું. સાધનસંપન્ન જૈન સમુદાયની રોજગારી નિર્માણ ક્ષેત્રે વિશેષ જવાબદારી છે એમ કરુણાપૂર્વક સમજાવ્યું. ખાસ કાર્યકરોને ગરીબો પ્રત્યે લક્ષ્ય આપવાનું કામ સોંપ્યું. 'ગરીબી હટાવો' જેવા સૂત્રોનું બંધન કે રાજનીતિ ન હતી પણ સંતહૃદયની શીતળતાનો લેપ હતો. ધર્મ-અધ્યાત્મની વાતોના કેન્દ્રમાં સામાન્ય માણસ આવે એ જરૂરી હતું.

૨૦૦૧માં શરૂ થયેલી આ યાત્રાનો મહત્ત્વનો પડાવ હતો ગુજરાત. વર્ષ ૨૦૦૨માં ગુજરાત કોમી આગમાં સળગતું હતું. એવા દિવસોમાં અહિંસાયાત્રા અમદાવાદ મુકામે આવી. વેરઝેરના વાતાવરણને દૂર કરવામાં અને સામાજિક સમરસતા નિર્માણ કરવામાં મહાપ્રજ્ઞજીએ મહત્ત્વની ભૂમિકા ભજવી વિવિધ ધર્મ-સંપ્રદાયના આગેવાનો સાથે વિમર્શ કરી અમદાવાદની પરંપરાગત રથયાત્રા જેવા ધાર્મિક પ્રસંગને હિંસા ભરખી ન જાય તે માટે શાંતિ સ્થાપી. ગાંધીનું ગુજરાત અહિંસાની પ્રયોગભૂમિ બને એવો સંકલ્પ ચરિતાર્થ કરવામાં મહાપ્રજ્ઞજીએ કોમી દાવાનળનો કસોટીભર્યો સમય પસંદ કર્યો અને ૧૨ જુલાઈ ૨૦૦૨ની રથયાત્રાના નાજુક સમયને સદ્ભાવનો કળશ ચઢાવ્યો.

વર્ષ ૨૦૦૯ની ચોથી જાન્યુઆરીએ આ અહિંસાયાત્રા સંપન્ન થઈ. રાજસ્થાન, ગુજરાત, દમણ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, પંજાબ અને ચંડીગઢના ૮૭ જિલ્લાઓ અને ૨૦૪૫ ગામો સુધી પ્રસરેલી અહિંસાયાત્રા મહાપ્રજ્ઞજીના તપોમય જીવનની મહાન ઉપલબ્ધિ ગણાય.

અણુવ્રત આંદોલન, પ્રેક્ષાધ્યાન, જીવનવિજ્ઞાન અને અહિંસાયાત્રાના પ્રણેતા અને પ્રયોગવીર એવા આચાર્ય મહાપ્રજ્ઞની સર્વાશ્લેષી ચેતનાના કેન્દ્રમાં વિશ્વકલ્યાણની ભાવના હતી. જૈન-જૈનેતરના ભેદ ન હતા. ગ્લોબલ વોર્મિંગની વિકટ સમસ્યાથી ત્રસ્ત વિશ્વને માટે પર્યાવરણ જાગૃતિની ચેતના પણ હતી. આધુનિક જીવનશૈલી, ભોગવાદી માનસિકતા અને ઉપભોકતાવાદે જન્માવેલી વિષમતાઓના મૂળમાં જઈને તેમણે ચિંતન કર્યું. સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય અને બ્રહ્મચર્ય જેવા સિદ્ધાંતોને – વ્રતોને પ્રયોગભૂમિએ સમ્યક્ સ્વરૂપે લોકભોગ્ય સ્વરૂપે રજૂ કર્યા.

મહાપ્રજ્ઞજીએ ધાર્મિક ઉપદેશની પરંપરાથી ઉફરા ચાલીને નીતિનિષ્ઠ જીવનશૈલીનો આગ્રહ રાખ્યો. સાધુજીવનમાં અહંકાર વિસ્તરણના સ્મારક જેવા ભવ્યાતિભવ્ય ધર્મસ્થાનકો બાંધવાની સ્પર્ધાથી દૂર રહ્યા. લાડનૂ વિશ્વવિદ્યાલય જેવી શિક્ષણ સંસ્થાની સ્થાપના તુલસી-મહાપ્રજ્ઞ સાધનામાર્ગનું શિખર ગણાય. તેમણે સ્વાધ્યાય પર ભાર મૂક્યો. તેમની નિશ્રામાં એક હજાર જેટલા સાધુ-સાધ્વીઓમાં મોટા ભાગના ઉચ્ચશિક્ષિત અને ભાવદીક્ષિત છે. સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલ અનુયાયી સંયમી સાધકોની સંખ્યા આદર જન્માવે તેટલી છે.

તેરાપંથની સર્વ પ્રવૃત્તિને મહાપ્રજ્ઞજીનું વિરલ નેતૃત્વ સાંપડ્યું. તેરાપંથ-જૈનધર્મનો એક ફાંટો ન રહેતા વિશિષ્ટ જીવનરીતિ અને નીતિરીતિનો માર્ગદર્શક સંઘ બની રહે એવો વ્યાપ વિસ્તાર આચાર્ય મહાપ્રજ્ઞજીની ચિંતનશીલ સક્રિયતા, સમસામયિક જાગૃતિ તથા સામાજિક પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

માત્ર આત્મસાધનામાં મગ્ન રહ્યા હોત તો સમકાલીન જીવનની સમસ્યાઓ અને અરાજકતાઓથી તેઓ બેખબર હોત. આત્મકલ્યાણ જેટલી જ રાષ્ટ્રકલ્યાણ અને વિશ્વકલ્યાણની અનિવાર્યતા તેમણે નિહાળી. શાશ્વત મહામૂલ્યોને કેન્દ્રમાં રાખ્યા પણ તેમણે કહ્યું કે, 'વર્તમાન સમસ્યાઓનું સમાધાન ન આપે તે ધર્મ મનુષ્યના કામનો નથી. અનેકાંતદૃષ્ટિથી જ તેઓ સમાધાન શોધતા. માત્ર જૈનાચાર્ય તરીકે જીવવું કે પ્રબોધન કરવું તેમને માટે મુશ્કેલ હતું. અસીમના યાત્રી હોવાના કારણે જનજનના હૃદય સુધી પહોંચે એવી જીવનોદ્ધારક વાતો તેમણે કહી. લોકપ્રિય શૈલીમાં કહી અસંખ્ય ઉદાહરણો – વાર્તાઓ – લઘુકથાઓ ને વ્યાખ્યાનમાં વણી લીધા. સંસ્કૃતના મહાપંડિત, આગમ સંપાદક, શીઘ્રકવિ અને મેધાવી પ્રજ્ઞા છતાં સહજ વક્તવ્ય, શૈલીની સરળતા, હૃદયમાં કરૂણા તેમનો વિશેષ.

શિક્ષકો અને રાજનેતાઓ પરનો તેમનો પ્રભાવ સમ્યક્ અર્થમાં સમાજકલ્યાણ માટે અનિવાર્ય રહ્યો. જરૂર પડ્યે શાસકો સાથે સંવાદ સાધી સમસ્યાઓ અંગે વિમર્શ પણ કરતા. પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી. જે અબ્દુલ કલામ સાથે એક પુસ્તક પણ કર્યું. અબ્દુલ કલામ સાથે અવિરત ચિંતન અને પરિણામલક્ષી કામગીરી માટે પણ પ્રવૃત્ત થયા.

અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિક પણ આચાર્યશ્રીના માત્ર

પરંપરાગત ધાર્મિક માન મોભા કે આભાવર્તુળથી આકર્ષાયા ન હતા. પણ મહાપ્રજ્ઞજીના ચિંતન-મનન સ્વાધ્યાય અને જીવન તથા અધ્યાત્મ અને વિજ્ઞાન સમન્વયનું સંગમતીર્થ જોઈને સ્વસ્થ પ્રજ્ઞાથી આપણા સમયના ઋષિ કક્ષાના વૈજ્ઞાનિકને સહચિંતન કરવાનું અનુસરણ કરવાનું અનિવાર્ય લાગ્યું. ઉલ્લેખનીય છે કે આચાર્યશ્રીના અંતિમ દર્શનાર્થે વેળાસર અબ્દુલ કલામ પહોંચી ગયા.

આચાર્ય મહાપ્રજ્ઞના સાહિત્ય સર્જનની આચાર્ય તુલસીના સાન્નિધ્યમાં – માર્ગદર્શનમાં ૧૯૪૫થી શરૂઆત થઈ. પ્રારંભે 'ભિક્ષુ વિચાર દર્શન'માં તેરાપંથના સ્થાપક આચાર્ય વિષેનો ગહન અધ્યયન ગ્રંથ આવ્યો. 'ફૂલ ઔર અંગારે'ની કવિતામાં કેન્દ્રમાં જૈનધર્મ દર્શન નથી પણ સાહિત્યિક સર્જકતાનો ઉન્મેષ છે. પ્રથમ પુસ્તક 'જીવ-અજીવ' જૈનદર્શનના જિજ્ઞાસુ વિદ્યાર્થી માટેનું પુસ્તક ગણાય.

'જૈનદર્શન' કે મૌલિક તત્ત્વ 'અહિંસા તત્ત્વદર્શન'માં ચિંતનની સૂક્ષ્મતા અને સર્વવ્યાપકતા છે. બસો ઉપરાંત ગ્રંથમાં વિસ્તરેલી મહાપ્રજ્ઞ ચેતના વિષે વિસ્તૃત મહાનિબંધની અપાર શક્યતાઓ રહેલી છે. જૈન આગમ સંપાદન અને સૂક્ષ્મ વિવેચન ઉપરાંત 'ઋષભાયણ' જેવા મહાકાવ્યનું સર્જન પણ તેમણે કર્યું. મનની અપાર ક્ષમતાઓ અને સૂક્ષ્મતાઓ વિષે 'મન જીતે જીત' – 'કોણે કહ્યું મન ચંચળ છે' જેવા પુસ્તકો વિશેષ અભ્યાસ લેખની ગરજ સારે એટલો પટ રોકે તેમ છે. જિજ્ઞાસુએ અનિવાર્ય પણે આ ગ્રંથો વાંચવા રહ્યા.

'પ્રેક્ષાધ્યાન' શ્રેણીની અગિયાર પુસ્તિકાઓ; 'આહાર અને અધ્યાત્મ' જેવું આરોગ્યલક્ષી ચિંતન, તથા 'સૂર્યકિરણ ચિકિત્સા' – પ્રયોગવીર આચાર્યના સ્વાધ્યાય – સાધના વૈવિધ્યનો પરિચય કરાવે છે. 'મહાવીરનું અહિંસા દર્શન', 'મહાવીરનું અર્થશાસ્ત્ર', 'ચેતનાનું ઊર્ધ્વારોહણ', 'મુક્ત ભોગની સમસ્યા', 'મનન અને મૂલ્યાંકન' જેવા ગ્રંથો ગુજરાતી અનુવાદ દ્વારા પ્રબુદ્ધ નાગરિકોમાં પણ વ્યાપક આવકાર પામ્યા છે.

ગુજરાતમાં મહાપ્રજ્ઞ-સાહિત્યની રાજધાની અમદાવાદ છે. અનેકાંત ભારતી પ્રકાશન દ્વારા આચાર્ય મહાપ્રજ્ઞજીનાં એકસો ચાલીસ જેટલા પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ થયાં છે. પ્રકાશન સંસ્થાના સ્થાપક શ્રી શુભકરણજી સુરાણા ૮૫ વર્ષની વયે પણ અનુવાદ-પ્રકાશન પ્રવૃત્તિમાં સક્રિય છે. કિશોરવયથી મહાપ્રજ્ઞજીના એકનિષ્ઠ આરાધક છે. 'મહાપ્રજ્ઞ સાહિત્ય પુરસ્કાર'થી પુરસ્કૃત શુભકરણજીના સુપુત્ર શ્રી સંતોષકુમાર સુરાણા હાલ પ્રકાશન પ્રવૃત્તિ સંભાળે છે.

મહાપ્રજ્ઞ સાહિત્યના ગુજરાતી અનુવાદ ક્ષેત્રે પં. દલસુખભાઈ માલવણિયા, રતિલાલ દીપચંદ દેસાઈ, પ્રાકૃત ભાષા સાહિત્યના વિદ્વાન ડૉ. આર. એમ. શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી રોહિત શાહ તથા આ લખનારે પ્રદાન આપ્યું છે.

મહાપ્રજ્ઞ સાહિત્ય અને મહાપ્રજ્ઞ દર્શન વિશેષ અભ્યાસનો અવકાશ રચે છે. એક સમર્થ જૈનાચાર્ય સાંપ્રદાયિક સંકુચિતતાથી દૂર રહીને દરેક કાળના મનુષ્યને પ્રસ્તુત એવું ચિંતન પ્રયોગ ભૂમિથી પ્રસ્તુત કરે અને વ્યાપક સ્વીકૃતિ પામે એ જ આપણા સમયની મહાન ઘટના છે. ધર્મ-વિજ્ઞાનના આલોકમાં ઝળહળતી શાશ્વત ચેતનાને શત શત પ્રણામ! નવનિયુક્ત આચાર્ય મહાશ્રમણજીનાં સમયમાં મહાપ્રજ્ઞયુગ વિસ્તરતો રહે એવી અભ્યર્થના! ✷✷✷

૬, અરનાથ એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે,
મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨
ફોન : ૯૭૨૫૨ ૭૪૫૫૫, ૯૪૨૭૯ ૦૩૫૩૬

### ધ્યાન દ્વારા પડછાયાથી દૂર મૂળ પ્રતિમા સુધી પહોંચી શકાય

ધ્યાન એ એક સશક્ત માધ્યમ છે. આજની સૌથી મોટી સમસ્યા જો કોઈ હોય તો તે નકલીની, પડછાયાની છે. મૂળ બિચારૂં ક્યાં છે, છાયા ક્યાંક છે અને પડછાયો પૂજાય છે.

એક માર્મિક વાર્તા છે. એક ચિત્રકારે ખૂબ મહેનત કરી એક સુંદર ચિત્ર બનાવ્યું. એમાં એક ગ્રામ્ય નારીનું ચિત્ર હતું. આખું ચિત્ર ખૂબ જ સુંદર હતું, ગ્રામ્ય નારી સુંદરતાની પ્રતિમૂર્તિ હતી, સહજ સૌંદર્ય, પ્રાકૃતિક સૌંદર્ય હતું. એક શહેરમાં પ્રદર્શનમાં ચિત્રકારે પોતાનું ચિત્ર મૂક્યું. એક વ્યક્તિએ આવીને એનું ચિત્ર પચાસ હજાર રૂપિયામાં ખરીદ્યું.

એ ચિત્ર લઈને બહાર નીકળ્યા. દરવાજાની બહાર એક સુંદર સ્ત્રી ભીખ માંગી રહી હતી, 'પાંચ-દસ પૈસા આપો.' પચાસ હજાર રૂપિયા આપી ખરીદી કરનાર વ્યક્તિએ એ સ્ત્રીને ધુત્કારી. એ સ્ત્રીની નજર પેલી વ્યક્તિના હાથમાંના ચિત્ર પર પડી પરંતુ એ કંઈ ન બોલી અને ચકિત થઈ ગઈ, અચંબામાં પડી ગઈ, સ્તબ્ધ થઈ ગઈ, એ ચિત્ર એનું પોતાનું જ હતું. જરા વિચાર કરો, દુનિયા કેવી છે? બિંબ યાને મૂળ પૈસા માટે ભીખ માંગે છે અને પ્રતિબિંબ પચાસ હજારમાં વેચાય છે. કેવી વિડંબના! ધ્યાન સિવાય બીજું કોઈ માધ્યમ એવું નથી જે તમને પ્રતિબિંબથી દૂર મૂળ સુધી પહોંચાડે. પડછાયાને પ્રતિબિંબનું રૂપ કદિ ન આપી શકાય. પડછાયો એ પડછાયો અને પ્રતિમા એ પ્રતિમા.

❑ **આચાર્ય મહાપ્રજ્ઞ**

(અનુવાદ : **પુષ્પા પરીખ**)

# અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ

☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

ટમકોર (રાજસ્થાન)માં જન્મેલા એક ૧૧ વર્ષના અબુધ સરળ અને ભોળા બાળકે માતાના સંસ્કાર અને સત્સંગથી ઉત્પન્ન આત્મસ્ફુરણાથી સંસારનો ત્યાગ કરી આજથી ૮૦ વર્ષ પૂર્વે જૈન મુનિની દીક્ષા ગ્રહણ કરી. તેરાપંથના અષ્ટમાચાર્ય કાલુગણિએ આ બાળક મુનિ નથમલને સદ્‌ભાગ્યે મુનિ તુલસી જેવા પ્રતિભાસંપન્ન શિક્ષાગુરુને સોંપી દીધા. એમણે નિષ્ણાત ઝવેરીની જેમ બાળમુનિના જીવનમાં અનેક પાસાઓને પ્રમાર્જિત કરી નથમલમાંથી મહાપ્રજ્ઞ બનાવી દીધા. એક બાજુ શિષ્યનું સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા અને બીજી બાજુ મહાજ્ઞાની શિક્ષાગુરુની પરમ કૃપાદૃષ્ટિ. નજીકના ઇતિહાસમાં આવા ગુરુ-શિષ્યની જોડી જડવી મુશ્કેલ છે. માધ્યમિક શાળા કે કૉલેજના અભ્યાસથી વંચિત રહેલ મુનિ નથમલે 'તુલસી વિશ્વ વિદ્યાલય'માં રહી નિષ્ઠા અને શ્રમથી હિંદી, સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની આદિ ભાષાઓ, જૈન તત્ત્વ, આગમ, ઈતિહાસ, દર્શન, સિદ્ધાંત, ન્યાય, વ્યાકરણ વગેરેનો નક્કર અભ્યાસ કર્યો. સૈદ્ધાંતિક પરિચર્યા, પ્રવચન, લેખન અને આગમ-સંપાદનના ક્ષેત્રમાં ઊતર્યા પછી પોતાના અધ્યયન ક્ષેત્રને તેમણે વ્યાપક બનાવ્યું. આધુનિક વિજ્ઞાન, આયુર્વેદ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, સામ્યવાદ અને સમાજવાદ આદિનું ગહન અધ્યયન કર્યું અને થોડા જ સમયમાં માત્ર તેરાપંથી સંપ્રદાયમાં જ નહીં પણ સમગ્ર જૈન સમાજમાં તેઓ એક વિરલ, વરિષ્ઠ અને વિદ્વાન મુનિ બની ગયા.

ગુરુદેવ આચાર્ય તુલસી સાથે કચ્છથી કલકત્તા અને કન્યાકુમારીથી પંજાબ સુધી ઐતિહાસિક પદયાત્રાઓ કરીને ધર્મના ક્ષેત્રમાં પ્રસરેલી ખોટી ધારણાઓ, દંભી ધાર્મિક કર્મકાંડો વગેરે ઉપર જાહેર સભાઓમાં એમણે વેધક પ્રહારો કર્યા. એ કહે છે કે જે ધર્મ માનવીના જીવનમાં પરિવર્તન લાવે અને શાંતિ પ્રદાન કરે એજ સાચો ધર્મ છે. તામસિક અને પાશવીક વૃત્તિઓના પરિમાર્જન માટે એમણે પ્રાયોગિક ધર્મનું સ્વરૂપ પ્રેક્ષાધ્યાનના રૂપમાં પ્રસ્તુત કર્યું છે. આગમ સાહિત્યમાં ઊંડું અનુસંધાન કરી ધ્યાન-પ્રક્રિયાના સૂત્રોનું ગહન અન્વેષણ કરી અને આજના મનોવૈજ્ઞાનિક શાસ્ત્રનો આધાર લઈ એમણે ધર્મ અને વિજ્ઞાનનો સુંદર સુમેળ રચ્યો છે. પોતાના શરીરને પ્રયોગશાળા (લેબોરેટરી) બનાવી ધ્યાન-સાધનાના અનેક પ્રયોગો કર્યા. મહિનાઓ સુધી એકાંતમાં રહીને એમણે આ સંપૂર્ણ દાર્શનિક-વૈજ્ઞાનિક પદ્ધતિ સર્વાંગીણ વિકાસ યોગ્ય બનાવી જગત સામે રજૂ કરી છે. આજે આ પ્રેક્ષાધ્યાનની પ્રાયોગિક સાધના દેશ-વિદેશમાં સફળતાથી થઈ રહી છે. આજ સુધીમાં પ્રેક્ષાધ્યાન શિબિરો દ્વારા હજારો લોકોએ પોતાના જીવનમાંથી શારીરિક, માનસિક અને ભાવનાત્મક તણાવો દૂર કરી શાંતિ અને આનંદનો અનુભવ કર્યો છે. આંતઃસ્ત્રાવી ગ્રંથીઓ (endocrine glands)ના પ્રવાહો અને ચૈતન્ય કેન્દ્રો પર પ્રેક્ષા અને અનુપ્રેક્ષાના પ્રયોગથી સેંકડો સાધકો નિષેધાત્મક (Negative) ભાવોને વિધેયાત્મક (Positive) ભાવોમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યા છે.

આ મહાપ્રજ્ઞ ઉચ્ચ કોટિના ચિંતક અને મનીષી હતા. એમણે વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓનું ચિંતન કરી, એને માટે સમાધાન પણ આપ્યું છે. આરોગ્ય માટે 'મહાવીરનું આરોગ્ય શાસ્ત્ર', ઈકોનોમિક્સ પર 'મહાવીરનું અર્થશાસ્ત્ર', રાજકીય તંત્ર માટે 'લોકતંત્ર : નવી વ્યક્તિ – નવો સમાજ' અને જૈનતત્ત્વ માટે 'જૈન દર્શન-મનન અને મીમાંસા' જેવા વિવિધ વિષયો પર ચિંતનશીલ પુસ્તકો લખ્યાં છે. મનની અશાંતિ અને ચિત્તની ચંચળતા દૂર કરવા તો પચાસેક ગ્રંથોની રચના કરી છે. જૈન આગમોમાં સૌથી પ્રાચીન તેમજ ગૂઢ મનાતા આચારાંગ સૂત્ર પર એમણે સંસ્કૃતમાં પ્રથમ 'આચારાંગ ભાષ્ય' લખ્યું છે, જેમાં એમણે સ્વપ્રજ્ઞાથી કેટલાંય ગૂઢ રહસ્યોને ઉદ્‌ઘાટિત કર્યા છે અને મહાવીરના દર્શનની સાંપ્રત સંદર્ભોમાં-અહિંસા, પર્યાવરણ, સૃષ્ટિ, વિજ્ઞાન આદિની નવી પ્રસ્થાપનાઓ કરી છે. કુશળ સાહિત્યકાર મહાપ્રજ્ઞ એક સંવેદનશીલ કવિ પણ હતા. સંસ્કૃતના તો આશુકવિ હતા. 'સંબોધિ' એમની કાવ્યધારાનું વિરલ સર્જન છે જેમાં મહાવીર અને મેઘકુમારના સંવાદથી સંસ્કૃત ભાષામાં જૈનદર્શનના ઊંડા સિદ્ધાંતો એમણે સમજાવ્યા છે. આ રચનાને જૈન ધર્મની ગીતા કહી શકાય. આ ઉપરાંત સંસ્કૃતમાં રચાયેલું 'ઋષભાયણ' પ્રથમ તીર્થંકરના જીવનનું સચોટ દર્શન કરાવે છે.

આવા મહાન દાર્શનિક, ચિંતક, વૈજ્ઞાનિક, ત્યાગી યોગીની અંતર્દૃષ્ટિ અને પ્રજ્ઞાનું મૂલ્યાંકન કરી ૧૯૬૮માં આચાર્ય તુલસીએ એમને 'મહાપ્રજ્ઞ'નું અલંકરણ આપ્યું હતું. આ પ્રસંગે 'મહાપ્રજ્ઞ' શબ્દની મીમાંસા કરતાં એમણે કહ્યું હતું કે ફક્ત વિદ્વાન અથવા ભાષ્યકાર અથવા ધ્યાન-સાધના કરનારને જ હું મહાપ્રજ્ઞ નથી માનતો. મારી દૃષ્ટિમાં મહાપ્રજ્ઞ એને કહી શકાય જેનામાં વિદ્યાનો પૂરો સમાવેશ થયો હોય અને સાથે સાધનાનો સમાગમ હોય. મુનિ નથમલજીમાં જ્ઞાન, ધ્યાન અને સાધનાનો ત્રિવેણીસંગમ છે.

૧૯૭૯માં એમને યુવાચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

૧૯૮૯થી મહાપ્રજ્ઞજી આંતરરાષ્ટ્રીય ભારતીય દર્શન કોંગ્રેસની કાર્યકારિણીના સન્માનિત સભ્ય હતા. જૈન યોગના ક્ષેત્રમાં કરવામાં આવેલા ઉલ્લેખનીય કાર્યથી ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૯માં તેમને 'જૈન યોગના પુનરુદ્ધારક' સમ્માનથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ૧૯૯૪માં એક અજબ ઘટનામાં નવમાચાર્ય તુલસીએ પોતાના આચાર્યપદનો સ્વેચ્છાએ ત્યાગ કરી મહાપ્રજ્ઞજીનો તેરાપંથ સંપ્રદાયના દશમા આચાર્ય તરીકેનો પદાભિષેક કર્યો.

આ પ્રસંગે જૈન વિદ્વાન પંડિત દલસુખભાઈ માલવણિયા લખે છે– 'મુનિ શ્રી નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)ની સાથે મારો પરિચય બહુ જૂનો છે. અમે આપસમાં વાદ-વિવાદ પણ કર્યા છે. આ પ્રસંગોમાં એમનો વર્તાવ વિદ્વાન-જનોચિત અને અદ્વિતીય હતો. મેં એમને હંમેશ પ્રસન્ન જ જોયા છે. વિનમ્રતા અને ગુરુ પ્રતિ સમર્પણ ભાવ એ એમની બે વિશેષતા છે. આચાર્ય તુલસીએ જૈન સમાજને ઘણું આપ્યું છે. પણ મુનિ નથમલજી આચાર્ય મહાપ્રજ્ઞ બનીને એનાથી પણ વધારે કેવલ જૈન સમાજને જ નહીં પણ સમગ્ર ભારતીય સમાજને આપશે એમાં કોઈ સંદેહ નથી.'

આચાર્યપદ ગ્રહણ કરતી વખતે મહાપ્રજ્ઞજીએ કહ્યું હતું કે- 'સમર્પણ, કૃતજ્ઞતા, સહિષ્ણુતા અને સંતુલનને મારા જીવનનો આધાર બનાવી હું અનુશાસિત, વ્યવસ્થિત અને મર્યાદિત ધર્મસંઘનો યોગક્ષેમ કરીશ. મારી ભાવના છે કે–

(૧) હું શૈક્ષને શ્રમણ બનાવી શકું.

(૨) હું શ્રમણને નિર્ગ્રન્થ બનાવી શકું.

(૩) હું નિર્ગ્રન્થને અર્હન્તની ભૂમિકા પર આરોહણ કરતા જોઈ શકું.'

બધાના યોગક્ષેમ અને સર્વજનકલ્યાણની ભાવના એ જ કરી શકે જેનામાં યુગપ્રધાન બનવાની ક્ષમતા હોય.

આવા અધ્યાત્મયોગી, વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ આચાર્ય મહાપ્રજ્ઞ કોઈ વ્યક્તિ નહોતા, વિચાર હતા, એવો વિચાર હતા કે જે ક્ષેત્ર અને કાળની સીમાઓમાં ક્યારેય બંધાતો નથી. એ જ્ઞાનના જળાશય નહોતા, સ્રોત હતા. એમાં ઊંડાણ હતું.

પ્રસિદ્ધ સાહિત્યકાર જૈનેન્દ્રકુમારે એમને એક 'અનૂઠા અનાગ્રહી ચિંતન' તરીકે બિરદાવ્યા છે. ગુજરાતી જૈન અગ્રણી ડૉ. કુમારપાળ દેસાઈ એમને 'જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિવેણી સંગમ' માને છે. અને કહે છે કે 'મહાપ્રજ્ઞ એક એવા મહાન યોગી હતા જે પોતાના કર્મથી મહાન બન્યા હતા. એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં એમના કાર્યની મહાનતા બોલતી હોય છે. મેં એમને નિકટથી જોયા છે. એમાં પણ સાહિત્યિક નિકટતા અધિક છે. મને લાગે છે કે એમની વાણી બોલતી વાણી હતી. એમના સાહિત્યમાં બધી જગાએ સ્યાદ્‌વાદનું દર્શન થાય છે. મહાપ્રજ્ઞજી એમની પ્રજ્ઞાની સાધનામાં સતત જાગૃત રહીને આપણી પ્રજ્ઞા જાગૃત કરે એજ મારી કામના છે.' જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહ એમના ચિંતનને વૈશ્વિક અને અર્થઘટનને મૌલિક, માર્મિક અને માંગલિક ગણાવે છે.

એકવાર ગુરુદેવ તુલસીના સાન્નિધ્યમાં મહાપ્રજ્ઞ તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અધ્યાપન કરાવી રહ્યા હતા. અનેક સાધુ-સાધ્વીઓ અને શ્રમણિઓ આનો લાભ લઈ રહ્યા હતા. અનેક તત્ત્વાર્થસૂત્રનો અંગ્રેજી અનુવાદ કરનાર જૈન વિદ્વાન ડૉ. નથમલ ટાટિયા પણ રોજ એમાં ભાગ લેતા. એકવાર નયવાદનું પ્રકરણ ચાલી રહ્યું હતું. મહાપ્રજ્ઞ આ અઘરા વિષયની અનેક સમસ્યાઓનો સરલ ભાષામાં બોધ આપી રહ્યા હતા. ડૉ. ટાટિયાજીએ એમની પ્રજ્ઞાથી એટલા બધા પ્રભાવિત થઈને કહ્યું-'મહાપ્રજ્ઞશ્રી, હું તમને જૈન પરંપરાના આચાર્ય સિદ્ધસેન માનું છું.' અને ગુરુદેવ તુલસીને ઉદ્દેશીને કહ્યું 'ગુરુદેવ! પ્રશાસક બહુ મળશે પણ મહાપ્રજ્ઞ જેવા વિદ્વાન, પ્રજ્ઞાવાન અને વિલક્ષણ બુદ્ધિમાન નહીં મળે.'

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી પોતાની નિર્મળ ચારિત્ર્યસાધના સાથે અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત હતા. જૈન આગમ સાહિત્યના સંશોધક-સંપાદક, આદિ વિભિન્ન રૂપોમાં એમની પ્રતિભા એક સૂર્યની જેમ પ્રકાશી રહી હતી.

એમનામાં અનેક વિશેષતાઓ હતી, જેમાં સૌથી મોટી હતી એમની સંતતા, અહિંસા, સત્ય, અભય, અનેકાન્ત, મૈત્રી અને મમત્વ મુક્તિ. તેઓશ્રી એક વિશાળ ધર્મસંઘના અનુશાસ્તા હતા, પણ એમનું ચિંતન–કર્મ–સંકલ્પ અને સાધના સંપ્રદાયની સીમાથી પ્રતિબદ્ધ ન હતા. તેઓશ્રી ગ્રંથોથી દોરાયેલા નિર્ગ્રન્થ ગુરુ હતા. એમનામાં બૌદ્ધિકતાની સાથે વિનમ્રતા અને વિનયશીલતા હતા. અધ્યાત્મયોગી હોવા છતાં વૈજ્ઞાનિકતાના પક્ષધર હતા.

એમના પ્રત્યેક પ્રવચનમાં અને લેખનમાં પવિત્રતા અને નિર્મળતાનો બોધ હતો. તેઓ હંમેશા કહેતા હતા-'સ્વયં સત્યને શોધો.' વૈજ્ઞાનિક પુરુષ આધુનિક યંત્રો દ્વારા સત્ય શોધે છે, જ્યારે આવા આધ્યાત્મિક પુરુષ પોતાની અતિન્દ્રિય ચેતના દ્વારા સત્યને શોધે છે. એમના સ્વભાવમાં ચિરકાળ માટે વસંતઋતુ જ રહેતી હતી. તેઓ ઘણીવાર કહેતા કે ''નિઃશેષ'–કાર્યભારથી મુક્ત-હળવા બનતા શીખો. માથે નકામો ભાર ન રાખો.' તેઓ ભગવાન મહાવીરની આજ્ઞાની આરાધના કરવામાં માનતા હતા. એમની લોકપ્રિયતાનું એક કારણ હતું એમનું મૌલિક ચિંતન અને એની સુંદર પ્રસ્તુતિ. એમની વાણીમાં જાદુ હતો અને કંઠમાં વિદ્યાદેવી સરસ્વતી સાક્ષાત્ બિરાજમાન હતા. એમનામાં વિચાર અને નિર્વિચાર, ક્રિયા અને અક્રિયા તથા પ્રવૃત્તિ અને નિવૃત્તિનું અદ્‌ભુત સંતુલન હતું.

આવા પ્રજ્ઞાપુરુષને સમગ્ર જૈન સમાજે દિલ્હીમાં 'યુગપ્રધાન' પદથી અલંકૃત કર્યા હતા.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ એમના વિચારો તથા કર્તૃત્વ અને લેખનથી અત્યંત પ્રભાવિત હતા. બન્ને મહાન વિચારકોએ સાથે મળી 'ધ ફેમિલી એન્ડ ધ નેશન' નામના અદ્‌ભુત પુસ્તકનું નિર્માણ કર્યું હતું.

આવા પરમ પાવન, અધ્યાત્મયોગી અને જૈન દર્શનના પ્રખર પંડિત આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ મહાપ્રયાણ કર્યું છે. વિશ્વભરના વિચારકો, સાહિત્યકારો અને યોગસાધકો એક અકળ ખાલીપો અનુભવશે. આવા યુગ પ્રભાવક મહાપુરુષને કોટિ કોટિ શ્રદ્ધાંજલિ!

✷ ✷ ✷

પી. એન. બી. હાઉસ, પી.એમ. રોડ, ફોર્ટ, મુંબઈ–૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૪૦૯ ૪૧૫૭

# સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય

❑ પ્રો. મહેબૂબ દેસાઈ

**(મે ૨૦૧૦ના અંકથી આગળ)**

**૩.૨ સાહિત્ય લેખન પર સૂફી વિચારધારાનો પ્રભાવ**

ઈસ્લામના સૂફી સંતોના આગમનથી ગુજરાતી સાહિત્યનો શબ્દભંડોળ તો સમૃદ્ધ થયો, પણ તેની સાથે સાહિત્યની લેખન શૈલી ઉપર પણ મોટી અસર થઈ. મધ્યકાલિન ગુજરાતમાં ગુજરાતી સાહિત્ય મોટે ભાગે માનવ પ્રેમને કેન્દ્રમાં રાખી રચ્યું હતું. જેને સાહિત્યની ભાષામાં 'ઈશ્ક-એ-મિજાજી કહે છે. જેમાં માનવપ્રેમ, શૃંગાર અને કુદરતી સૌંદર્ય કેન્દ્રમાં હોય છે. પણ સૂફી સંતોના આગમન અને વૈચારિક સમાગમ પછી માનવ પ્રેમના સ્થાને ઈશ્વર-ખુદાના પ્રેમને કેન્દ્રમાં રાખી ગુજરાતી સંત સાહિત્ય રચવા લાગ્યું. જેને 'ઈશ્ક-એ-ઈલાહી' કે 'ઈશ્ક-એ-અકીકી' કહે છે. વ્યંગકાર અખો પણ એના પ્રભાવથી મુક્ત નથી રહી શક્યો.

અખા! ખુદ કો મત મારે, મારા ખુદી મિલે ખુદા.'

મીરાના ભક્તિ પદોમાં પણ સૂફી પરંપરાના લક્ષણો દેખાય છે. સુફી સાહિત્ય પ્રકૃતિ વર્ણનથી પર છે. મીરાંના પદોમાં પણ પ્રકૃતિ વર્ણનનો સંપૂર્ણ અભાવ છે. વળી, સૂફી પરંપરામાં ખુદાની ઈબાદત કેન્દ્રમાં હોય છે. મીરા પણ માત્ર કૃષ્ણ ભક્તિમાં રત હતા. સૂફીઓ જેમ ખુદાના 'જીક્ર' માટે ગીત-સંગીતને માધ્યમ બનાવે છે તેમ જ મીરા પણ ગીત સંગીત દ્વારા કૃષ્ણની ભક્તિમાં પોતાનું તન-મન ઓગાળી નાખે છે. મધ્યયુગના ગુજરાતી સંતોમાં મીરા અગ્ર છે. તેના પદો અને ભક્તિની પદ્ધતિ સૂફી વિચારધારાની નજીક લાગે છે. સંભવ છે મીરાંની કૃષ્ણ ભક્તિમાં ક્યાંક મધ્યયુગની બહુ પ્રચલિત ઈસ્લામની સૂફી ઈબાદત પદ્ધતિ અને તેના સાહિત્યની છાંટ હોય?

અલબત્ત ખુદા-ઈશ્વરના પ્રેમને કેન્દ્રમાં રાખી રચાયેલ ગદ્ય અને પદ્ય સાહિત્ય મધ્યયુગમાં તુરત લોકભોગ્ય બન્યું ન હતું. પણ જેમ જેમ સૂફી સંતો પ્રજામાં પ્રસરતા ગયા, તેમ તેમ સૂફી વિચારધારા ગુજરાતી ભાષામાં વિસ્તરતી ગઈ. આ પ્રક્રિયા સમય માંગી લે તેવી હતી કારણ કે સૂફી સંતોની 'માદરે જબાન' અર્થાત્ માતૃભાષા ફારસી કે અરબી હતી. આમ છતાં સૂફી વિચારધારાના પ્રચાર-પ્રસાર અર્થે સૂફી સંતો ગુજરાતી ભાષા શીખ્યા અને 'ઈશ્ક-એ-ઈલાહી'ના વિચારને ગુજરાતી ભાષામાં લોકભોગ્ય બનાવ્યો. ઈસુની દસમી સદીથી સૂફી પરંપરાના વિવિધ સિલસિલાઓ ગુજરાતમાં પ્રસરવા લાગ્યા હતા. જેમાં મુખ્યત્વે ચિશ્તીયા અને કદારીયા સિલસિલા ગુજરાતમાં જોવા મળે છે. ચિશ્તીયા સિલસિલાના સૂફી સંત પીર કાયમદ્દીન (૧૬૯૦-૧૭૬૮) અને તેના શિષ્યોનો ગુજરાતના સંત સાહિત્યના સર્જનમાં ઘાટો ફાળો છે. પીર કાયમદ્દીન ચિશ્તીએ બે ગ્રંથો લખ્યા છે. 'નૂર-એ-રોશન' અને 'દિલ-એ-રોશન'. આ ગ્રંથો ઉર્દુ-હિન્દી-ગુજરાતી મિશ્ર ભાષામાં લખાયા છે. વેદાંત અને કુરાનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ આ ગ્રંથોના કેન્દ્રમાં છે. ઈ. સ. ૧૭૦૦માં લખાયેલ આ ગ્રંથોનો અનુવાદ ૧૭૫૫-૫૬ માં તેમના શિષ્ય ભગત સુલેમાન મહંમદ એ કર્યો હતો. તેની એક રચના માણવા જેવી છે.

'ચરણે સતગુરુને નમિયે, ઝીણા થઈ મુરશદને નમીએ
ત્યારે તો અલખ ધણીને નમીયે.
સુરતા સુનમાંહી લાગી, વાંસળી અગમમાં વાગી,
ખુમારી પ્રેમ તણી જાગી.'

ગુજરાતી સંત સાહિત્યમાં રચતા પદોમાં શબ્દો સાથે સૂફી વિચારની પણ આગવી શૈલી વિકસતી ચાલી. સૂફી સંતોના શિષ્યો કે મુરીદોએ ગુજરાતના ગામડે ગામડે ભજન, ગીતો અને રુબાઈઓ દ્વારા ગુજરાતી સંત સાહિત્યને સમૃદ્ધિ બક્ષી. એક માત્ર ચિશ્તીયા પરંપરાના સંત કાયમદ્દીનની જ વાત કરીએ તો તેમના શિષ્યો ગુજરાતના દરેક પ્રદેશમાં પ્રસરી ગયા હતા. ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકાના સરોદ ગામના વતની સુલેમાન ભગત (ઈ. સ. ૧૬૯૯) અને જીવણ મસ્તાન (ઈ. સ. ૧૭૦૦)ની રચનાઓ ગામે ગામ ગવાતી હતી. જીવન મસ્તાન લખે છે,

'ઈશ્વર તો સૌનો સરખો રે, એને નથી કોઈ ભેદ,
રોકી શકે એને નહીં કોઈ જોઈ લો ચારે વેદ.
ખોળિયાને ભૂલાવે રે ઊભું થયું એવું ભાન છે,
સજનો કસાઈ, સુપચ ભંગી, રોહીતદાસ ચમાર
એવા લોકો મોટા ગણાય, એ ભક્તિનો સાર'

એ જ રીતે વડોદરા જીલ્લાના કરજણ તાલુકાના પાછીયાપુરા ગામના રહેવાસી અને પાટીદાર જ્ઞાતિના રતનબા (ઈ. સ. ૧૭૦૦) અભણ હોવા છતાં તેમના ભજનોએ એ યુગમાં લોકોને ઘેલું લગાડ્યું હતું.

'પ્યાલો મેં તો પીધો રે કાયમદ્દીન પીરનો રેજી
પીતા હું તો થઈ ગઈ ગુલતાન
લહેર મને આવે રે અંતરથી ઉછળી રે જી
ટળ્યા મારા દેહી તણાં અભિમાન.'

ગામડે ગામડે પ્રસરેલ આવા સૂફી સંતોની મોટી હારમાળા મધ્યયુગમાં જોવા મળે છે. ઉમરબાવા (૧૮મી સદી પૂર્વે), સુલેમાન ભગત, પૂજાબાવા, નબીમીયા, અભરામબાવા જેવા અનેક સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને લોક કાંઠે રમતું કર્યું હતું. **8.**

અર્વાચીન યુગમાં પણ સંત સાહિત્યની આ પરંપરા અવિતરપણે ચાલુ રહી હતી. તેનું ઉત્તમ દૃષ્ટાંત દાસ સત્તાર શાહ ચિસ્તી (૧૮૯૨-૧૯૬૨) છે. નાંદોદમાં જન્મેલા સત્તાર શાહ ચિસ્તીના ગીતો, ભજનો અને દૃષ્ટાંત કથાઓ ગુજરાત સૌરાષ્ટ્રના તળ પ્રદેશોમાં

આજે પણ ભક્તિ ભાવથી ગવાય છે. અફઘાસ્તિાનના વતની હોવા છતાં ગુજરાતમાં આવી વસેલા અને જાતમહેનતથી ગુજરાતી શીખેલા સત્તાર શાહ હિંદુઓમાં દાસ સત્તાર શાહ તરીકે ઓળખાતા. જ્યારે મુસ્લિમોમાં સત્તાર શાહ ચિશ્તી તરીકે પ્રસિદ્ધ હતા. સૂફી સંપ્રદાયની ચિસ્તીયા પરંપરાના હિમાયતી સત્તાર શાહના કોમી એકતાને વાચા આપતા ભજનો આજે પણ લોક જીભે રમે છે.

'કોઈ બ્રાહ્મણ કોઈ વાણીયો, કોઈ સૈયદ કોઈ શેખ
જ્ઞાન કરીને જોઈ લો ભાઈ આત્મ સૌના એક'

સૂફી પરંપરા મુજબ ગુરુના શરણ વગર જ્ઞાન શક્ય નથી. એટલે સત્તાર શાહ પોતાના ગુરુ અનવર મિયાંને ઈ. સ. ૧૯૧૨માં બાવીસ વર્ષની વયે વડોદરામાં મળ્યા ત્યારે અનવર મિયાએ પોતાના હાથમાંના પ્યાલામાંથી કંઈક પીધું અને પછી તે સત્તારને પીવા કહ્યું. સત્તાર શાહ તે પી ગયા. પીધા પછી ખુદાના રંગમાં રંગાઈને તેઓ ગાઈ ઉઠ્યા,

'એવી પ્યાલી પીધી મેં તો મારા સદગુરુના હાથે રે,
પીતા મારે પ્રીત બંધાણી મારા પ્રીતમજી સંગાથે.'**9**

સત્તાર શાહના ગુરુ અનવર મિયા પણ રહસ્યવાદી સૂફી રચનાઓમાં માહિર હતા. તેમના ભક્તિ ગીતો પણ લોકો હોંશે હોંશે ગાતા.

'વ્હાલા પ્રેમ કટારી રે મને શીદ મારી રે,
લાગી લાગી છે હૈડાંની માંહ ઘાયલ થઈ નારી રે.'

હિંદુ સૂફી સંત દિન દરવેશ કુંડલીયા પાલનપુર રાજ્યના એક ગામના નિવાસી હતા. ૧૮મી સદીના મધ્યભાગમાં ઈસ્ટ ઈંડિયા કંપનીની સેનામાં સિપાહી હતા. જાતે લુહાર પણ ખમીરવંતા. એક યુદ્ધમાં હાથ કપાઈ ગયો. તેથી નોકરી છોડી દીધી. સૂફી ફકીરો, ઓલીયાઓના સંગમાં રહેવા લાગ્યા અને પાક્કા સૂફી બની ગયા. ગુજરાતમાં તેઓ દરવેશના નામે જાણીતા થયા. તેમણે પણ પોતાની ભક્તિ રચનાઓમાં હિંદુ-મુસ્લિમ ઐક્યને પ્રાધાન્ય આપ્યું છે.

'કુણ જ્યાદા કુણ કમ, કભી કરના નહી કજિયા,
એક ભક્ત હો રામ દુજા રહેમાન સો રજિયા.'

તેમણે ગુજરાતીમાં 'દિન પ્રકાશ' અને 'ભજન ભડાકા' નામે બે પુસ્તકો લખ્યા હતા. જો કે આજે તે ઉપલબ્ધ નથી. પણ તેમની રચનાઓ આજે પણ ઉત્તર ગુજરાતના ગામડાઓમાં લોક જીભે જીવંત છે. **10**

એક અન્ય સૂફી સંત ગુજરાત અને ગુજરાત બહાર પ્રસિદ્ધ હતા. અશરફ ખાન (૧૮૮૦-૧૯૬૦). તેઓ નાટક અને ફિલ્મોના જાણીતા કલાકાર હતા. છતાં કાદવમાં કમળની જેમ તેઓ એ લપસણી દુનિયામાં રહ્યા. તેમના શિષ્યો તેમનો પડ્યો બોલ ઝીલતા. તેમના બે ગ્રંથો 'અબ્રે ફયાઝ' અને 'શમ્મ-એ-હિદાયત'એ મૂલ્યનિષ્ઠ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરણ કર્યું છે. તેમના શમ્મ-એ-હિદાયત ગ્રન્થનું ૧૯૭૪માં પ્રથમવાર પ્રકાશન થયું હતું. તેના કેટલાક સુવિચારો ગુજરાતી સાહિત્યમાં આજે પણ વિચારોની અભિવ્યક્તિનું ઉમદા માધ્યમ બને તેવા છે.

'ત્રાજવું તેના કાર્યમાં સોના અને શીશામાં ભેદ નથી કરતું.'
'ઈમાનનો દુશ્મન અસત્ય છે.
બુદ્ધિનો દુશ્મન ક્રોધ છે.
ઈજ્જતનો દુશ્મન ભીખ છે.
દોલતનો દુશ્મન બેઈમાની છે.'
'મોતથી ડરનાર કાયર છે '**11.**

### ૩.૩. ભવાઈ સાહિત્ય પર સૂફી પરંપરાનો પ્રભાવ

ભવાઈ એ ગુજરાતની એવી નાટ્ય પરંપરા છે જે માત્ર પાઠ્ય પ્રધાન નથી, પણ નૃત્ય, ગીત અને વાદ્ય પ્રધાન પણ છે. ભવાઈ એ અંબામાના ચાચરમાં થતું ભાવન છે. શક્તિની ઉપાસનાનો એક પ્રકાર છે. સામાન્ય રીતે ભવાઈ ગામના દેવસ્થાનના ચોગાન કે ચોરામાં રમાય છે. ભવાઈમાં માત્ર ધાર્મિક કે પૌરાણિક કથા જ રજૂ થતી નથી, પણ તત્કાલીન સમયના સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પ્રવાહોનું નિરૂપણ પણ થાય છે. મધ્યકાલિન યુગમાં સુફી સંતોએ પોતાના વિચારોના પ્રસાર-પ્રચાર માટે ગુજરાતના ગામડાઓ ખુંદયા હતા. પરિણામે સૂફી વિચારો ગામડાની સંસ્કૃતિ અને સભ્યતા સુધી પહોંચ્યા હતા. ૧૩મી અને ૧૪મી સદી દરમિયાન રચાયેલા ભવાઈ વેશોમાં સૂફી પરંપરાનો ચોખ્ખો પ્રભાવ જોવા મળે છે. સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો 'રેખતો' અને 'ગઝલ' આ બન્ને સ્વરૂપો ફારસી ભાષાની ગુજરાતી સંત સાહિત્યને દેન છે. ગઝલ શબ્દથી તો આપણે પરિચિત છીએ. પણ રેખતો શબ્દનો પરિચય જરૂરી છે. રેખતો એટલે ગદ્યની એવી ભાષા જેમાં હિન્દી-ગુજરાતી-અરબી-ફારસીના શબ્દો, વિશેષણો અને પ્રતીકોનું મિશ્રણ હોય. તેને આધુનિક ઉર્દુનું પ્રારંભિક રૂપ પણ કહેવામાં આવે છે. **12.** ભવાઈના પદોમાં આ બન્ને સ્વરૂપો જોવા મળે છે. જેમકે 'ઝંડા ઝૂલણ'ના વેશમાં રેખતાનું એક ઉદાહરણ છે.

'નૈન તમરે તીર હૈ મોએ લગે કલેજે બીચ
કંકરી મેં કિયા હોત હૈ સુંદર કાએકુ ખીજ.'

એજ રીતે ઝંડા ઝૂલણ વેશમાં જ એક ગઝલ છે.

'ભલાજી ભેદ પૂછા ખુબ અબ તું સબદ સુન મહેબૂબ
જો હૈ દીનકા તું દોસ્ત, મનમેં રાખીએ ન રોસ્ત'
'સબકા એક હૈ અલ્લાહ, ભલા મન હોયગા ભલા
જ્ઞાની સોઈ રહે ગંભીર, આડું અમર પીર કાફિર
જિનસે જીકર ન કીજે, દવા દરવેશ કી લીજે
ઓમ સબદ પૈચાન આદો, અગમકી ઓલખાન.'

આ ગઝલ માત્ર એક સાહિત્ય સ્વરૂપ તરીકે જ નહીં, પણ ફિલસુફીની દૃષ્ટિએ પણ મહત્ત્વની છે. ક્રોધ વિનાનું મન, સાફ હૃદય, જ્ઞાનનું મહત્ત્વ, ઈશ્વર-અલ્લાહ એક અને સૌથી મહત્ત્વની બાબત અલ્લાહ અને ઓમને સાચા અર્થમાં ઓળખવાની વાત–આ તમામ બાબતો સૂફી પરંપરાનો જ આવિર્ભાવ છે.

અલ્લાહ જ જગતનો તારણહાર છે. મનુષ્યે પોતાના 'હું પદ'ને ઓગાળી નાખી અલ્લાહ-ઈશ્વરમાં લીન થઈ જવું જોઇએ. ઝંડા ઝૂલણમાં આ જ વિચારને વાચા આપતો એક દુહો છે.

'બંદા કહેતા મૈ કરું, કરનહાર કિરતાર

તેરા કહા સો ના હોવે, હોસી હોવાનહાર. **13**

ગુજરાતની ભવાઈ સંસ્કૃતિ અને સાહિત્ય પર સૂફી વિચારોના પ્રભાવની સાક્ષી પૂરતા આ દુહાઓ આજે પણ ઝંડા ઝૂલણના વેશમાં ગામે ગામ ગવાય છે, ભજવાય છે.

**૩.૪ ગુજરાતીમાં અનુવાદિત સૂફી સંત સાહિત્ય**

છેક ૧૫મી સદીથી સૂફી સાહિત્યની મહેક ગુજરાતી ભાષામાં પ્રસરેલી છે. મધ્યકાલીન ગુજરાતમાં આરંભના કાળમાં સૂફી સાહિત્ય ફારસી ભાષામાં રચાયું હતું. એ પછી ધીમે ધીમે ફારસી-ગુજરાતી મિશ્રિત ભાષામાં લખવા લાગ્યું. એવું સાહિત્ય આમ ગુજરાતી પ્રજાને સમજવું મુશ્કેલ પડતું. પરિણામે તેના અનુવાદ કરવાનો સિલસિલો શરૂ થયો. તેનું ઉત્તમ દૃષ્ટાંત ગુજરાતના મોટા ગજાના સૂફી સંત પીર મોહંમદ શાહ (જન્મ ૧૬૮૮) છે. તેમણે અનેક સૂફી ગ્રંથો લખ્યા હતા. આજે પણ તેમના હસ્તલિખિત ગ્રંથોની કેટલીક પ્રતો પીર મોહંમદ શાહ ગ્રન્થાલય, અમદાવાદમાં ઉપલબ્ધ છે. તેમનો એક ગ્રંથ 'ઈશ્કુલ્લાહ' મધ્યયુગમાં કાફી લોકપ્રિય થયો હતો. ઉર્દુ-ગુજરાતીમાં લખાયેલો આ ગ્રન્થ છેલ્લા પાંચસો વર્ષોથી ગુજરાતમાં બોલાતી ઉર્દૂ-ગુજરાતી મિશ્ર ભાષા પર આધારિત છે. ઉર્દુ-ગુજરાતી મિશ્ર ભાષાનો સંશોધનાત્મક અભ્યાસ કરવા ઈચ્છતા સંશોધકને તે આધારભૂત માહિતી પૂરી પાડે છે. ઈશ્કુલ્લાહનો શુદ્ધ અનુવાદ હઝરત પીર મોહંમદ શાહ ગ્રન્થાલય અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો છે. 'ઈશ્કુલ્લાહ' એટલે ખુદા કે ઈશ્વર પ્રત્યેનો પ્રેમ. ખુદાનો પ્રેમ પ્રાપ્ત કરવા ખુદામાં એકાકાર થવું પડે. એ માટેના માર્ગો 'ઈશ્કુલ્લાહ'માં આપવામાં આવ્યા છે.

ગ્રન્થમાં સાતમા સબક (ઉપદેશ)માં પીર મોહંમદ શાહ લખે છેઃ

'સાતમા સબકનો બોધ સ્વચ્છ દૃષ્ટિ છે. સ્વચ્છ દૃષ્ટિ માટે જરૂરી છે રુહા (આત્મા)ની શુદ્ધિ અને ખુદી (અહંકાર)નો ત્યાગ. માનવી આરસી સમાન છે. જો આરસી સાફ અને સ્વચ્છ હશે તો આપણો ચહેરો તેમાં સાફ દેખાશે. તેવી રીતે આપણું દિલ સાફ હશે તો તેમાં આપણે ખુદાને જોઈ શકીશું. ખુદી (અહંકાર) ત્યજવાથી ખુદાની પ્રાપ્તિ થાય છે.'

આવા ફારસી ગ્રંથોનો ખજાનો આજે પણ પીર મોહંમદ શાહ ગ્રંથાલયમાં સચવાયેલો પડ્યો છે. તેમાંના કેટલાક ગ્રંથો 'મિરાતે અહેમદી', 'મિરાતે સિકન્દરી' અને 'તારીખ-એ-ઓલિયા-એ-ગુજરાત'નો અનુવાદ શ્રી રત્નમનીરાવ જોટે, મોલાના સૈયદ અબુ ઝફર નદવી અને ડૉ. છોટુભાઈ નાયક જેવા વિદ્વાનોએ કર્યો છે.

**૪. તારતમ્ય**

ગુજરાતમાં સૂફી સંતોના આગમનને કારણે સૂફી વિચારધારા ગુજરાતના સમાજ જીવનની રગે રગમાં પ્રસરી ગઈ હતી. ધર્મ, સમાજ અને સાહિત્ય તેમાં મુખ્ય હતા. સૂફી સંતો અને સાહિત્ય ગુજરાતની પ્રજામાં એવા સમાઈ ગયા હતા કે સૂફી સંતોની મઝારો પર ગવાતા ભક્તિ ગીતો કે કવ્વાલીમાં હિંદુ મુસ્લિમ ભેદો ઓગળી જતા. ભારતમાં ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પર આવા દૃશ્યો આજે પણ સામાન્ય છે. ગુજરાતમાં એવી દરગાહોની કમી નથી. સરખેજના શાહ-એ-આલમ સાહેબ, ભડીયાદના મહેમુદ શાહ બુખારી, ગોંડલના મુસાબાવા, આમરણના દાવલ શાહ પીર અને પીરાણાના નૂર સ્તગરની મઝાર પર આજે પણ એક બાજુ કવ્વાલીની રમઝટ બોલે છે તો બીજી બાજુ ભજનોની રંગત જામે છે. આવી સદ્ભાવના જ સૂફી સંતો અને સાહિત્યની સાચી ઓળખ છે અને જ્યાં સુધી સંતોનું સત્ત્વશીલ સાહિત્ય જીવંત રહેશે ત્યાં સુધી જીવંત રહેશે તેમાં બે મત નથી-આમીન.

**પાદનોંધ :**

૧. હથુરાની, મો. અહેમદ મોહંમદ, સીરતે સરકારે મદીના, ભાગ-૧, નુરાની કુતુબખાના, છાપી, બનાસકાંઠા, પૃ. ૫૫૯-૫૬૦.

૨. દેસાઈ, ડૉ. મહેબૂબ, સૂફીજન તો તેને રે કહીએ, પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૭. પૃ. ૧૬.

૩. દલાલ, સુરેશ (સંપાદક), કહત કબીર, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. પૃ. ૧૨.

૪. પાઠક, જગજીવન કાલિદાસ, મુસ્લિમ મહાત્માઓ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૦, પુસ્તકમાં આપેલા સૂફી સંતોના જીવન ચરિત્રોના અભ્યાસનું તારણ.

૫. આચાર્ય, ડૉ. નવીનચન્દ્ર, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદ-૧૯૮૪. પૃ. ૮૪.

૬. નાયક, ડૉ. છોટુભાઈ રણછોડભાઈ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૩, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ, ૧૯૮૦. પૃ. ૫૬.

૭. એજન. પૃ. ૧૦૨.

૮. મહેતા મકરંદ અને અન્ય (સંપાદકો), મધ્યકાલિન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન, દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, ૨૦૦૮. પૃ. ૪૮ થી ૫૪.

૯. મહેતા, ગંગાદાસ પ્રાગજી, સૂફી કાવ્ય પ્રસાદી, પ્ર. કુસુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૯. પૃ. ૧૦૨.

૧૦. એજન, પૃ. ૧૦૬.

૧૧. વધુ વિગતો માટે જુઓ શમ્મ-એ-હિદાયત, પ્ર. ગંજે સોહદા કબ્રસ્તાન, દાણી લીમડા, અમદાવાદ, ૨૦૦૩.

૧૨. નાયક, ડૉ. છોટુભાઈ રણછોડભાઈ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૪, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ-૧૯૮૦. પૃ. ૩૪.

૧૩. નીલકંઠ, મહીપતરામ રૂપરામ, ભવાઈ સંગ્રહ. પૃ. ૬૪.

૧૪. ઈશ્કુલ્લાહ, (તરજુમા સાથે), પ્ર. હઝરત પીર મોહંમદ શાહ ગ્રન્થાલય અને સંશોધન, કેન્દ્ર, અમદાવાદ, ૨૦૦૬. પૃ. ૫૩.

✷✷✷

પ્રા. મહેબૂબ દેસાઈ

સુકુન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧.

મો. : 0982511 4848

## ।। મહાવીર કથા ।।

## ડી.વી.ડી.–બે ભાગ દ્વારા

# ભગવાન મહાવીરના વણસ્પર્શ્યા પાસાંઓનું જીવંત દર્શન

❑ ગુણવંત બરવાળિયા

ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણી દ્વારા બે દિવસની મહાવીર કથાનું આયોજન જ્ઞાનપિપાસુ શ્રોતાઓ માટે સમકિતનું આનંદ પર્વ બની ગયું.

પર્યુષણ પર્વમાં અને શેષકાળમાં પણ ગુરુભગવંતો અને પૂ. સાધ્વીજીઓના મુખેથી ભગવાન મહાવીરના જીવનના પ્રસંગો આપણે સાંભળી છીએ. પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રના સંદર્ભે ભગવાન મહાવીર જન્મ વાંચનના દિવસે પણ ભગવાનના ૨૭ ભવ અંગે આપણે વર્ષોથી સાંભળીએ છીએ. ગુરુ ભગવંતોના આગમજ્ઞાન અને ઉત્કૃષ્ઠ ચારિત્ર પાલનને કારણે, તેમના પ્રવચનની ઊંડી અને પ્રભાવક અસર ઉપાશ્રયે જનાર શ્રાવક-શ્રાવિકાઓ પર પડે છે. પરંતુ અત્યારે એક એવો વર્ગ પણ છે જેમાં યુવાનો વિશેષ કે જે ઉપાશ્રયો અને દેરાસરોની ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ લેતા નથી. તેના કારણો ઘણાં છે તે ચર્ચાનો અહીં અવકાશ નથી. આવા વર્ગમાં રૂચિ જાગૃત કરવા આવી કથા શ્રેણી ખૂબ જ ઉપયોગી થઈ શકે.

ધર્મકથાનકોમાં આવતી કેટલીક વાતો શાસ્ત્રસંબંધ રીતે સાચી હોય જેમને શ્રદ્ધા છે તે એ વાતને સ્વીકારી લેશે, પરંતુ ધર્મના બાળજીવો, પાશ્ચાત્ સંસ્કૃતિની જીવન શૈલીથી રંગાયેલી વ્યક્તિઓ, ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓ જલ્દીથી આ વાતો સ્વીકારી શકશે નહિ. તેમને આ ચમત્કારી વાતો, માત્ર દંતકથા કે અંધશ્રદ્ધા લાગશે, ધર્મની દલીલો અતાર્કિક કપોળકલ્પિત કે અસત્યમૂલક લાગશે. તેમને તો આ વાતો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવવી પડશે. આ સત્ય વિદ્વાન વક્તાઓ છેલ્લા વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનો, આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા સમજાવી શકે. વળી જૈન ધર્મ પ્રચાર કરતાં આચરણના પ્રભાવને પ્રાધાન્ય આપે છે જેથી સાધકોની સામાચારીને કારણે ગુરુ ભગવંતોને ક્ષેત્ર કાળની મર્યાદા હોય છે. વળી કેટલાંક ઉપકરણોનો ઉપયોગ પણ ન કરી શકે જેથી આયોજકોને આવી કથા-શ્રેણીઓ માટે સાધુ-સાધ્વીજીઓનો ખૂબ જ ઓછો લાભ મળી શકે.

મહાવીર કથા આયોજનની પૂર્વભૂમિકામાં જૈન યુવક સંઘના મંત્રી અને જૈન દર્શનના અભ્યાસુ ડૉ. ધનવંત શાહે સાચું જ કહ્યું કે 'મહાવીરની વાતો કથા સ્વરૂપે સમાજ પાસે પહોંચવી જોઈએ. એક વ્યક્તિ એક વિષયની વાત કરે પણ બધા પાસાને સાંકળે તેવું સ્વરૂપ હોય તો તેમાં મહાવીરનું સમગ્ર દર્શન થાય. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ વિશ્વનો પ્રવાસ ખેડ્યો છે. વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભગવાન મહાવીરની વાણીમાં મળી રહે તેમ છે. પ્રબુદ્ધ જૈનો માટેની મહાવીર કથા ચિત્ત વિકાસની ભૂમિકા પર આધારિત છે. આ કથા દ્વારા ભગવાન મહાવીરને જાણવાના, માનવાના અને પામવાના છે.'

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જૈન દર્શનના પ્રખર વિદ્વાન ડૉ. કુમારપાળભાઈ મહાવીર કથાના પ્રારંભમાં વિશાળ શ્રોતાજનોને ગચ્છ મત, સંપ્રદાયથી પર થઈ હૃદયના સઢ ખોલીને મહાવીરકથા શ્રવણ કરવાની માર્મિક વાત કરતા દર્શાય છે.

સૌ પ્રથમ તેમણે મહાવીર સુક્તિ 'એકો હું માણસ જાઈ'નો ગુઢાર્થ ખૂબ જ સરળ અને ભાવવાહી શૈલીમાં સમજાવ્યો. મનુષ્ય માત્ર એક થાય. 'ગ્લોબલ વિલેજ' - 'વિશ્વગ્રામ' કે 'વિશ્વ વાત્સલ્ય'ની સમગ્ર ભાવના આ એક જ વાક્યમાં અભિપ્રેત છે.

ધર્મથી આપણે દૂર ચાલ્યા ગયા છીએ. મહાવીર કથા ધર્મથી નજીક આવવાનો ઉપક્રમ છે. વિશ્વના બધા જ ધર્મોએ સ્થૂળ હિંસાથી દૂર રહેવા જણાવ્યું, પ્રહારને હિંસા ગણી જ્યારે ભગવાન મહાવીરે વિચારથી પણ હિંસાની શરૂઆત એવા વિશિષ્ટ અને સૂક્ષ્મ હિંસાના સ્વરૂપનું વિશ્લેષણ કર્યું. ભગવાન મહાવીરે યજ્ઞનો વિરોધ નથી કર્યો. તેમણે કહ્યું કે યજ્ઞમાં આ મૂંગા પશુઓને ન હોમ, આ પ્રાણીઓ આત્મવત્ છે. યજ્ઞમાં જરૂર હોમ પણ તે તારી દુર્વૃત્તિઓને હોમ. પોતાની ભીતરમાં રહેલા કષાયો સાથે યુદ્ધ કરી તેનો નાશ કરવાનું કહ્યું. જાત સાથે યુદ્ધ કરવાનું કહી ભગવાને યુદ્ધ અને પરાક્રમની વ્યાખ્યા જ બદલી નાંખી.

જ્ઞાન, મુઠ્ઠીભર લોકોના હાથમાં હતું. ભગવાને તે બધા માટે ખૂલ્લું મુક્યું. ભગવાન પહેલાં ચોતરફ દેહનો મહિમા હતો. ભગવાન મહાવીરે દેહ નહિ, દેહમાં છૂપાયેલ આત્માનો મહિમા કર્યો. જૈન ધર્મે બે વાત કહી છે એક દિશા અને બીજી ગતિ. દિશા વિજ્ઞાનની અને ગતિ અધ્યાત્મની. અહિં વિજ્ઞાન અને ધર્મના સાયુજ્ય રચવાની વાત અભિપ્રેત છે.

માતા ત્રિશલાને આવેલા સ્વપ્નાઓને ગુણસ્થાનકના સંબંધે વિશ્લેષણ કરી અને સ્વપ્નાના વિવિધ સૂચિતાર્થો અને અર્થગંભીર સંકેતોના રહસ્યનું ઉદ્‌ઘાટન કરી વ્યાખ્યાતા ડૉ. કુમારપાળભાઈએ ધર્મના એક નૂતન પરિમાણનું શ્રોતાઓને દર્શન કરાવ્યું.

ઈતિહાસ દ્વારા આપણને જાણવા મળ્યું છે. ઘણાં મહાપુરુષોએ

સન્યાસ માર્ગે જવા ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કર્યું છે. પરંતુ ભાઈ, પત્ની અને કુટુંબીજનોની સંમતિથી મહાભિનિષ્ક્રમણ કરનાર ભગવાન મહાવીરનું મહાભિનિષ્ક્રમણ વિશિષ્ટ હતું. મહાવીર કથાના આ પ્રસંગનું નિરૂપણ મોહગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્ય પંથે જનારા, અપરિપક્વ માનસ ધરાવનાર કે કર્તવ્યથી વિમુખ થઈ સંસારથી ભાગી જનારાઓ માટે દિશાદર્શન કરાવનાર છે.

પ્રથમ ચાતુર્માસમાં ભગવાન મહાવીર તાપસના આશ્રમમાં એક ઝૂંપડીમાં રહે છે. પશુઓ ઝૂંપડીમાંથી ઘાસ તોડી ખાય છે. અન્ય આશ્રમવાસીઓ કુલપતિને ફરિયાદ કરે છે કે આ અતિથિ પોતાની ઝૂંપડીનું ધ્યાન પણ નથી રાખી શકતા. કુલપતિ વર્ધમાનને કહે છે, તમે ક્ષત્રિય છો, ઝૂંપડીનું રક્ષણ તમારે કરવું જોઈએ. ત્યારે ભગવાનને મનોમંથન થાય છે કે મારે આ ઘાસપાનની ઝૂંપડી સાચવવી કે અમોલખ આત્મા. અને પાંચ સંકલ્પો સાથે કુલપતિની રજા લઈ અન્યત્ર વિહાર કરી જાય છે. મહાવીર કથામાં આ પ્રસંગનું શબ્દચિત્ર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે તેવું છે.

મહાવીર કથામાં ધ્યાન વિશેની સુંદર વાતો થઈ. માત્ર પલાંઠી વાળીને નહિ પણ ઊભા રહીને અને ખુલ્લી આંખે પણ ધ્યાન કરી શકાય છે. આમ કહી ભગવાને સાધનાને એક નવું પરિમાણ આપ્યું છે. ભગવાને પ્રરૂપેલ વ્રત અને તપની વાત કરતા વ્યાખ્યાતા કહે છે કે ન્યુયોર્ક ટાઈમ્સમાં થોડા સમય પહેલાં ૯૦ વર્ષ સુધી જીવવા માટે પાળવાના નિયમો વિશે લેખ છપાયો હતો. નિયમો આપણા ઉણોદરીના વ્રત જેવા જ હતા. આ નિયમો આરોગ્ય વિજ્ઞાનને પુષ્ટિ આપે છે. ભગવાને પ્રરૂપેલ જીવન શૈલી ભગવાન મહાવીર પરમ વૈજ્ઞાનિક હતા તે વાતને ચરિતાર્થ કરે છે.

ભગવાનો સામે ચાલીને ઉપસર્ગો સહન કરી પ્રચંડ પુરુષાર્થ દ્વારા કર્મ સત્તા પર વિજય મેળવી સ્વસત્તા સ્થાપિત કરી.

ભગવાન મહાવીર ગૌતમ સ્વામી સાથે વિહારમાં હોય છે. એક હાલીક (હળ હાંકનાર) પશુને માર મારે છે. એ દૃશ્ય જોતાં પ્રબુદ્ધ કરૂણાના કરનારા ભગવાન ગૌતમ સ્વામીને કહે છે કે હાલીકને સમજાવો કે પશુ પર અત્યાચાર ન કરાય. પેલો હાલીક-ખેડૂત ગૌતમ સ્વામીની પ્રતિભા જોતા સ્તબ્ધ બને છે. ગૌતમ સ્વામી એને પ્રેમથી સમજાવતાં કહે છે કે આ પશુને કેમ મારો છો, તેનામાં પણ જીવ છે. હાલીક આ બોધથી એટલો બધો પ્રભાવિત થાય છે અને કહે છે કે આપ મને આપના પંથે લઈ જાવ અને સમર્પણ ભાવ સાથે તે ગૌતમ સ્વામીનો શિષ્ય બને છે.

ગૌતમસ્વામી કહે છે કે હાલીક ચાલ આપણે ગુરુના દર્શન કરીએ. હાલીક વિચારે છે કે જેના શિષ્ય આવા ઉત્કૃષ્ટ પ્રતિભાના અધિકારી હોય તેના ગુરુ કેવા અદ્ભુત હશે. હાલીક મહાવીરના પ્રથમ દર્શને જ નાઠો. ગૌતમ વિચારે છે કે અહીં લોકો ભગવાનના દર્શન માટે ઝંખે છે અને આ ભગવાન મહાવીરને જોતાં જ કેમ નાઠો.

ગૌતમ સ્વામીના મુખ પર પ્રશ્નાર્થ મુદ્રા જોઈ ભગવાન તેનું સમાધાન કરે છે.

પરંપરાગત રીતે ગુરુનો જવાબ એવો હોય કે 'આની પાત્રતા નહોતી એટલે ભાગ્યો' પરંતુ અહીં ભગવાન મહાવીર કહે છે કે, 'જીવ માત્ર પૂર્વ કર્મ અને પૂર્વના વેરઝેરને વશ હોય છે. એક સમયે હું ત્રિપુષ્ટ વાસુદેવ હતો અને આ સિંહ હતો. એક ભવમાં હું નૌકામાં જતો હતો અને એ નાગકુમાર મને ઉપસર્ગો આપતો એ જ આ હાલીક છે. પૂર્વના આવા ભાવોને કારણે જ એ નાઠો એ જ સત્ય છે. ભગવાને પ્રશ્ન વ્યાકરણમાં કહ્યું છે કે આ જગતનું કોઈ સાર તત્ત્વ હોય તો તે સત્ય છે. દરેક વ્યક્તિએ સત્યનું અન્વેષણ કરવું જોઈએ.

મહાવીર કથામાં શ્રી કુમારપાળ ભાઈએ આપણને ભગવાનની વિહારયાત્રામાં જોડ્યા. કથાનું શ્રવણ કરતાં જાણે આપણે એ વિહારયાત્રામાં હોઈએ અને હાલીકને ભાગતો જોતા હોઈએ તેવી અનુભૂતિ થાય છે. ભગવાન મહાવીરે આ પ્રશ્નનું જૈન દર્શનના કર્મ વિજ્ઞાનના સંદર્ભે સમાધાન કર્યું તેની પ્રતીતિ થાય છે.

જૈન ધર્મ એ માત્ર 'આર્ટ ઑફ લીવીંગ' નથી. 'આર્ટ ઑફ ડાઈંગ' પણ છે. મહાવીર કથામાં

## 'મહાવીર કથા' ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરેલી હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે. **દશ સેટ ખરીદનારને એક સેટ વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે આપવામાં આવશે.**

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

**પ્રત્યેક જૈન છાત્રાલયોએ આ ડી.વી.ડી. દ્વારા પોતાના યુવા વિદ્યાર્થીઓને આ મહાવીર ચિંતન દર્શાવવું જોઈએ.**

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

**પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ**

સંલ્લેખના સંદર્ભે જૈન દર્શનમાં મૃત્યુ-ચિંતનનું નિરૂપણ થયું છે.

આ બે ડી.વી.ડી.નું દર્શન-શ્રવણ કરવાથી બે દિવસની આ મહાવીર કથા મહાવીર પ્રસંગો અને ચિંતનને તાદૃશ્ય કરે છે અને એ ભગવાન મહાવીરના જીવનના વણસ્પર્શ્યા પાસાઓનું દર્શન કરાવે છે.

મહાવીર કથામાં સ્ટેજની સજાવટ, માઈક અને લાઈટની ઉત્તમ વ્યવસ્થા, વિશાળ ઑડિટોરિયમ, શ્રોતાઓને સંમોહિત કરે તેવું મંત્રમુગ્ધ વક્તવ્ય, સુરમ્ય ગીત-સંગીતની સુરાવલી, હાવભાવ, શૈલી, આરોહ-અવરોહ અને જાણે આદર્શ વક્તાનું ઉપનિષદ અપનાવ્યું હોય તેવા વક્તા દ્વારા મહાવીર કથાની ભવ્યતા આ ડી.વી.ડી.માં દૃશ્યમાન થાય છે.

કથાઓમાં સપાટી પરની વાતો કહી મનોરંજન કરતાં વક્તાઓ વર્તમાન સમયના પ્રવાહમાં કદાચ લોકપ્રિય બની શકે પરંતુ કાળની કસોટી સામે વિચાર તત્ત્વનું ઊંડાણ અને મૌલિકતા જ ટકી શકે. વૈચારિક સમૃદ્ધિ અને મૌલિક તત્ત્વચિંતન એ આ મહાવીર કથાની દિવ્યતા છે. વાણીની દિવ્યતા જ સ્વપર કલ્યાણકારક બની શકે. આ કથા દૃશ્ય-શ્રવણમાં દિવ્યતા અને ભવ્યતાનો સમન્વય છે.

મહાવીર કથાની વાત કરતા વિદ્વાન આયોજક ધનવંતભાઈ શાહે કહ્યું કે 'આ કથા હૃદય મંજન, હૃદય અંજન અને હૃદય રંજન છે અને આવી સરસ ચિંતન કથા જ આપણને બોધિબીજની યાત્રા કરાવે.' મહાવીર કથાએ આ વાતને ચરિતાર્થ કરતી સાત્ત્વિક ચિંતનની આબોહવાનું સર્જન કર્યું છે.

પરંપરાગત કથાકારોને બેસવાની જગ્યાને વ્યાસપીઠ કહેવાય છે. પરંતુ શ્રી ધનવંતભાઈએ આ સ્થાન માટે 'જ્ઞાનપીઠ' શબ્દનો પ્રયોગ કર્યો. મહાવીર કથાએ જ્ઞાનપિપાસુ માટે જ્ઞાન સંપ્રાપ્તિનો આનંદ પ્રદાન કરી 'જ્ઞાનપીઠ' શબ્દને ચરિતાર્થ કર્યો છે. જ્ઞાનપીઠ પર મૂકાયેલો ચળકતો તાંબાનો લોટો પણ પ્રતિકાત્મક લાગે છે. અહીં મહાવીર વાણીનું અમૃત ભરેલું પડ્યું છે. આમાંથી જેટલું અમૃત ઝીલી શકાય એટલું ઝીલવાનું છે.

આવી સુંદર મહાવીર કથાનું આયોજન કરવા બદલ ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ધનવંતભાઈ શાહ, **મુંબઈ જૈન યુવક સંઘના સંચાલકો** અને સર્વે ટીમ અભિનંદનની અધિકારી છે.

મહાવીર સ્વામીના સુવર્ણાક્ષરી કથન અને દિવ્ય જીવન દર્શનના ગુણ ગાતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી, તત્ત્વ અને સંગીતથી વિભુષિત આ વિશિષ્ટ મહાવીર કથાની બે ડી.વી.ડી. મુંબઈ જૈન યુવક સંઘે તૈયાર કરી છે. આ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા ડી.વી.ડી. તૈયાર કરવામાં આવી છે. **આ ડી.વી.ડી. દરેકે જોવા અને વસાવવા જેવી છે. પ્રત્યેક જૈન છાત્રાલયો, જૈન મંડળોમાં યુવક-યુવતીઓને બતાવવા જેવી છે.** આવા આયોજનો અનેકોને ધર્માભિમુખ કરવામાં નિમિત્ત બની શકે તેમ છે. ✶✶✶

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.) M. : 9820215542

# સામાન્ય લેખન-અશુદ્ધિઓ (૨)

❑ શાંતિલાલ ગઢિયા

એપ્રિલ '૧૦ના અંકમાં ઉપરોક્ત શીર્ષકથી પ્રગટ થયેલ લેખના પ્રોત્સાહક પ્રતિભાવ આવ્યા છે. કેટલાક વાચકમિત્રોએ પ્રેમપૂર્વક સૂચન કર્યું છે કે હજુ વધુ સ્પષ્ટીકરણ થાય અને અન્ય મુદ્દા આવરી લેવામાં આવે, તેથી લેખનો બીજો (અને અંતિમ) હપ્તો અત્રે પ્રસ્તુત છે. લેખના અંતે ભૂલો નિવારવા અંગે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો છે. રોગનાં લક્ષણો-કારણો જાણ્યા પછી એનો ઉપચાર પણ કરવો જોઈએ ને!

(૧) **નિરનુસ્વાર 'મા'ના બીજા અર્થ:** સૌરાષ્ટ્ર-કચ્છ તરફની લોકભાષામાં ક્રિયાનો નકાર સૂચવવા 'મા' પ્રયોજાય છે. જેમ કે, (૧) બેટા, કાગળ ફાડ મા. અર્થાત્ 'બેટા કાગળ ફાડીશ નહિ.' (૨) છોકરાઓ ઘોંઘાટ કરો મા. અર્થાત્ છોકરાઓ, ઘોંઘાટ કરશો નહિ. આજ્ઞાર્થ વાક્યોમાં આ રીતે 'મા' વપરાય છે. શબ્દલીલા કેવું રમણીય રૂપ ધારણ કરે છે, એનું ભવ્ય ઉદાહરણ જુઓઃ

મા, રો મા.

કેટલું નાનું વાક્ય! ફક્ત એકાક્ષરી ત્રણ શબ્દો. તેમાં અર્થનો ઘૂઘવતો સાગર વહે છેઃ મા, તું રડીશ નહિ.

**ક્રમવાચક સંજ્ઞા તરીકે 'મા':** મેં પાંચમા વિદ્યાર્થીને એ જ સવાલ પૂછ્યો. ચૌદમા અધિવેશનના પ્રમુખ દવેસાહેબ હતા. બંને વાક્યોમાં 'મા' નિરનુસ્વાર છે. પ્રાયઃ લોકો અનુસ્વાર કરે છે.

(૨) **ક્રિયાપદનો અંત્યાક્ષર 'વો' નહિ, 'ઓ' કરો.**

અહીં બેસીને ચિત્રો જુવો. તમે કપડાં ધુવો છો?

ઉપરનાં વાક્યોમાં 'જુવો' અને 'ધુવો' અશુદ્ધ પ્રયોગ છે. સાચું છે-જુઓ, ધુઓ. તેવી જ રીતે ક્રિયાપદમાં 'વે' નહિ, 'એ' કરવું જોઈએ.

રમેશ ચા પીવે છે. (સાચું-પીએ)

ચંદુ શાંતિથી સૂવે છે, (સાચું-સૂએ)

**'ખોવું', 'રોવું' ધાતુનાં રૂપોમાં થતા ફેરફાર જુઓ:**

ખોવું-ખુઓ છો

ખુએ છે

રોવું-રુઓ છો

રુએ છે

**ધાતુનાં પ્રેરક રૂપોમાં 'વો' અને 'વે' કરવું. જેમ કે,**

(૧) તમે એની પાસે વધુ કપડાં ન ધોવડાવો.

એ રોજ રામુ પાસે કાચનાં બારી બારણાં ધોવડાવે છે.

(૨) તમે જોશ જોવડાવો ત્યાં સુધી હું બે રોટલી કરી લઉં. વિદેશ જવાની ઘેલછામાં એ અવારનવાર જોશ જોવડાવે છે.

(૩) **બ્હેન, વ્હાલું, મ્હોરું વગેરે જોડાક્ષરી શબ્દોઅશુદ્ધ છે.** વાસ્તવમાં પહેલો વ્યંજન અકારાન્ત (સ્વરયુક્ત) હોવો જોઈએ. એટલે શુદ્ધ શબ્દો આમ બનશેઃ બહેન, વહાલું, મહોરું.

અમુક શબ્દોમાં 'હ'ની હાજરી બિનજરૂરી હોય છે, ત્યાં તેને પ્રેમથી 'આવજો' કહી દેવું જોઈએ.

મ્હારું, ત્હારું, ન્હાનું (અશુદ્ધ)

મારું, તારું, નાનું (શુદ્ધ).

(૪) **ક્રિયાપદમાં 'ય' અને 'ઈ'ની કરામત જાણવી રસપ્રદ થઈ પડશે.**

(ક) સમય બદલાય તેમ વ્યક્તિએ પરિવર્તન અપનાવવું રહ્યું.

(ખ) સમય બદલાઈ ગયો છે, ભાઈ મારા.

ઉપર (ક)માં 'બદલાય' મુખ્ય ક્રિયાપદ છે.

(ખ)માં પૂરક ક્રિયાપદ 'ગયો' ઉમેરાયું હોવાથી 'બદલાઈ' કરવું પડે છે.

**કર્મણિ પ્રયોગમાં કાળ અનુસારે ઈ–ય નો ભેદ:**

(ક) એમના વડે હંમેશાં વિદેશી વસ્તુઓ વપરાય છે. (વર્તમાનકાળ)

(ખ) ગયા વર્ષે એમના વડે કેટલી વિદેશી વસ્તુઓ વપરાઈ? (ભૂતકાળ)

ઉપર (ક)માં 'વપરાય', જ્યારે (ખ)માં 'વપરાઈ' ક્રિયાપદ છે. જો કે પુલિંગ-નપુસંકલિંગ સંજ્ઞા હોય તો (ખ) લાગુ પડતું નથી, જેમ કે એમના વડે વિદેશી માલ વપરાયો. (પુ.) એમના વડે વિદેશી વિમાન વપરાયું. (નપુ.)

(૫) **પૂર્વ લેખમાં સંધિની વાત કરી હતી. તેમાં વધુ ઊંડે ડૂબકી મારીએ.**

(મોતી મળે તો ઠીક!) પુનરોક્તિ, અત્યાધિક, રવિન્દ્ર, લોકેષણા, નિરોગ, સિંધોર્મિ–આ તમામ સંધિશબ્દો ખોટા છે. સાચા આમ બનશેઃ

પુનઃ + ઉક્તિ = પુનર્ + ઉક્તિ = પુનરુક્તિ

અતિ +અધિક=અત્+ ઈ + અધિક =અત્+ ય્+ અધિક = અત્યધિક (ઈ)નો ય્ થાય છે.

રવિ+ઈન્દ્ર =રવીન્દ્ર (ઈ+ઈ=ઈ)

લોક+એષણા=લોકૈષણા (અ+એ=ઐ)

નિઃ+રોગ=નિર્+રોગ=નીરોગ (નિયમ છે કે વિસર્ગનો ર્ થયા પછી બાજુનો શબ્દ ર્ થી શરૂ થતો હોય તો પહેલો ર્ દૂર થાય છે અને તેનો પૂર્વ હ્રસ્વ સ્વર દીર્ઘ થઈ જાય છે.)

સિંધુ+ઊર્મિ=સિંધૂર્મિ (ઉ+ઊ=ઊ)

તમે કહેશો, સંધિની કડાકૂટમાં કોણ પડે? એ તો વ્યાકરણના અભ્યાસીનું કામ. મિત્રો, સંધિની જાણકારી શબ્દનો અર્થ સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. પરિણામે શબ્દનું માધુર્ય માણી શકાય છે. છાંદોગ્ય ઉપનિષદનું સારરૂપ વાક્ય છેઃ तत्त्वमसि પહેલી નજરે આ એક જ શબ્દ લાગે છે, પણ તે ૩ પદોની સંધિથી બનેલું વાક્ય છેઃ तत्+त्वम्+असि, અર્થાત્ 'તે (બ્રહ્મ) તું જ છે.' આવો સુંદર અર્થ સ્ફુટ થતાં આપણને કેટલો આનંદ થાય છે!

(૬) **હલન્ત ચિહ્નનો મુદ્દો આગળ લંબાવીએ.** નેવું ટકાથી પણ વધારે લોકો વરદ્, માનદ્ આવી ખોટી જોડણી કરે છે. સાચી જોડણી છે–વરદ, માનદ. સમાસને અંતે આવતા 'દ'નો અર્થ છે 'આપનારું.'

વરદ=વરદાન આપનારું, માનદ=સન્માન આપનારું. બીજો અર્થ છે 'નિર્વેતન' (ઓનરરિ), ધનદ=ધન આપનારું, અન્નદ=અન્ન આપનારું. અનલદ=અનલ (અગ્નિ) આપનારું, સુખદ=સુખ આપનારું.

અમારા વિસ્તારમાં એક બંગલાનું નામ 'વરદ' (સાચી જોડણી) જ્યારે જ્યારે જોઉં છું, ત્યારે ત્યારે હું હરખાઉં છું. નત્ મસ્તકે, આપનો અનિલ. આપને શત્ શત્ પ્રણામ. અહીં ત્રણે ત્ અશુદ્ધ છે, એટલે કે 'ત' આખો જોઈએ– હલન્ત ચિહ્ન વગરનો.

અંતે ત્ હોય તેવા તત્સમ શબ્દો સ્વતંત્ર રીતે આવે ત્યારે યથાવત્ રહે છે, પણ એમના પછી 'જ' આવે તો હલન્ત ચિહ્ન દૂર કરવું. દા. ત. – (ક) હું કવચિત્ મયૂરને ઘેર જઉં છું. હું કવચિત જ મયૂરને ઘેર જઉં છું. (ખ) મનુએ પૂછ્યું, 'શું આમ બનશે એવું તને લાગે છે?'

કનુએ કહ્યું, 'અર્થાત જ.' (નિઃસંદેહ આમ બનશે.)

(૭) રુ/રૂ થી બનતા યુક્તાક્ષર અને ઋ થી બનતા યુક્તાક્ષર વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે.

ક્+ઋ=કૃ (ઉદા. કૃપા)

ક્+રુ=ક્રુ (ઉદા. ક્રુધિત અથવા ક્રુદ્ધ)

ક્+રૂ=ક્રૂ (ઉદા. ક્રૂર)

ઉપરોક્ત ભેદ ધ્યાનમાં નહિ રાખવાથી આપણે કેટલીક ભૂલો કરીએ છીએઃ-

શ્રુંગાર (અશુદ્ધ) – શૃંગાર (શુદ્ધ)

શ્રુંખલા–શ્રૃંખલા (બંને અશુદ્ધ) –શૃંખલા (શુદ્ધ)

ભૃણ (અશુદ્ધ) – ભ્રૂણ (શુદ્ધ)

(૮) **અશુદ્ધ ઉચ્ચાર કરવાથી અશુદ્ધ લખીએ છીએ.** દ્રષ્ટિ (અશુદ્ધ), દૃષ્ટિ (શુદ્ધ) વાસ્તવમાં 'દૃષ્ટિ' શબ્દમાં ઋ રહેલો છે, પરંતુ ઉચ્ચારમાં તેનો લોપ કરી દઈએ છીએ (ખરેખર ન કરવો જોઈએ) અને તેથી દૃ ને બદલે દ્ર બોલીએ છીએ. પછી લખીએ પણ એવું જ ને?

(૯) **જોડાક્ષરોમાં આજુબાજુના અક્ષરના સ્થાન ઊલટસૂલટ થઈ જતાં અશુદ્ધ જોડણી થાય છે.**

જાન્હવી (અશુદ્ધ) – જાહ્નવી (શુદ્ધ)

અગત્સ્ય (અશુદ્ધ) – અગસ્ત્ય (શુદ્ધ)

જિવ્હા (અશુદ્ધ) – જિહ્વા (શુદ્ધ)

ક્યારેક એક અક્ષર બેવડાવવાને બદલે બીજો બેવડાવીએ છીએઃ–

ઉદ્દાત (અશુદ્ધ) – ઉદાત્ત (શુદ્ધ)

એક અક્ષર પરનો અનુસ્વાર બીજા પર લગાવી દઈએ છીએ. એકની ટોપી બીજાના માથે!

અત્યંજ (અશુદ્ધ) – અંત્યજ (શુદ્ધ)

કંદબ (અશુદ્ધ) –કદંબ (શુદ્ધ)

(૧૦) ક્રિયાપદને 'તા' લાગે તો અનુસ્વાર ક્યારે કરવો અને ક્યારે નહિ, તેની મૂંઝવણ અનેક મિત્રોને થાય છે. ચાલો, આજે જ એનો ફેંસલો.

આવું ક્રિયારૂપ નામના વિશેષણ તરીકે આવે તો અનુસ્વાર ન કરવો. ક્રિયાના અર્થમાં વધારો કરતું હોય તો અનુસ્વાર કરવો. ઉદા. બોલતા સભ્યોને શાંત કરો.

આટલું બોલતાં મીનાને હાંફ ચડી.

પહેલા વાક્યમાં 'બોલતા' નિરનુસ્વાર છે, કારણ કે એ 'સભ્યો'નું વિશેષણ છે. કેવા સભ્યો? બોલતા સભ્યો. બીજા વાક્યમાં 'બોલતાં' એટલે કે સાનુસ્વાર છે, કારણ કે મીનાને કયારે હાંફ ચડી, એ અર્થમાં (ક્રિયાના અર્થમાં) વધારો કરે છે.

હસતા ચહેરા બધાને આકર્ષે...(વિશેષણ)

એણે મોટેથી હસતાં મારી સાથે હાથ મિલાવ્યા...(ક્રિયાના અર્થમાં વૃદ્ધિ)

અપવાદ : નપું. સંજ્ઞા–બહુવચનમાં આવું ક્રિયારૂપ વિશેષણ તરીકે આવવા છતાં 'તા' ઉપર અનુસ્વાર આવે.

(જુઓ પૂર્વ લેખ-મુદ્દો ૫)

ઉદાહરણ–તૂટતાં ગામડાં દેશનો મોટો પ્રશ્ન છે.

(૧૧) **સંસ્કૃત–અંગ્રેજી અવતરણો ટાંકતાં ક્યારેક ભૂલો થાય છે,** मातृदेवो / पितृदेवो / आचार्यदेवो / अतिथिदवो / भव: અહીં વિસર્ગવાળું भव: અશુદ્ધ છે, भव જોઈએ. (મૂળ ધાતુ भू)

અમારા શહેરમાં એક ટુરિસ્ટ બસના માલિકે પોતાના આકર્ષક વાહન પર શબ્દો ચિતરાવ્યા છેઃ यात्रीदेवो भव: અહીં પણ भव: નહિ, भव જોઈએ. (ક્યારેક બસના માલિકને કહેવાની ઈચ્છા થાય છે કે ભાઈ, તમારા માટે યાત્રી દેવ છે અને યાત્રી માટે તમારો ડ્રાઈવર.) વળી લિપિ બાબત પણ કાળજી રાખવી જોઈએ. ભાષા સંસ્કૃત અને લિપિ ગુજરાતી, એ કજોડું કહેવાય. લિપિ દેવનાગરી રાખીએ તો દેવભાષા સંસ્કૃતને પૂરો ન્યાય આપ્યો કહેવાય. श्रीकृष्ण: शरणम् मम् તેમાં मम् નહિ, मम જોઈએ. અર્થ છે 'મારું'.

तस्मै श्रीगुरवे नम: આને લગતી એક રમુજ યાદ આવે છે. એક ભાઈએ गुरवे એમ સાચી જોડણી કરી હતી. મિત્રે ટકોર કરી કે તમે ભૂલથી रु ને બદલે र કર્યો છે. પેલા ભાઈએ ઠાવકાઈથી કહ્યું કે સંસ્કૃતમાં गुरु ની ચોથી વિભક્તિ એકવચન गुरवे થાય છે.

X વાળા અંગ્રેજી શબ્દોને ગુજરાતીમાં લખતી વખતે થતી ભૂલોઃ

| **અશુદ્ધ** | **શુદ્ધ** | **અશુદ્ધ** | **શુદ્ધ** |
|---|---|---|---|
| ઝેરોક્ષ | ઝેરોક્સ | એક્ષટેન્શન | એક્સટેન્શન |
| કૉમ્પ્લેક્ષ | કૉમ્પ્લેક્સ | પ્રોક્ષિ | પ્રોક્સિ |

એટલે કે ષ નહિ, પણ સ કરવો જોઈએ, કારણ કે

અંગ્રેજી x = ક્ + સ, નહિ કે ક્ + ષ

**એક અખબારમાં જાહેર ખબર:** હાઈવે રોડ ટચ હૉટેલ વેચવાની છે. અહીં 'રોડ' શબ્દને લીધે પુનરુક્તિનો દોષ થાય છે; કારણ કે આગળના શબ્દમાં એ અર્થ આવી જ જાય છે. હાઈવે એટલે ધોરી માર્ગ. એક ગુજરાતી પુસ્તકના પ્રારંભમાં સંસ્કૃતમાં વાક્ય છેઃ गुरुकृपा ही केवलम् અહીં ही નહિ, हि જોઈએ, જેનો અર્થ છે, નિઃસંદેહ, નિશ્ચિતપણે, સાચે જ.

**માર્ગદર્શન**

ચાર મુદ્દા સૂચન રૂપે મહત્ત્વના છેઃ

(૧) **શબ્દકોશનો ઉપયોગ**–લખતી વખતે આપણી પેન નિરંકુશ દોડવા લાગે છે. પછી અકસ્માત થાય જ ને? શબ્દની જોડણી સાચી કરી છે કે નહિ, એ જાતે જ ચકાસવા શબ્દકોશની મદદ લેવી જોઈએ. કેટલાક મોટા શબ્દોમાં બે થી વધારે હ્રસ્વ–દીર્ઘ હોય છે. જેમ કે, જિજીવિષા, બિભીષિકા, વગેરે. ઉપરાંત 'સેવાશુશ્રૂષા' જેવા સામાસિક શબ્દોમાં શ-ષ–સ નું મિશ્રણ હોય છે. આવા જટિલ શબ્દોની જોડણી લખતી વખતે ચોકસાઈ ખાતર લગભગ બધાએ જોડણીકોશની મદદ લેવી પડે છે. કહેવાય છે કે ટીવીએ આખું વિશ્વ આપણા દિવાનખાનામાં લાવી દીધું છે, પણ મિત્રો, કબાટમાં મૂકેલો

શબ્દકોશ તો આખી શબ્દસૃષ્ટિ આપણા ઘરમાં લાવી દે છે. પ્રત્યેક ઘરમાં શબ્દકોશ હોવો જ જોઈએ, ઈષ્ટ દેવદેવીનું પ્રતીક હોય છે તેમ.

(૨) **વાંચતી વખતે શબ્દની જોડણીની ખાતરી કરવી.**
એક બોધવચન પ્રચલિત છે કે સામી વ્યક્તિના ગુણ જોવા, દોષ નહિ. પણ વ્યક્તિ ક્ષતિયુક્ત શબ્દપ્રયોગ કરે ત્યારે આ સૂત્ર નિષ્ક્રિય બની જાય છે. આપણે વ્યક્તિને એની ભૂલ તરફ સભાન કરવી જ જોઈએ. આનાથી ઉભય પક્ષે લાભ થશે.

(૩) **શબ્દની વ્યુત્પત્તિમાં રસ લેવો.**
શબ્દ ક્યાંથી, કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે, એની મૂળ ઉત્પત્તિ ક્યાં છે, એવી જિજ્ઞાસા આપણને થવી જ જોઈએ, જેથી કેટલાય શબ્દોની અશુદ્ધ જોડણી દૂર થશે. દા. ત. હિમાલયમાં એક તીર્થસ્થાન છે હૃષીકેશ. પ્રાયઃ આ શબ્દની જોડણી 'ઋષિકેશ' કરવામાં આવે છે. અહીં કોઈ ઋષિ કે એના કેશ (વાળ)નો સંદર્ભ છે જ નહિ. આ શબ્દની વ્યુત્પત્તિ તપાસીશું તો ખ્યાલ આવશે કે એમાં બે સંસ્કૃત શબ્દો છે– હૃષીક અને ઈશ. પહેલાનો અર્થ છે ઈન્દ્રિય અને બીજાનો અર્થ છે માલિક, સ્વામી. એટલે કે, જે ઈન્દ્રિયોનો સ્વામી છે તે શ્રીકૃષ્ણ, વિષ્ણુ ભગવાન માટે પણ આ શબ્દ વપરાય છે.

(૪) **જ્યારે અને જ્યાં પણ લખવાનો અવસર મળે, એને ઝડપી લો.**
લખવા માટે લેખક બનવાની જરૂર નથી. લખે તે લેખક. પત્રો લખો, રોજનીશી લખો, અખબાર યા સામયિકના તંત્રીને પત્રો લખી તમારા વિચારો અભિવ્યક્ત કરતા રહો. કંઈ નહિ તો ઘરના જ સ્વજનને પત્ર લખો. લખશો જ નહિ, તો સાચા-ખોટાની જાણ ક્યાંથી થશે? અને એના વગર ભૂલો સુધરશે ક્યાંથી? ચાલો, હાથમાં ટેલિફોનનું રિસીવર કે મોબાઈલનું ચોખૂણિયું નહિ, પેન પકડો. કોરો કાગળ તમારા હાથના અક્ષરો પામવા આતુર છે. એને નારાજ ન કરશો.✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬. ફોન નં. 0265-2481680

# સહસાવન જઈ વસિએ...

❑ ડૉ. કવિન શાહ

વીતરાગ દેવની દ્રવ્ય પૂજા પછી ભાવપૂજાનું શાસ્ત્રીય વિધાન છે. ભાવપૂજા એટલે ચૈત્યવંદન અને સ્તવનના સહયોગથી પ્રભુનાં ગુણગાન ગાવાની ભાવવાહી ભક્તિનો એક પ્રકાર.

પૂર્વાચાર્યોએ ૨૪ તીર્થંકરોનાં ગુણાનુવાદ યુક્ત રસિક સ્તવનોની રચના કરી. ભક્તિ માર્ગની સાથે આવશ્યક ક્રિયામાં સ્તવનનો મહિમા અપરંપાર છે. સ્તવનના આવા મહિમાને આત્મસાત્ કરવા માટે તેના અર્થનું જ્ઞાન ખૂબ જ ઉપયોગી છે. સ્તવનનું પોપટિયું રટણ એ ભક્તિનો પ્રકાર તો છે પણ તેમાં 'ભાવ' લાવવા માટે અર્થજ્ઞાન જેવું બીજું કોઈ સાધન નથી.

કવિ પંડિત વિરવિજયજીએ ગિરનારના સ્તવનની રચના કરી છે તેમાં રૂપકાત્મક અભિવ્યક્તિનો પ્રયોગ થયો છે. આ સ્તવનમાં શબ્દાર્થ નહિ પણ ગૂઢાર્થ મહત્ત્વનો છે. આ સ્તવન અર્થ સહિત રસાસ્વાદ અને ભક્તિ માટે પ્રગટ કરવામાં આવ્યું છે.

સહસાવન જઈ વસિએ, ચાલો ને સખી સહસાવન જઈ વસિએ.
ઘરનો ધંધો કબુચ નપૂરો, જો કરીએ અહો નિશિએ;
પીયરમાં સુખ ઘડીએ ન દીધું, ભય કારણ ચઉ દિશિએ
ચાલોને. ।। ૧ ।।

પશુઓનો પોકાર સાંભળીને નેમકુમાર લગ્નના માંડવેથી રથ પાછો ફેરવીને ગઢ ગિરનાર જઈ સંયમ સ્વીકારે છે ત્યારે રાજુલ પણ નેમકુમારના પગલે જવાનો નિર્ણય કરે છે તે સંદર્ભથી સ્તવનનો પ્રારંભ થયો છે. રાજુલ સખીઓને કહે છે કે સહસાવનમાં જઈને વસીએ. સહસ્ર આમ્ર વૃક્ષોનું વન એટલે સહસાવન શબ્દ પ્રયોગ થયો છે. નેમનાથ ભગવાનને આ વૃક્ષની છાયામાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક થયાં હતાં એટલે આવા પવિત્ર સ્થળે જઈએ તો મુક્તિ પ્રાપ્ત થાય. હે સખી? ઘરનો ધંધો તો પૂરો થવાનો જ નથી. રાત દિવસ ગમે તેટલું કામ કરીએ તોય કામ ખૂટે તેમ નથી...પિયરમાં તો લેશમાત્ર સુખ નથી. ચારે દિશામાં ભયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. ।। ૧ ।।

નાક વિહુણા સયલ કટુંબી, લજ્જા કિમવિન કરીએ.
ભેળા જમીએ નજર ન હારો રહેલું ઘોર તમસીએ.
ચાલોને. ।। ૨।।

સુમતિ નામની સ્ત્રી તેની સખી સમતાને ઉદ્દેશીને કહે છે. આ સંસાર વિશેના સંદર્ભથી કવિ જણાવે છે કે કુટુંબના બધા સભ્યો નાક વિનાના છે. એક બીજાની કોઈ શરમ-મર્યાદા રાખતા નથી. સાથે જમીએ ને ઝઘડી એ તો નરક જેવું લાગે છે. અહીં વસવાથી કોઈ લાભ નથી. ।। ૨ ।।

પિયર પાછળ છલ કરી મેલ્યું, સાસરીએ સુખ વસીએ.
સાસુડી તે ઘર ઘર ભટકે, લોકન ચટકે ડસીએ.
ચાલોને. ।। ૩।।

પિયરીયાને છોડીને ચેતન રાજ સાથે લગન કરી સાસરીએ જઈએ, પણ ત્યાં ઘણી મુશ્કેલી છે.

કહેતાં સાસુ આવે હાંસુ, ભુંશીએ મુખ લેઈ મશીએ.

કત અમારો બાબો ભોળો, જાણે ન અસી મસી કસીએ.।।૪।।

મારી કુમતિ નામની સાસુ દુષ્ટ સ્વભાવની છે. તેને સાસુ તરીકે ઓળખાવવામાં શરમ આવે છે. તેનું મોઢુય જોવુંય ગમતું નથી. મશી (શાહી-ઈન્ક)નો કુચડો તેના મુખ ઉપર ફેરવી દઉં તેવી દાઝ ચઢે છે. કારણ કે મારા ચેતન રાજને ખૂબ ચઢવણી કરે છે. પતિ તો સાવ ભોળા શંકર જેવો છે. અસિ, મસિ અને કૃષિ વગેરે કોઈ પણ કામ કરવાનું જાણતો નથી. જાણે કે અકર્મ ભૂમિનો યુગલિક જેવો છે.

જૂઠા બોલી કલહણ શીલા ઘર ઘર ઘૂમી જવું ભસીએ.
એ દુઃખ દેખી હઈડું મૂંઝે, દુર્જનથી દૂર ખસીએ.
ચાલોને ।। ૫ ।।

સાસુ કજિયાખોર અને જુઠ્ઠા બોલી છે. ઘેર ઘેર કુતરાની માફક ભટકે છે. અને અમારા અવગુણ બોલતી (નિંદા) કરતી ફરે છે. આવું દુઃખ હૈયામાં સમાતું નથી. આવા દુર્જનથી તો દૂર રહેવું જ સારું છે.

'રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું, કાળ ગયો હસ મસીએ,
શ્રી ગિરનારે ગણ્ય કલ્યાણક, નેમિ નયન ઉલ્લસીએ.
ચાલોને ।। ૬ ।।

રૈવતગિરિ (ગીરનાર તીર્થ)નું ધ્યાન ધર્યું નહિ તેનો કાળ હસવા-મજાકમાં વીતી ગયો છે. આ ગિરનાર તીર્થ પર નેમનાથ ભગવાનનાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયાં છે, એટલે આ પવિત્ર ભૂમિને નમન કરીને (વંદન) કરીને અતિ ઉલ્લાસ અનુભવીએ.

શિવ વરશે ચોવીશ જિનેશ્વર, અનાગત ચઉવીશીએ,
કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ, શરણ ગિરિને ફરસીએ.
ચાલોને ।। ૭ ।।

આવતી ચોવીશીમાં ૨૪ તીર્થંકરો આ ગિરનાર ઉપર મોક્ષે જવાના છે. આ તીર્થમાં અન્ય નામ કૈલાસ, ઉજ્જવંત, રૈવત ગિરિ છે માટે આ તીર્થનું શરણ સ્વીકારીને યાત્રા તીર્થ સ્પર્શના કરવા જેવી છે.

ગિરનાર નંદભદ્રએ નામે, આરે આરે છ ચોવીશીએ,
દેખી મહીતલ મહિમા મોટો, પ્રભુ ગુણ ધ્યાન વરસિએ.
ચાલોને ।। ૮ ।।

આવતી ચોવીશીમાં ગિરનાર તીર્થ નંદભદ્ર નામથી પ્રસિદ્ધ થશે. એમ છ આરામાં જુદા જુદા નામથી તીર્થનો મહિમા વધશે. આ પૃથ્વી પર ગિરનાર તીર્થનો મહિમા અપરંપાર છે. તેનું ધ્યાન ધરીને ગુણગાન ગાઈ ભક્તિથી વૃષ્ટિ કરીએ.

કવિ હંસવિજયજી કૃત શ્રી ગિરનાર તીર્થની પૂજામાં ગિરનારના છ નામનો ઉલ્લેખ થયો છે.

પહેલા આરામાં કૈલાસગિરિ–૨૬ યોજન પ્રમાણ
બીજા આરામાં ઉજ્જવંતગિરિ-૨૭ યોજન
ત્રીજા આરામાં રૈવંતગિરિ-૧૬ યોજન
ચોથા આરામાં સ્વર્ણ ચળ-૧૦ યોજન
પાંચમા આરામાં ગિરનાર–૨ યોજન
છઠ્ઠા આરામાં નંદભદ્રગિરિ–૧૦૭ ધનુષ્ય.
આ રીતે છ નામની માહિતી પ્રાપ્ત થાય છે.

અનુભવ રંગ વધે તેમ પૂજા કેશર ઘસી ઓરસીએ,
ભાવસ્તવ શુભ કેવલ પ્રગટે, શ્રી શુભવીર વિલસીએ.
ચાલોને. ।।૯।।

ભક્તિના રંગની અનેરી અનુભૂતિ વૃદ્ધિ પામે તેવી રીતે ગિરનાર તીર્થ ઉપર બિરાજમાન નેમનાથ ભગવાનની ઓરસીએ કેશર ઘસીને પૂજા કરીએ.

પ્રભુ પ્રત્યે શુભ ભાવના ભાવતાં કેવળજ્ઞાન પણ પ્રગટ થશે. (ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન). પંડિત વીરવિજયજી કહે છે કે આ રીતે પ્રભુ ભક્તિમાં તલ્લીન બનીને વિલાસ કરીએ.

સાચું સાસરું મોક્ષ છે અને તે ગિરનાર ઉપર જવાથી મળશે એમ રાજિમતીની ભાવના સ્તવનમાં પ્રગટ થઈ છે. પણ આ ભાવના–વિચાર સૌ કોઈએ વિચારવા જેવો છે. કવિએ ગિરનારનો મહિમા ગાવાની સાથે આજની ચોવીશીમાં નંદભદ્ર નામથી તીર્થ પ્રસિદ્ધ થશે એ વાત પણ સ્પષ્ટ જણાવી છે. પંડિત વીર વિજયજીની રચનાઓમાં ગૂઢાર્થ રહેલા છે અને તે સમજાય તો ભાવસ્તવ-ચૈત્યવંદનમાં સ્તવન બોલવાથી સાચો ભાવ અને પ્રભુની સ્તુતિ થાય તેમ છે. કવિ પદ્મ વિજયજીએ શાંતિનાથની થોયમાં જણાવ્યું છે કે-

જિનવરની વાણી મોહવલ્લભ કૃપાણી
સૂત્રે દેવાણી સાધુને યોગ્ય જાણી
અર્થે ગૂંથાણી દેવ મનુષ્ય પ્રાણી
પ્રણમો હિત આણી મોક્ષની એ નિશાની. ।।૩ ।।

ભગવંતની વાણી સાધુ ભગવંતોને સૂત્ર રૂપે પ્રદાન કરવામાં આવી છે. જ્યારે દેવ અને મનુષ્ય તેના અર્થ સમજીને મોક્ષ માર્ગની સાધનામાં પ્રગતિ કરી શકે છે એટલે જ્ઞાનમાર્ગની નાની મોટી રચનાઓનો અર્થ આત્મસાત્ થાય તો ભાવમાં અભિવૃદ્ધિ થયા વગર રહે નહિ. ગિરનારનું પ્રાચીન નામ 'ઉ જ્જિંતિ' એટલે ઉજ્જયંત છે તેનો ઉલ્લેખ જગ ચિંતામણિ સૂત્ર અને સિદ્ધાણં બુદ્ધાણંથી મળે છે. વિવિધ તીર્થ કલ્પમાં પણ આ તીર્થનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. ગિરનાર ઉપર કરંજ નામની શિલા ઘોડાના આકારની છે. તેની મેખલા પર છત્રશિલા છે.

આ તીર્થની પવિત્રતા સુપ્રસિદ્ધ છે. આ તીર્થ જુદા જુદા નામથી પ્રસિદ્ધ છે. નેમનાથનું જિનાલય નિર્વાણ શિલા નામથી ઓળખાય છે.✷ ✷ ✷

C/103, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, નરિમાન પોઈન્ટ,
બીલીમોરા-૩૬૯ ૩૨૧. ટેલિફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

# જયભિખ્ખુ જીવનધારા : ૧૯

□ ડૉ. કુમારપાળ દેસાઈ

*[સર્જકના જીવનમાં પરિસ્થિતિના જુદા જુદા વળાંકો એના સર્જનને પ્રભાવિત કરે છે. બાળકો માટે પ્રેરણાદાયી વાર્તાઓ લખનાર અને યુવાનો માટે સાહસકથાઓ સર્જનાર 'જયભિખ્ખુ'ના જીવનની આ ઘટનાઓ એમની માનસસૃષ્ટિમાં આવેલાં પરિવર્તનોની ઝાંખી કરાવે છે. જયભિખ્ખુની વિદ્યાર્થી અવસ્થામાં બનેલા પ્રસંગને જોઈએ આ ઓગણીસમાં પ્રકરણમાં.]*

## ડાકુનો ભેટો

આ જીવન એટલે જાણે નિરંતર રઝળપાટ. હજી એક ગામમાં મન માંડ ઠરીઠામ થાય, ગમતા દોસ્તોની મંડળી જામે, ગામની પ્રકૃતિ સાથે આત્મીયતા અને એકરૂપતા બંધાય, ત્યાં તો ગામમાંથી વસમી વિદાય લેવાનો વખત આવે! એક સૃષ્ટિ સર્જી હોય, તે રાતોરાત અદૃશ્ય થઈ જાય અને નવા જગતમાં પ્રવેશ કરવાનું બને!

સૌરાષ્ટ્રના વીંછિયા, બોટાદ અને સાયલામાં થઈને ઉત્તર ગુજરાતના વરસોડાની નિશાળમાં ભીખાલાલને ભણવાનું બન્યું. સાબરમતી નદીના કિનારે આવેલાં કોતરોથી ભરપૂર એવા આ ગામ સાથે નિશાળિયા ભીખાલાલ ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ના હૃદયના તાર આસપાસના વાતાવરણ અને પ્રકૃતિ સાથે હજી ગૂંથાતા હતા. ધીરે ધીરે દોસ્તોની મંડળી પણ જામી હતી. બાળપણની ધીંગામસ્તી પૂરજોશમાં ચાલતી હતી, ત્યાં ભીખાલાલને વરસોડા છોડવાનું આવ્યું. સાત ધોરણ સુધીનો અભ્યાસ વરસોડામાં કર્યા પછી અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લેવા માટે પ્રવેશ મેળવ્યો.

એ પછી ભીખાલાલ અને એમના પિતરાઈ મોટાભાઈ રતિલાલ દીપચંદ દેસાઈએ પારંપરિક ઉચ્ચશિક્ષણ લેવાને બદલે ધાર્મિક શિક્ષણ લેવાનો વિચાર કર્યો. કારભારી વીરચંદભાઈના નાનાભાઈ દીપચંદભાઈ અત્યંત ધાર્મિક વૃત્તિના હતા. કુટુંબમાં તેઓ 'દીપચંદ ભગત' તરીકે જાણીતા હતા. એમનાં પત્ની શિવકોરબહેનનું વિ. સં. ૧૯૭૭ને ચૈત્ર સુદ ૪ના દિવસે અવસાન થયું. પત્નીના નિધન બાદ એ સાંસારિક જીવનથી વિરક્ત બન્યા અને દીક્ષા અંગીકાર કરી. એમના પુત્ર રતિલાલ અને ભીખાલાલ એ બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે અખૂટ સ્નેહ. સગા ભાઈઓ જેવો એમનો ગાઢ પ્રેમ. પરિણામે બંનેએ ધાર્મિક શિક્ષણ લેવાનો વિચાર કર્યો. પરિણામે મુંબઈમાં વિલેપાર્લેમાં આવેલી મુનિશ્રી વિજયધર્મસૂરિએ સ્થાપેલા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળની સંસ્થામાં જૈન ધર્મનું શિક્ષણ લેવાનો વિચાર કર્યો. ભીખાલાલે એમાં પ્રવેશ મેળવ્યો, પણ રઝળપાટ કંઈ પીછો છોડે ખરી? વિલેપાર્લેની સંસ્થામાં સ્થાયી થયા, ન થયા ત્યાં તો આખી પાઠશાળાનું જ વિ. સં. ૧૯૭૮માં બનારસ ખાતે સ્થળાંતર કરવાનું બન્યું.

આ સમયે આચાર્ય વિજયધર્મસૂરિજીએ વિચાર્યું કે વિદ્યાના ક્ષેત્રમાં સંગીન કાર્ય કરવું હોય તો વિદ્યાના ધામ કાશી જવું જોઈએ. કાશીમાં ભિન્ન ભિન્ન દર્શનોના અનેક અધ્યાપકો મળે, જે અધ્યાપકો વિદ્યાર્થીઓને દર્શનશાસ્ત્રનો ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરાવી શકે. આવા પંડિતો પાસે અભ્યાસ કરવાની તક મળે, તો જ સમાજમાં તેજસ્વી વિદ્વાનોનું નિર્માણ થાય. વિદેશમાં જઈને ધર્મપ્રચાર કરે તેવા તેજસ્વી યુવાનો ઘડવાનો પણ એમનો હેતુ હતો. આથી એમણે ગુજરાતમાંથી બારસો-તેરસો માઈલનો વિહાર કરીને કાશી જવાનું નક્કી કર્યું. આસપાસના ગુજરાતી સમાજે તો હાથ જોડીને વિનંતી કરી, 'ગુરુદેવ, ગુજરાત છોડીને આટલે બધે દૂર જવાની શી જરૂર છે? વળી ત્યાં ક્યાં કોઈ આપણું પરિચિત છે, આથી આપ ગુજરાતમાં વિહાર કરો, તો આપના આત્માને આનંદ થશે.'

પણ આ. શ્રી વિજયધર્મસૂરિજીએ આ વિનંતીનો અસ્વીકાર કરીને કહ્યું, 'સાધુપુરુષોએ મુશ્કેલીથી ડરી જઈ અમુક સ્થળે ન જવું તે વિચાર યોગ્ય નથી. મને ચોક્કસ ખાતરી છે કે ત્યાં જવાથી દરેક પ્રકારના લાભ જ થવાના.'

એક મંગલ પ્રભાતે મુનિશ્રી વિજયધર્મસૂરિજીએ છ સાધુઓ અને દસ શિષ્યો સાથે ગુજરાત છોડ્યું અને તેઓ વિ સં. ૧૯૫૯ની અક્ષયતૃતીયાએ કાશી પહોંચ્યા. અહીં કોઈ પરિચિત નહોતું. વળી જૈનો પ્રત્યે અને તેમાંય જૈન સાધુઓ પ્રત્યે તો સનાતની પંડિતોમાં ભારે અણગમો અને સૂગ હતાં, આથી રહેવાનું સ્થળ મેળવતાં પારાવાર મુશ્કેલી પડી. માંડ માંડ એક પુરાણી ધર્મશાળા ઊતરવા માટે મળી. ચાંચડ-માંકડ જીવજંતુઓનો ત્યાં તોટો નહોતો. આવી વિપરીત પરિસ્થિતિ હોવા છતાં શ્રી વિજયધર્મસૂરિજીનો નિશ્ચય લેશમાત્ર ડગ્યો નહીં. બીજા જ દિવસે નમતા પહોરે પોતાના શિષ્યોને લઈને નગરના ચોકમાં ઊભા રહીને એમણે વ્યાખ્યાન આપ્યું. હિંદી ભાષા પર પ્રભુત્વ હોવાથી એમને સાંભળવા લોકો એકઠાં થતાં હતાં. એ પછી તો રોજ નમતા પહોરે કાશીના જુદા જુદા લત્તાઓમાં ઊભા રહીને વ્યાખ્યાનો આપવા લાગ્યા અને લોકસમૂહમાં એમના પ્રત્યે ભક્તિ જાગવા લાગી.

ધીરે ધીરે કાશીના વિદ્વાનોની મંડળીને પણ એમના વ્યાખ્યાનોમાં રસ જાગ્રત થયો. વ્યાખ્યાનોની આ ધારાની સાથોસાથ પાઠશાળા માટે એક સારું મકાન શોધવાનું કામ શરૂ થયું. થોડાક સમયમાં નંદસાહુ મહોલ્લામાં અંગ્રેજી કોઠીના નામે ઓળખાતી આખી ઈમારત મુંબઈના બે ભક્તોએ ખરીદી લીધી અને એ મકાનને શ્રી

યશોવિજય જૈન પાઠશાળા નામ આપીને વિદ્યાયજ્ઞનો પ્રારંભ કર્યો.

પ્રારંભમાં દસ વિદ્યાર્થીઓની સંખ્યા હતી, તે ધીરે ધીરે સાઠ પર પહોંચી. મુંબઈના વિલેપાર્લેની સંસ્થાએ સ્થળાંતર કર્યું અને બનારસમાં આવ્યા. ત્યાંથી આગ્રા અને ત્યાંથી ગ્વાલિયર રાજ્યના શિવપુરીમાં સંસ્થા સ્થિર થઈ. વિ. સં. ૧૯૮૦-૮૧ના સમયમાં શિવપુરીમાં પૂ. આચાર્યજી વિજયધર્મસૂરિજી મહારાજના સમાધિ મંદિર નજીકના મકાનમાં સંસ્થા સ્થિર થઈ. વરસોડા અને અમદાવાદ પછી ભીખાલાલે શિવપુરીના પ્રાકૃતિક વાતાવરણમાં અભ્યાસ કરવાનો પ્રારંભ કર્યો. એ સમયે સૌરાષ્ટ્રના સાયલા ગામના વતનીઓ ગર્વભેર કહેતા કે ગામના બે વિદ્યાર્થીઓ રતિલાલ અને ભીખાલાલ પંડિત થવા માટે છેક કાશી અભ્યાસ કરવા ગયા છે.

શિવપુરીમાં અભ્યાસ કરતા ભીખાલાલને વતનની યાદ ખૂબ સતાવતી હતી. એ વિચારતા કે હું કેટલે બધે દૂર ફેંકાઈ ગયો! ન ગુજરાત, ન કચ્છ, ન કાઠિયાવાડ અને છેક ગ્વાલિયર – આગ્રા સુધી ઢસડાઈ ગયો. અહીં માતૃભાષા ગુજરાતી સાંભળવા મળે નહીં એટલે એમનું મન અંદરોઅંદર કોચવાતું હતું. અહીંના લોકોના વેશ પણ જુદા અને સંસ્કાર પણ જુદા. ગ્વાલિયરના ભયંકર જંગલોથી વીંટળાયેલા શિવપુરી નામના ગામના નાનકડા ગુરુકુળમાં એમણે અભ્યાસનો પ્રારંભ કર્યો. અહીં નિયમિત સ્વાધ્યાય, ચિંતન અને મનન કરતા હતા.

વિદ્યાના ધામ તરીકે આ ગુરુકુળ ઘણું પ્રસિદ્ધ હતું. એક સમયે રાત્રે ઘુવડનો અવાજ સાંભળીને ડરતા ભીખાલાલને વરસોડાના કોતરોએ હિંમત અને સાહસ અજાણપણે ભેટ આપ્યાં હતાં. એ પછી એના મનમાં સતત એવી તમન્ના રહેતી કે ઘોર જંગલોમાં ઘૂમવાનું મળે તો કેવું સારું! અઢળક આનંદમયી પ્રકૃતિની વચ્ચે જીવવાનું મળે તો કેવું સારું! જુદા જુદા પ્રદેશો જોવા મળે, તો કેવી મજા આવે! આવી ઉત્સુકતાની આંખે ભીખાલાલ શિવપુરીના ગુરુકુળમાં આવ્યા.

એમાં વળી એમનો એક સાથી જગત પણ ખેતીવાડીનો વિષય લઈને શાઝાપુરના જંગલોમાં આવીને વસ્યો. આ શાઝાપુર અને ભીખાલાલના ગુરુકુળ વચ્ચે બહુ ઓછું અંતર હતું. એ જંગલોમાં જગતે પચાસેક કૂબાના એક ગામ પાસે ખેતીવાડીના પ્રયોગો માટે જમીન લીધી હતી. એ જમાનામાં અહીં હથિયારબંધીનો કાયદો નહોતો, એથી જગતે બે નાળવાળી એક સુંદર બંદૂક વસાવી હતી. એ બંદૂકથી એણે આ પ્રદેશના 'ઘોડાપછાડ'ના નામે ઓળખાતા સાપને વીંધ્યો હતો.

આ 'ઘોડાપછાડ' સાપનું ઝેર દાંતને બદલે એના લાંબા તીક્ષ્ણ ડંખમાં હોય છે અને ગમે તેવા મજબૂત ઘોડાને જો આ સાપ એક વાર દંશ આપે, તો એ જમીન પર તરફડીને મૃત્યુ પામે છે. જ્યાં ઘોડાની આવી દશા થતી હોય, ત્યાં માણસની તો કેવી બૂરી હાલત થાય? દર ઉનાળામાં રજાઓમાં ભીખાલાલ પ્રવાસનું આયોજન કરે અને બીજા ગોઠિયાઓ ઉપરાંત એમાં જોડાવા માટે જગતને વિશેષ નિમંત્રણ મોકલતા. ગ્વાલિયરથી પોણોસો માઈલ દૂર નળ રાજાની રાજધાનીનું ગામ નરવર આવ્યું હતું. એ ગામની મુલાકાત લેવાની ભીખાલાલને લાંબા સમયથી ઈચ્છા હતી. નળ અને દમયંતીની કથામાં એના ઉલ્લેખો બાળપણમાં ઘણી વાર સાંભળ્યા હતા અને તેથી નરવર ગામ અને ડુંગરી પર આવેલો કિલ્લો જોવાની તાલાવેલી જાગી હતી.

ઉનાળાની રજાઓમાં ભીખાલાલ અને જગતે આ પ્રવાસનું આયોજન કર્યું. આ પ્રદેશમાં ઉનાળાના દિવસોમાં ધોમધખતા તાપમાં બપોરે મુસાફરી કરવી મુશ્કેલ હતી. માથે પ્રચંડ તાપ હોય અને નીચે ધરતી લાવારસની જેમ ઊકળતી હોય. બધે આંખ ફેરવો તોય ક્યાંય એક ચકલુંય ફરકતું જોવા ન મળે. આથી મુસાફરો ખૂબ વહેલાં, ભળભાંખળું હોય તેવા સમયે પ્રવાસનો પ્રારંભ કરતા હતા અને આઠ-નવ વાગતાં જે વિસામો આવે, ત્યાં મુકામ કરતા હતા. પણ ભીખાલાલ અને જગત પાસે ઓછા દિવસો હતા, આથી એ સવારે અને સાંજે એમ બે વખત મુસાફરી કરીને પંથ કાપવા લાગ્યા.

બંને મિત્રો નરવર ગામથી પંદરેક માઈલ દૂર હતા. એમનો વિચાર તો વહેલી સવારે નરવર ગામમાં પહોંચીને ઘૂમવા નીકળવાનો હતો. આથી સાંજે ઝડપભેર સાતેક માઈલ ચાલી નાખે તો બીજે દિવસે વહેલી સવારે બાકીનો પ્રવાસ કરતાં થાક ન લાગે અને થોડા આરામ બાદ ગામમાં ફરવા નીકળી શકાય. આથી બંનેએ સાંજે જ ચાલવાનું શરૂ કર્યું.

આખો દિવસ ધોમધખતા તાપમાં અતિશય આકરી ગરમી સહેનારું જંગલ હજી ચામડી બાળી

**૨૦૧૦ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાની**
**C. D. ના સૌજન્યદાતા**

અમને જણાવતાં આનંદ થાય છે ૨૦૧૦ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠ દિવસના ૧૬ વ્યાખ્યાનની સી.ડી.ની પ્રભાવના માટે શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી સંઘને રૂા. ૪૫,૦૦૦/- (અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પૂરા) મળ્યાં છે તે માટે સંઘ એમનો આભાર માને છે.

૨૦૧૦ ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાન માળા તા. ૪ સપ્ટેમ્બર થી તા. ૧૧ સપ્ટેમ્બર સુધી યોજાશે અને પ્રત્યેક વ્યાખ્યાનની સી. ડી. વ્યાખ્યાનના બીજે દિવસે સર્વે જિજ્ઞાસુ શ્રોતાઓને વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

શ્રુતજ્ઞાન દાનનો લાભ લેવા માટે દાતાશ્રીને અભિનંદન અને ધન્યવાદ.

–મેનેજર

નાંખે તેવી ગરમ વરાળો કાઢતું હતું. રસ્તાની ભેખડો પણ ઘણી ગરમ હતી અને મિત્રોની ટુકડી ધીરે-ધીરે પ્રવાસ ખેડતી એક પુલ પાસે આવી પહોંચી. એકાદ માઈલ લાંબા પુલની નીચે વહેતી નદીનો અર્ધો પટ સૂકો હતો અને પુલ પસાર કરીને ચાલતી વખતે નદીનું દૃશ્ય અતિ આહ્‌લાદકારી લાગતું હતું. નાના નાના ગોળ પથરા અને કાંકરા સાથે હળવે-હળવે અથડાઈને વહેતો જળપ્રવાહ મધુર સંગીતની ધૂન છેડી રહ્યો હોય, તેમ લાગતું હતું. ઉપર આકાશમાંથી ચાંદની વરસાવતો ચંદ્ર સૃષ્ટિને શ્વેત અમી પાઈ રહ્યો હતો. કુદરત આવી મહોરી હોય ત્યારે એની વચ્ચેથી આગળ વધવાનું મન કોને થાય? આથી ભીખાલાલ અને તેમના મિત્રોએ અહીં જ તેમનો પડાવ નાંખી દીધો અને સાથે ઝોલામાં લાવ્યા હતા, તે સાથવો (ખાદ્ય પદાર્થ) પાણીમાં પલાળીને આરોગી લીધો અને કુદરતી શોભા મનભર માણવા માટે નદીકિનારે જઈને બેઠા. આ પ્રવાસી મંડળી ખાવા-પીવાની બહુ ઝંઝટ રાખતી નહીં. જે મળ્યું તેને નિરાંતે આરોગવું, પેટ ભરવાનું જ કામ હતું. સૌ કુદરત જોવામાં મસ્ત હતા, ત્યારે થોડે દૂર તાપણાં જેવું દેખાયું અને ધીરે ધીરે એ તાપણું વધતું ગયું. ભીખાલાલની મિત્રમંડળી સાથેના ભોમિયાએ કહ્યું, 'ઘણી વાર અહીંના આદિવાસી લોકો માનતા રાખે છે કે જો મારા ઘરે સંતાન થશે અથવા મારો દુશ્મન અણધાર્યો મૃત્યુ પામશે, તો હું ડુંગરો ધોઈશ. ડુંગરો ધોવાનું એટલે વન બાળવાનું. કદાચ કોઈની માનતા પૂરી થઈ હશે, જેથી આ જંગલ બાળતા હશે.'

ભોમિયાના ખુલાસાએ ભીખાલાલ અને એમના સાથીઓનાં મનને સમાધાન આપ્યું. મોજીલા જગતે પોતાનું ગાયન ફરી આગળ ચલાવ્યું. એવામાં જોયું તો કેટલાક માણસોની ટોળી સામેથી આવતી હતી.

ભીખાલાલે કહ્યું, 'આ પણ આપણા જેવા કોઈ વટેમાર્ગુ હશે; પરંતુ તરત જ પોતાનો અભિપ્રાય ખોટો લાગ્યો. સામેથી પંદરેક માણસો ચાલ્યા આવતા હતા. બે વ્યક્તિના હાથમાં દારૂ ભરીને ફોડવાની જૂની બંદૂક હતી. ચારેકના હાથમાં બલ્લમ હતા અને બાકીના લોકોના હાથમાં તલવારો અને લાઠીઓ હતી.

કેટલાક અર્ધનગ્ન હતા, તો કેટલાકે ફાટેલાં કપડાં પહેર્યાં હતાં, છતાંય એમનો ચહેરો રાત્રે બિહામણો લાગતો હતો. મધરાતે આવા માણસોનો ભેટો બીક જગાડે તેવો હતો અને એવામાં ટુકડીના ભોમિયાએ એકાએક જાહેર કર્યું, 'અરે, આ તો ડાકુ.' અને ભોમિયો ઢીલોઢસ થઈને જમીન પર બેસી ગયો. સહેજ સ્વસ્થ થતાં એ ભયનો માર્યો થોડે દૂર આવેલી ઝાડીમાં લપાઈને બેઠો. ભીખાલાલ, જગત, બીજા કેટલાક સાથીઓ અને બે ગાડાવાળા સામેથી આવતા ડાકુઓને જોઈ રહ્યા. બે ગાડાવાળા મજબૂત મનના હતા; પરંતુ ખાલી હાથે હતા. એમને ઘણી વાર આવી રીતે આ માર્ગેથી પસાર થતાં આવા ભયનો સામનો કરવો પડ્યો હતો, તેથી તેઓ ડરતા નહોતા. ગાડાના આડાં કાઢી તેઓ સામા ઊભા રહ્યા.

જગતના ચહેરાનો ભાવ પલટાઈ ગયો. કોઈ પડકાર સામે આવતાં તેનો ચહેરો અત્યંત તંગ અને ઉગ્ર બની જતો હતો. બાવીસેક વર્ષના યુવાને હિંમતભેર પોતાની બદૂક સંભાળી. ભીખાલાલ તેની પાસે પહોંચ્યા અને કહ્યું, 'આ ડાકુઓ સામે તો જો! ગરીબ અને બેહાલ ગામડાના લોકો લાગે છે. એમની સાથે બંદૂકની ચાંપથી કામ લેવાને બદલે ચતુરાઈભરી કળ વાપરીને કામ લેવાની જરૂર છે. વળી આપણી પાસે છે પણ શું, કે જે એ લૂંટી જવાના હતા? માટે દોસ્ત જગત, જરા ધીરજથી કામ લે, આપણી પાસે માલ નથી તો જાનની ચિંતા પણ નથી.'

જગત આવેશમાં હતો. એના હાથમાં કારતૂસ ભરેલી બંદૂક રમતી હતી. એના ઘોડા પર આંગળી મૂકીને એણે ભીખાલાલને કહ્યું, 'ગામડીયા હોય કે બહારવટિયા હોય, પણ મને પહેલાં ભડાકો કરી લેવા દે. પહેલો ઘા રાણાનો. જે પહેલો પ્રહાર કરે, તે કદી ના હારે. જો આ બધા આપણી નજીક આવી જશે તો આવી એકાદ બંદૂકે અને આટલા ઓછા કારતૂસે આપણે એમને નહીં પહોંચી શકીએ.'

ભીખાલાલ સાહસ અને સબૂરી બંને જાણતા હતા. એમણે કહ્યું, 'થોભી જા, જગત! અમારી સંમતિ વગર બંદૂકનો ઘોડો દબાવતો નહીં અને એક ગોળી પણ આ ડાકુઓ પર ચલાવતો નહીં. એ લૂંટારા હશે તો આપણી પાસેથી શું લૂંટી જવાના. આપણી પાસે તો આ વેલ્સનું કંપોઝિશન અને હેમચંદ્રાચાર્યનું અભિધાન ચિંતામણિ છે.'

જગત ભરી બંદૂકે વિચારમાં પડ્યો.

(ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોનઃ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

**શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહને અભિનંદન**

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને સંઘના સંનિષ્ઠ કાર્યકર શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહને જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના ૨૦૦૯-૧૧ ના ઈલેક્ટ પ્રેસિડેન્ટ અને ૨૦૧૨ના વર્ષ માટે પ્રેસિડેન્ટ તરીકે ફેડરેશનના પચાસ હજાર સભ્યોએ સર્વાનુમતે નિયુક્ત કર્યાં છે.

શ્રી દિલીપભાઈના માર્ગદર્શન હેઠળ એ સંસ્થા નવા વિચારોથી નવી દિશામાં પ્રગતિ કરશે એવી શ્રદ્ધા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવારના શ્રી દિલીપભાઈને અભિનંદન.

કાર્યવાહક સમિતિ : શ્રી મું. જૈન યુ. સંઘ

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૨૦

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

### બીઉદશ પ્રકરણ : ચેટક સ્તુતિ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નો આપણે સ્વાધ્યાય કરીએ છીએ. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ૧૬ અધ્યાય પૂર્ણ થયા પછી જે ૬ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં ૪થું પ્રકરણ 'ચેટક સ્તુતિ' છે. તેના ૩૬૩ શ્લોક છે.

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વેનો સમય સૌને વિસ્મયમાં મૂકે તેવો સમયખંડ છે. જ્યારે પૃથ્વી પર ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વિચરતા હતા, બીજાં અનેક મહાપુરુષો પૃથ્વી પર ઉપસ્થિત હતા ત્યારની વાત કરીએ છીએ ત્યારે સમજાય છે કે જીવન અને જગતમાં કેવા કેવા મેઘધનુષ્યના રંગ ખીલ્યાં, વિખરાયાં! નાની-નાની વાતમાં યુદ્ધ, સ્ત્રી, ધરતી અને સંપત્તિ માટેની લડાઈ, હિંસા અને રાજકીય કાવાદાવા પ્રત્યેક જમાનામાં જોવા મળે છે તેવું ચિત્ર ભયાનક રૂપે તે સમયખંડનું દોરાયું છે. કલહ, વૈમનસ્ય, અશાંતિ, દરિદ્રતા, રોગનું પણ સામ્રાજ્ય તે સમયમાં જોવા મળે છે તો પ્રેમ, શાંતિની શોધ, સત્કાર્ય માટેનો પ્રયત્ન, આત્મકલ્યાણની મથામણ અને જનકલ્યાણના કાર્યો : એ પણ તે સમયમાં વિપુલ રૂપે જોવા મળે છે.

રાજા ચેટક વૈશાલીના મહારાજા હતા. વૈશાલી ભારતનું અગ્રગણ્ય ગણતંત્ર રાજ્ય હતું. ભારતની સર્વપ્રથમ લોકશાહીની વ્યવસ્થા અહીં વિકસી. વૈશાલી સુખી અને સમૃદ્ધ રાજ્ય હતું. શ્રીમંતો સન્નારીઓ, બાહોશ રાજદ્વારીઓથી વૈશાલી ઉભરાતું હતું. રાજા ચેટક, સિંહ સેનાપતિ, આમ્રપાલીની પ્રતિષ્ઠા ભારતવર્ષમાં છવાઈ હતી. દેવમંદિરો, ભવ્ય મહેલો, વિશાળ ઉદ્યાનો, અગણિત પુકુરો, પર્વતશ્રેણી અને ખળ ખળ વહેતી ગંડકી નદી : વૈશાલીની શ્રી અને કીર્તિ આસમાને હતા. રાજા ચેટક અહીંના લોકપ્રિય મહારાજા હતા.

ચેટક રાજા લોકપ્રિય, ન્યાયપ્રિય અને શૂરવીર રાજા હતા. તેમની એક પ્રતિજ્ઞા એવી હતી કે ગમે તેવા ભયાનક યુદ્ધમાં પણ તેઓ દિવસમાં એક જ વાર ધનુષ્યબાણ ઉઠાવતા અને એક જ વાર બાણ ફેંકતા! અત્યંત મુત્સદ્દી, ધનુર્ધર અને વૈશાલીની ગણતંત્ર પરિષદના અધ્યક્ષ તરીકે રાજા ચેટક નામાંકિત હતા. સાથોસાથ પૂરા ધાર્મિક હતા. ભગવાન મહાવીરના સંસારી પક્ષે તેઓ મામા થાય. મહારાણી ત્રિશલાના તેઓ બંધુ હતા.

રાજા ચેટકની સાતેય પુત્રીઓ ગજબનાક સૌંદર્યધારિત્રી હતી. ભારતના અગ્રગણ્ય રાજાઓને પરણેલી આ સાતેય રાજકન્યાઓના કારણે તે સમયે મોટા યુદ્ધ થયા છે! ભગવાન મહાવીરે આ સાતે ય રાજરાણીઓને 'મહાસતી' કહીને તેમને અનન્ય ગૌરવ પ્રદાન કર્યું છે!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'ચેટક સ્તુતિ'ની રચના યોગનિષ્ઠ આચાર્યશ્રી કરે છે ત્યારે તત્કાલીન મહારાજાઓ કેવા ભક્તિભાવથી પ્રભુ મહાવીર પ્રતિ દોરાયા હશે તેની ઝલક નિહાળવા મળે છે. રાજા ચેટકના નામે જૈન/અજૈન શાસ્ત્રોમાં તત્કાલીન સમયની રાજકીય ખટપટ અને મગધ-વૈશાલી યુદ્ધ સિવાય વિશેષ માહિતી જોવા મળતી નથી : કિંતુ તે સમયના પ્રતિષ્ઠિત રાજવીઓમાં રાજા ચેટકનું સ્થાન સર્વપ્રથમ છે. રાજા ચેટકની બુદ્ધિપ્રતિભા, સમયદર્શિતા અને વિશિષ્ટતા ભારતીય ઈતિહાસકારોએ સુપેરે નોંધી છે.

'ચેટક સ્તુતિ'નો પ્રારંભ આમ થાય છેઃ

वैशालिकमहाराजश्चेटको देशपालकः।
श्रुत्वैवं श्रीप्रभुं स्तौति, महावीरस्य मातुलः।।
तुष्टाव श्रीमहावीर ! सम्यक्त्वादिगुणान्वितः।
केवलज्ञानसूर्येण, त्वया विश्वं प्रकाशितम् ।।
संस्कारितास्त्वया वेदाः, सत्योपनिषदस्तथा।
संहिताश्च महागीता, आगमाद्याः प्रकाशिताः।।
वेदागमादिसत्सारस्त्वया सत्यः प्रकाशितः ।
नमामि त्वं महाप्रीत्या, सर्वविश्वनियामक ! ।।
ॐ शुद्धात्मपरब्रह्म, सर्वशक्तिमयं महद् ।
पूर्णब्रह्ममहावीरं, वन्देसर्वमयं प्रभुम् ।।
ॐ ह्रीं श्रीं मन्त्ररूपाय, ऐँ क्लीं ज्रौँ सौँ स्वरूपिणे।
महावीरजिनेशाय, नमः श्रीपरमात्मने।।
मूर्त्ताऽमूर्त्तं परब्रह्म, महावीरमहाप्रभुः।
दर्शनज्ञानचारित्रमयः सर्वनियामकः।।
ब्रह्मसत्तामयं पिण्डब्रह्माण्डं स्वपरात्मकम्।
त्वयि ब्रह्माणि सर्वज्ञे, महावीरे स्थितं जगत्।।
ज्ञेयं विश्वं जगद्धाति, शुद्धात्मवीरसच्चिति।
उत्पादव्ययामेति, ध्रौव्यञ्च स्वीयशक्तितः।।
नामरूपात्मका जीवा, वीररूपाः सनातनाः।।
महावीरं निजात्मानं, ज्ञात्वा संपान्ति वीरताम्।। ૧

**'વૈશાલીના મહારાજા, દેશના પાલક, શ્રી મહાવીર સ્વામીના મામા ચેટક આ પ્રમાણે, (પ્રભુને) સાંભળીને, શ્રી વીર પ્રભુની સ્તુતિ કરે છે.'**

**'હે મહાવીર, તમે પ્રસન્ન થાઓ. સમ્યક્ત્વ વગેરે ગુણોથી યુક્ત, કેવળજ્ઞાન રૂપી સૂર્યથી તમારા વડે વિશ્વ પ્રકાશિત થાય છે.'**

**'તમારા વડે વેદ સંસ્કારવાળા છે. ઉપનિષદ સત્ય છે. સંહિતા, ગીતા, આગમ વગેરે પ્રકાશિત થયેલા છે.'**

**'વેદ, આગમ વગેરે તમારા વડે સાર રૂપ છે. સત્ય પ્રકાશે છે. (હે) સર્વ વિશ્વનિયામક, ખૂબ પ્રેમપૂર્વક તમને નમસ્કાર કરું છું.'**

**'ૐ શુદ્ધાત્મ પરબ્રહ્મ રૂપ, સર્વશક્તિમાન પૂર્ણબ્રહ્મ મહાવીર, સર્વમય પ્રભુ (મહાવીર)ને હું નમન કરું છું.'**

**'ૐ હ્રીં શ્રીં મંત્રરૂપ, હૈં ક્લીં જ્રૌં સ્રૌં સ્વરૂપ, મહાવીર, જીનેશ્વર, શ્રી પરમાત્માને નમસ્કાર.'**

**'મૂર્ત, અમૂર્ત, પરબ્રહ્મ, મહાવીર, મહાપ્રભુ, દર્શનજ્ઞાનચારિત્રમય અને (આપ) સર્વના નિયામક છો.'**

**'તમારા વડે (જગત) બ્રહ્મ સત્તામય છે, આ પિંડ બ્રહ્માંડ સ્વરૂપ છે, તમારામાં, બ્રહ્મમાં, સર્વજ્ઞમાં આ જગત સ્થિત રહ્યું છે.'**

**'શુદ્ધ આત્મવીર એવા તમારામાં આ જગત જાણી શકાય એવું શોભે છે. ઉત્પાદન, વ્યય, ધ્રુવતા વગેરે તમારી શક્તિથી થાય છે.'**

**નામ રૂપ એવા આ જીવો, વીરરૂપ, સનાતન (એવા) બધા જ મહાવીરને પોતાના આત્મા રૂપ માનીને વીરત્વ પામે છે.'**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, ગાથા ૧ થી ૧૦)

'ચેટક સ્તુતિ'નો પ્રારંભ ભાવોલ્લાસસભર છે.

જે સ્તુતિ પ્રભુ માટે હોય અને હૃદયમાંથી પ્રકટ થતી હોય તે સ્તુતિ સૌને ગમે. 'ચેટક સ્તુતિ'નું રચનાસ્વરૂપ સંસ્કૃતગિરામાં છે, પણ જો ગૂર્જરગિરામાં હોત તો સૌના હોઠે ચઢી જાત તે નક્કી. સકળ ઈન્દ્રાદિ દેવો, રાજાઓ અને જનગણથી છલકાતી સમવસરણસભામાં ગણધરભગવંતો સહિત બારેય પર્ષદાની સન્મુખ થતી ચેટક રાજાની સ્તુતિ પ્રભુ મહાવીર સ્વામીના ગુણોનું ભાવથી કીર્તન કરે છે. આ ગુણકથનમાં ભક્તિ, શ્રદ્ધા, વૈશ્વિક મહત્ત્વ અને વૈરાગ્યાદિ ગુણોનું પોષણ સતત થતું જોવા મળે છે.

જૈન ધર્મ સૌ કોઈના માટે છે. સર્વ જાતિના તથા સર્વ દેશના લોકો તેનું આરાધન કરીને કલ્યાણ પામી શકે છે. નાત જાતના ભેદ આ ધર્મમાં નથી તેમજ પ્રભુનું ધર્મશાસન સૌ માટે છે તે સૂર 'ચેટક સ્તુતિ'માં પુનઃ વ્યક્ત થાય છે. પ્રકાશ-light પર સૌનો હક છે. ધર્મ એક નિર્મળ પ્રકાશ છે. જે જૈનધર્મમાં માને છે તે કર્મમાં માને છે. વાંચોઃ **'જે થવાનું છે તે થાય છે એમ સદ્‌બુદ્ધિ રાખીને આત્મોન્નતિ કરનાર લોકો વીરધર્મના અનુયાયીઓ છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૭૮) જે કર્મમાં શ્રદ્ધા રાખે છે તે બેસી રહેતા નથી પણ પ્રભુના તત્ત્વમાં શ્રદ્ધા રાખીને, પુરુષાર્થ કરીને આગળ વધે છે. કોઈપણ વ્યક્તિ સતત આત્મોન્નતિ માટે મથ્યા કરે તે અનિવાર્ય છે. 'ચેટક સ્તુતિ'માં સુંદર કાવ્યતત્ત્વના પણ દર્શન થાય છે ત્યારે સર્જક યોગનિષ્ઠ આચાર્યશ્રીની મનોવિશ્વની ઝલક પણ નિહાળવા મળે છે. વાંચોઃ **'રામ એ મહાવીર છે, સીતા એ શુદ્ધ ચેતના છે. કૃષ્ણ એ મહાવીર છે, રાધા એ શુદ્ધ ચેતના છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૦૦)

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એકની એક વાત વારંવાર ટંકશાળી વચનોમાં કહેતા જોવા મળે છે તેનો મર્મ એ છે કે આ ગ્રંથનો વાચક વધુમાં વધુ શ્રદ્ધાળુ બને અને વધુમાં વધુ ધર્મી બને. આ વિશ્વમાં જે કંઈપણ છે તે અંતે મહાવીરમય છે તે ભાવના સતત દૃષ્ટિગોચર થાય છે. તમારે બીજા કોઈ પણ ધ્યાન, ભક્તિ કરવાની જરૂર નથી માત્ર પ્રભુ મહાવીરમાં અખંડ શ્રદ્ધા કેળવો. વાંચોઃ **'મહાવીર એજ અંબિકા, કાલી, ચક્રેશ્વરી છે. (આત્મ) સ્વરૂપથી દેવ-દેવીઓ (પણ) મહાવીરથી અભિન્ન છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૦૧)

જે સાધક પરમાત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને ચાલે છે તે તરી જાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'ચેટક સ્તુતિ'માં તો ત્યાં સુધી કહે છે કે જેણે મોટા પાપ કર્યા છે તેઓ પણ પ્રભુમાં શ્રદ્ધા રાખીને ભજે તો મુક્તિ પામે છે; વાંચોઃ **'ૐ અર્હં શ્રી મહાવીર એ નામનું હૃદયમાં સ્મરણ કરવાથી મહા હત્યા જેવા પાપોનો નાશ થાય છે.'** (ચેટક સ્તુતિ, ગાથા, ૧૨૩) શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી ધર્મી વ્યક્તિની પ્રાર્થના, મંત્ર આવા હોય તેનો નિર્દેશ કરતા કહે છે કે, **'ૐ અર્હં શ્રી મહાવીર એ સર્વ શક્તિના પ્રકાશક, મને ભક્તિપૂર્વક શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આપો.' આવી રીતે મંત્ર જાપ કરીને સંસ્કાર વગેરે શુભ કાર્યો કરવા અને જૈન લક્ષણ પ્રમાણે ગુરુની આજ્ઞા માનવી.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૭૨, ૧૭૩) જૈનધર્મ માને છે કે આત્મા અમર છે. વાંચોઃ **'દેહ અને પ્રાણના વિયોગથી વ્યવહારથી મૃત્યુ થાય છે પરંતુ દેહ અને પ્રાણના વિયોગથી ચેતના નાશ પામતી નથી (એટલે કે આત્મા નાશ પામતો નથી.'** (ચેટક સ્તુતિ, ગાથા ૨૨૪)

'ચેટક સ્તુતિ'ના ૩૬૩ શ્લોકોમાં અનેક ક્ષેત્રો આવરી લેવાયા છે પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ તો શ્રી મહાવીર સ્વામી પ્રતિ શ્રદ્ધા, વિશ્વાસ, આત્મકલ્યાણ માટે પુરુષાર્થ કરવો અને સકળવિશ્વના જીવો તરફ સમભાવ કેળવવો વગેરે મુખ્ય છે.

થોડાક શ્લોકાર્થ જોઈએઃ

**રાજા ચેટક કહે છેઃ 'જ્યોતિઓમાં (સર્વાધિક) જ્યોતિ, સર્વતેજના (સર્વાધિક) પ્રકાશક, પરબ્રહ્મ મહાવીરમાં હું પૂર્ણ લીન થયો છું.'**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૩૮)

**'પરબ્રહ્મમાં લીન થયા પછી મારા-તારાનો ભેદ રહેતો નથી. સવિકલ્પ દશામાં જ સ્વામી-સેવકની ભાવના હોય છે...નિર્વિકલ્પ પરબ્રહ્મ સમાધિમાં આત્મશક્તિઓને યોગીઓ નિર્વિકલ્પ સમાધિ વડે વિકાસ પામે છે, અને અનુભવે છે.**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૪૭/૨૪૮)

**દુર્બળ અને અનાથ લોકોની સંતતિ પીડાકારક હોય છે. અંતે તેઓ દુઃખ ભોગવે છે, અને નિર્વંશ થાય છે...ત્યાગીઓ અને દૂર્બળોને પીડા આપવી તે દુઃખકારક છે. તેઓના દુષ્ટ નિઃસાસાઓ દુઃખરૂપી દાવાગ્નિમાં સળગાવી નાંખે છે...નિરાપરાધિ જીવોની હિંસા કરનારા**

**લોકો પાપી યોનીઓમાં જન્મે છે. આવા દુર્જનો મુક્તિ પામતા નથી.'**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ શ્લોક ૨૬૩/૨૬૪/૨૬૫)

**'અન્યાય, આસક્તિ, સંમોહ, પ્રમાદ, અધર્મ, મત્સર, બાહ્યભોગ, વિલાસ વગેરે સર્વ સામ્રાજ્યના નાશક છે...અતિ ભોગવિલાસ વડે દેશ અને સંઘનો નાશ થાય છે. સર્વ શક્તિનો વિનાશ અને લોકોની પરતંત્રતા થાય છે.'**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૭૬૨૭૭)

**'હિમાલયના ઉત્તર ખંડમાં (ધર્મના) સર્વ સિદ્ધાંત જાણનારા, ગ્રંથ (પુસ્તક) રક્ષક મહાવીરના ભક્ત દેવો વસે છે...તે બધા મહાવીરે કહેલા સિદ્ધાંતોના ગુપ્ત પુસ્તકોનું રક્ષણ કરે છે. ભવિષ્યના (નૂતન) યુગમાં તે બધાને કહેશે...તે બધા જૈન ધર્મની પ્રેમપૂર્વક પ્રભાવના કરશે. કળિયુગમાં તે દેવ-દેવીઓ પ્રકટ થશે ?**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૮૫/૨૮૬/૨૮૭)

**'ભવ્યજીવોએ શુદ્ધ આત્મરૂપ શ્રી મહાવીર સ્વામીની પ્રાપ્તિ માટે વિવેકપૂર્વક પિંડધ્યાન કરવું જોઈએ...શ્રી મહાવીર પ્રભુને જાણ્યા પછી કંઈ જાણવું બાકી રહેતું નથી. જેણે શ્રી મહાવીરને જાણ્યાં છે તેણે ત્રણે જગતને જાણી લીધું છે.'**

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૩૩૧/૩૩૨)

'યક્ષદેવ વગેરેની મૂર્તિઓ, અષ્ટમંગલના સંકેત વગેરે જૈનધર્મના દર્શક અને મહાજ્ઞાન દેખાડનારા છે... મહાવીરે યુક્તિપૂર્વક જિનાલય વગેરે દ્વારા ગુપ્તજ્ઞાનના ચિહ્નો સારી રીતે દેખાડેલા છે...પંદરીયા યંત્ર વગેરે દ્વારા તીર્થસંકેતના જ્ઞાન વડે આત્મરૂપ મહાવીરે ગુપ્તજ્ઞાન પ્રકાશિત કરેલ છે... દેવ, વિદ્યાધરો વગેરેનો ગુપ્ત સંઘ કલિયુગમાં છે તે યુક્તિપૂર્વક ગુપ્તજ્ઞાનની રક્ષા કરે છે... તેનું પ્રાકટ્ય ફરીથી તેઓ જ કરે છે. ભક્તો વિવેકપૂર્વક, મહાવીર અરિહંત પાસેથી તે જાણે છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટકસ્તુતિ, શ્લોક ૩૪૯ થી ૩૫૩)

'ભગવાન મહાવીર મંગલ છે, જૈન શાસન મંગલ છે, જૈન સંઘ મંગલ છે. સર્વે જાતિના મનુષ્યોનું મંગલ થાઓ.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ શ્લોક ૩૬૦)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'ચેટક સ્તુતિ'માં ૩૬૨માં શ્લોકમાં ચેટક રાજાને બારવ્રતધારી કહે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી રચિત આ સ્તુતિના અનેક અપ્રકટ રહસ્યો તરફ ધ્યાનપૂર્વક વિચાર કરવો પડે તેવું છે. સમગ્ર વિશ્વ નાનું થતું જાય છે અને અનેક અજાયબીઓ પ્રત્યક્ષ થવા માંડી છે ત્યારે 'ચેટક સ્તુતિ'માં કહેવાયેલ તથ્યો તરફ લક્ષ્ય શા માટે ન આપવું જોઈએ?

'ચેટક સ્તુતિ'નું ભાવમય વિશ્વ સૌનું મંગલ કરો! **(ક્રમશઃ)**

* * *

ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

## પંથે પંથે પાથેય - મારો ભારતવાસી

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

સૂર્યદેવ તપી તપીને થાકેલા રક્તવર્ણા થાળી જેવડા ગોળ દેખાતા હતા. સંધ્યાના સપ્તરંગો ધરતી ઉપર વ્યવસ્થિત પથરાયેલા હતા તે જોવા અને માણવાનો આનંદ અદ્ભુત અને અલૌકિક હતો. તેવા સમયે મારે લંડન તેમ જ ભારત ફોન કરવા હતા. હૉટલના ફોન બંધ થઈ ગયા હતા. હૉટલ બહાર પબ્લિક ફોન બૂથ હતા પણ તે કાર્ડ સિસ્ટમના હતા અને મારી પાસે કાર્ડ ન હતું તેથી અમો આગળ તપાસ કરવા ગયા. રવિવારની રાત્રિનો સમય એટલે બધું જ બંધ થઈ ગયું હતું. કશે જ પણ ફોન કરવાની વ્યવસ્થા ન થઈ શકી. ત્યાં મારી નજર રેસ્ટોરન્ટ હૉવર ઑફ (Restaurant Hower off) ઉપર પડી.

મેં સામે ચાલીને રિસેપ્શન ઉપર બેઠેલા ભાઈને ફોન કરવા માટે અંગ્રેજીમાં પૂછયું પણ તેઓને અંગ્રેજી ભાષાની સમજણ ન પડી તેથી મને ભાંગી તૂટી ભાષા અને એક્શનમાં કહી દીધું કે મને અંગ્રેજી આવડતું નથી. તમે બીજે કશે પણ પ્રયત્ન કરો. ત્યાં મારાથી કહેવાઈ ગયું. હું ભારતથી આવ્યો છું અને મને જર્મન ભાષા આવડતી નથી. આટલા જ વાક્ય તેની બાજુમાં બેઠેલા માનવતાના દીપક સમા ભાઈએ સાંભળ્યા અને મારો હાથ પકડી તેની હૉટલના અંદરના ભાગમાં લઈ ગયા. મને થોડો ડર પણ લાગ્યો ત્યાં તેના કિચનમાં કામ કરતા રામાને કહેવા લાગ્યા. 'રામા...રામા...તારા, તારા ઈન્ડિયન.'

ત્યાં રામસિંગે મને હિન્દીમાં પૂછયું, 'ક્યા કામ હૈ ભાઈ સાબ.' મેં હાથ જોડી નમસ્કાર સાથે નમ્રતાથી કહ્યું, 'હું ભારતથી આવ્યો છું અને બાજુની હૉટલમાં ઊતર્યો છું. મારે લંડન તેમજ ભારત ફોન કરવો છે જે માટે મારી પાસે કાર્ડ નથી.'

મુલાયમ દિલના અને માણસાઈના ઉપાસક રામસિંગે મારી સામે જોયું અને આંખમાં આંખ મેળવી નમ્રતાથી કહ્યું, 'તમો ચિંતા ન કરો. મારી ડયૂટી ૧૧ વાગે પૂરી થાય છે ત્યારે હું તમારી હૉટલ ઉપર આવી જઈશ અને તમને ફોન કરાવી આપીશ. તમો જમ્યા? હું તમારા માટે ભારતીય જમણ પણ ગરમાગરમ લેતો આવીશ. ફક્ત તમો એક કલાક રોકાઈ જાવ. તમારા બધા જ ફોન મારા તરફથી!'

મેં તેમને હાથ જોડી નમ્રતાથી ચોખ્ખી ના પાડી તો મને કહે, 'મારો ભારતવાસી' મારે આંગણે ક્યાંથી? હું તમને કોઈ પણ સંજોગોમાં ખાલી હાથે પાછા જવા દઈશ નહીં.'

ત્યારે મને થયું વી.આઈ.પી. માણસો ઘણા મળે છે પણ વી.એન.પી. (વેરી નાઈસ પર્સન) બહુ ઓછા મળે છે. માણસનું સાચું સૌંદર્ય અરીસામાં નહીં પરંતુ તેના વાણી, વર્તન અને વિચારમાં જોવા મળે છે.

'શ્રદ્ધા મેં અગર જાન હૈ, તો ભગવાન તુમસે દૂર નહીં.
આંખોં મેં અગર મુસ્કાન હૈં, તો ઈન્સાન ભી દૂર નહીં.'

લાગણીથી ભીના ભીના ઉષ્માભર્યા રામસિંગ સાથેના સંબંધની યાદ વારંવાર આવે છે. આવા સંબંધોની કોઈ વ્યાખ્યા નથી હોતી. તેને કોઈ ચોક્કસ સીમામાં બાંધી શકતા નથી.

* * *

કલા ભવન, ૩, મેથ્યુ રોડ, ઑપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન નં. : 23694528 / ટેલિફેક્સ : 23685109

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે ૨૦૧૦ના અંકથી આગળ)

૬૩૩. નિગ્રહ : સંક્ષેપ કરવો.
संक्षेप करना।
Restruction.

૬૩૪. નિત્ય : શાશ્વત
शाश्वत।
Permanent.

૬૩૫. નિત્ય-અવક્તવ્ય : સપ્તભંગીનો એક પ્રકાર
सप्तभंगी का एक प्रकार
Nitya-Avaktavya:Permanent cum in-destrcibable.

૬૩૬. નિત્યત્વ : પોતપોતાના સામાન્ય તથા વિશેશ સ્વરૂપથી ચ્યુત થવું.
अपने सामान्य तथा विशेष स्वरुप से च्युत न होना।
Contrasted with avasthitatva.

૬૩૭. નિત્યાનિત્ય : સપ્તભંગીનો એક પ્રકાર છે.
सप्तभंगी का एक प्रकार।
Permanent cum Transient cum indescribable.

૬૩૮. નિદાન (શલ્ય) : માનસિક દોષ જેમાં ભોગોની લાલસા હોય છે.
मानसिक दोष है जिस में भोगों की लालसा होती है।
Greed for wordly enjoyment.

૬૩૯. નિદાન (આર્તધ્યાન) : ભોગની લાલચની ઉત્કટતાને લીધે અપ્રાપ્ત વસ્તુને મેળવવાનો તીવ્ર સંકલ્પ.
भोगों की लालसा की उत्कचता के कारण अप्राप्त वस्तु को प्राप्त करने का तीव्र संकल्प।
Greed for wordly enjoyment.

૬૪૦. નિદાનકરણ : તપ કે ત્યાગનો બદલો કોઈપણ જાતના ભોગરૂપે માંગી લેવો.
तप व त्याग का बदला किसी भी तरह के भोग के रुप में चाहना।
To wish for some sort of enjoyment as a result of penance renunciation.

૬૪૧. નિદ્રા : દર્શનાવરણીય કર્મનો એક પ્રકાર છે.
दर्शनावरणीय कर्म का एक प्रकार।
It is a part of Darsnavarana Karma.

૬૪૨. નિદ્રાનિદ્રા : દર્શનાવરણીય કર્મનો છઠ્ઠો પ્રકાર છે.
दर्शनावरणीय कर्म का छठ्ठा प्रकार है।
6th type of Darsnavarana Karma.

૬૪૩. નિદ્રાવેદનીય : જે કર્મના ઉદયથી સુખપૂર્વક જાગી શકાય એવી નિદ્રા આવે તે.
जिस कर्म के उदय से सुखपूर्वक जाग सके एसी निद्रा आये कि उसे निद्रावेदनीय दर्शनावरण है।
The Karma whose manifestation brings about the type of sleep from which one can be easily wakened is called Nidravedaniya.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો. નં. ૦૯૮૨૫૮૦૦૧૨૬

(વધુ આવતા અંકે)

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **ભગવાન મહાવીર કા બુનિયાદી ચિંતન (હિંદીમાં)**
લેખક : **ડૉ. જયકુમાર જલજ**
પ્રકાશક : **સાહિત્ય અકાદમી, મધ્ય પ્રદેશ, સંસ્કૃતિ પરિષદ**
મુલ્લા રમૂજી સંસ્કૃતિ ભવન,
બાણગંગા, ભોપાલ–૪૬૨૦૦૩.
ફોનઃ ૦૭૫૫-૨૫૫૪૭૮૨.
મૂલ્યઃરૂ.૨૪/-, પાના : ૩૨, આવૃત્તિ ત્રેવીશ-૨૦૦૯.

ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મોત્સવ વર્ષ નિમિત્તે પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. જયકુમાર જલજ દ્વારા પ્રકટ થયેલ આ પુસ્તકમાં પ્રભુ મહાવીરનું મહાન ચિંતન વ્યક્ત થયેલ છે. ભગવાન મહાવીરના વિચારો સહજ, સંક્ષિપ્ત અને પૂર્વાપર સંબંધમાં ગૂંથાઈને વ્યક્ત થયા છે. આ પુસ્તકમાં લેખકની તલસ્પર્શી દૃષ્ટિ ઉડીને આંખે વળગે છે.

પ્રાકૃત ભારતી અકાદમી જયપુરે આ પુસ્તકના અંગ્રેજી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી, કન્નડ અનુવાદ પ્રકાશિત કર્યા છે. આ નાનકડું પુસ્તક ભગવાન મહાવીરના વિચારોને જન-જન સુધી પહોંચાડવામાં સફળ ભૂમિકા નિભાવશે. ૩૨ પાનામાં ૩૨૦૦ પાનાની સામગ્રી સમાવતા આ પુસ્તકની શૈલી સંક્ષિપ્ત, માર્મિક અને ધારદાર છે.

x x x

પુસ્તકનું નામ : **યોગવિંશિકા એક પરિશીલન**
પરિશીલન : આ. વિ. ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ.
પ્રકાશક : **શ્રી અનેકાન્ત પ્રકાશન,**
**જૈન રિલીજિયસ ટ્રસ્ટ**
મૂલ્ય : અમૂલ્ય પાના :૧૨૮ આવૃત્તિ : તૃતીય વિ. સં. ૨૦૬૧.
પ્રાપ્તિસ્થાન : (૧) પ્રમોદ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૭.
(૨) શા. મુકુંદભાઈ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસ ગૃહ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

એક માત્ર જિનાગમ જ સંસારસમુદ્ર તરવા માટે તરણોપાય છે એમ કહેનાર, ચૌદસો ચુંમાલીસ ગ્રંથોના પ્રણેતા યાકિની મહત્તારાસુત આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિએ રચેલ સર્વ ગ્રંથોમાં યોગવિંશિકા ખૂબ જ નાનો યોગવિષયક ગ્રંથ છે. 'વિંશતિ-વિંશિકા ગ્રંન્થાન્તર્ગત' એ યોગવિંશિકા આજે એક ગ્રંથરૂપે પ્રસિદ્ધ છે. માત્ર વીશ ગાથાપ્રયાણ આ ગ્રંથ ઉપર ન્યાયવિશારદ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ ખૂબ જ સ્પષ્ટ અને વિશદ ટીકાની રચના કરી છે.

આ ગ્રંથની શરૂઆતમાં મોક્ષસાધક સકલ ધર્મવ્યાપારને યોગરૂપે વર્ણવી તેના પ્રણિધાનાદિ પાંચ આશયનું વર્ણન કર્યું છે એ ત્રણ જ્ઞાનયોગનું ખૂબ જ સ્પષ્ટ વર્ણન છે. એ પાંચ પ્રકારના યોગના સ્વામીઓનું વર્ણન કરી તેના ભેદ-પ્રભેદનું વર્ણન કરતાં ઈચ્છાપ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિયોગનું સંક્ષેપથી પણ સુંદર રીતે વર્ણન કર્યું છે. ગ્રંથના મધ્યભાગે વિવક્ષિત યોગના હેતુઓનું અને વિવક્ષિત યોગના કાર્યનું વર્ણન કરી ચૈત્યવંદનના દૃષ્ટાંતથી યોગનું સ્વરૂપ જણાવતાં પાંચ અનુષ્ઠાનોનું અને પ્રીતિ, ભક્તિ, વચન તથા અસંગ આ ચાર સદનુષ્ઠાનોનું નિરૂપણ છે.

આ સંકલન યોગમાર્ગના જિજ્ઞાસુઓને મોક્ષમાર્ગે પ્રયાણ કરવામાં સહાયરૂપ બનશે

x x x

પુસ્તકનું નામ : **માય ડિયર જયુ : વાર્તા વૈવિધ્ય**
સંપાદક : **ઈલા નાયક**
પ્રકાશક : અવનીન્દ્ર ગોહેલ
લટૂર પ્રકાશન, 'અલનિલોક',
૩, શાંતિનગર સોસાયટી,
૨૨૭૩, હિલ ડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૨.
M : 0962469 5646, 09377115646
મૂલ્યઃ રૂા. ૧૨૦/-, પાના ૨૦૮,
આવૃત્તિ પ્રથમ-૨૦૦૯.

'માય ડિયર જયુ' એટલે કે જયંતીલાલ રતિલાલ ગોહેલ અનુ આધુનિક વાર્તાકારોમાં નિજી મુદ્રા પ્રગટાવતા પ્રાણવાન વાર્તાકાર છે. તેમણે સાદી સીધી શૈલીથી માંડીને કપોલ કલ્પના પ્રયુક્તિ સુધીની અભિવ્યક્તિની રીતથી વાર્તારચના કરી છે. 'માય ડિયર જયુ'ના વાર્તા સંગ્રહોમાંથી પસંદ કરાયેલી આ પંદર રચનાઓ છે. આ વાર્તાઓ અનેક દૃષ્ટિથી તપાસતાં જણાય છે કે તેમાં વિષય વૈવિધ્ય, વસ્તુઘટકોનું સંઘટન, અભિવ્યક્તિની વિવિધ રીતિઓ, પ્રતીકાત્મક ભાષા, પાત્રોના મનોભાવો, વ્યક્તિ સંવેદનો અને કથનનું વૈવિધ્ય જેવાં તત્ત્વો તેમની જુદી જુદી વાર્તાઓમાં એક યા બીજી રીતે ગૂંથાયેલા જોઈ શકાય છે. રસકીય દૃષ્ટિએ મૂલ્યવાન વાર્તાઓ આપીને 'માય ડિયર જયુ'એ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. અનુભવ, નિરીક્ષણ, આંતરસૂઝ અને સ્વરૂપની સમજ પ્રગટ કરતી આ વાર્તાઓ વારંવાર આસ્વાદવા જેવી છે. અનુ આધુનિક વાર્તાને નવી દિશા આપનારા મહત્ત્વના સર્જકોમાં આ વાર્તાકાર અગ્રેસર છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રેરક જૈન કથાઓ**
પરિશીલન : આચાર્યશ્રી વાત્સલ્યદીપ
પ્રકાશક : **આચાર્યશ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન**
(રજી. નં. એ/૨૪૦૦) ૭, રૂપમાધુરી સોસાયટી,
સંઘવી રેલ્વે ક્રોસિંગ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.
મૂલ્ય : અમૂલ્ય. પાના :૮૪. આવૃત્તિ : પ્રથમ, ૨૦૦૧.

આચાર્ય વાત્સલ્યદીપે પરંપરાગત જૈન કથાઓનું અર્વાચીન ઢબે પુનઃ કથન કર્યું છે, તેથી તે કથાઓ વાચક વર્ગને રોચક અને બોધક નીવડે છે. જૈન વાર્તાઓને આંતરરાષ્ટ્રીય બનાવવામાં મુનિશ્રીનો ફાળો નોંધપાત્ર છે. જૈન સાહિત્યમાં ધર્મકથાઓનો અખૂટ ભંડાર ભર્યો પડ્યો છે. એ કથાઓને આધુનિક શૈલીમાં આલેખનારાઓની ગૌરવભરી પરંપરા પણ છે. એ પરંપરામાં આ. વાત્સલ્યદીપની કથાઓ ગુજરાતી જૈન સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન ભોગવે છે.

આ વાર્તાસંગ્રહની લગભગ ચાલીસ નામી કથાઓનું અવલોકન કરતાં જણાય છે કે લેખક પાસે કથાશિલ્પને કંડારવાની અનોખી કલા છે. આ પ્રાચીન કથાઓ ધર્મકથાઓ હોવા છતાં એમાં સાંસારિક ચિત્ર અને મનુષ્યોના સ્વાભાવિક વર્ણનો વાર્તાના કથાવસ્તુને અનુરૂપ હોય છે અને તે પાત્રોને જીવંત બનાવે છે. સાથે સાથે નાના નાના અને વેધક વાક્યો દ્વારા તેમની કથન શૈલી ધારદાર-સોંસરી ભાવકના મનમાં ઊતરી જાય તેવી બની છે.

આ પ્રેરક કથાઓ માત્ર જૈન સાહિત્યમાં જ નહિ પણ સમગ્ર ગુજરાતી સાહિત્યની વાર્તાઓમાં વિશિષ્ટ સ્થાન બિરાજે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month ● Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11



## 'ધર્મ જ કેવલ શરણ'

❑ ગાંગજી પી. શેઠિયા

૧૯૪૫માં સ્વ. પિતાજી પોપટલાલ માવજી શેઠિયા મુંબઈમાં સટ્ટાબજારમાં દલાલી કરતા. અમે ત્રણ ભાઈઓ બા સાથે કચ્છમાં રહેતા. દર મહિને રૂા. ૧૦૦/- નું મનીઑર્ડર આવતું. જેમાંથી માંડ માંડ ઘર ચાલતું.

પિતાજીને કોઈક ગ્રાહક એવી કંઈક ટીપ આપી કે જલ્દી કમાવાની લાલચમાં તેઓ પોતાનો સટ્ટો કરી બેઠા. ખૂબ નૂકશાન થયું. જેમ તેમ કર્જ કરી બજારના નુકશાનીના પૈસા એમણે ચૂકવ્યા. આને લીધે તેઓ ખૂબ જ ઉદાસ રહેવા લાગ્યા.

અમારા સ્વ. માતાજીને ધર્મમાં ખૂબ જ શ્રદ્ધા હતી. આવા સંકટ કાળમાં ધર્મને શરણે જવા એમણે નવાણુ યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. તેઓને બર્માથી પાલિતાણાના શ્રાવિકાશ્રમમાં નવ વર્ષની કુમળી વયે અમારા નાનાએ ભણાવવા રાખ્યા હતા. લગભગ બે વર્ષમાં જીવ વિચાર-નવતત્ત્વ-સંગીત સાથે રાગ-રાગીણીમાં પૂજાઓ ભણાવવી વગેરે, ખૂબ જ ઊંડો જૈન ધર્મનો અભ્યાસ થતાં, વૈરાગ્ય ભાવે દીક્ષા લઈ સાધ્વી બનવાનો મનોરથ બાનો હતો, પરંતુ ભોગાવલી કર્મ બાકી હોઈ પરણેલા.

બાએ પિતાજીને કહ્યું કે કચ્છ-ખાખરવાળા રણશી દેવરાજ સાથે આપને પરિચય છે. તો તેમની ધર્મશાળામાં એક વર્ષ રહેવાની અને નવાણુ યાત્રા કરવાની સગવડ કરી આપો.

પિતાજીના બહેન, સાકરબેન દેવશીનો પાલીતાણામાં નાની શાક મારકીટ પાસે બંગલો હતો. તેમાં રહીને નવાણુ કરવાની પિતાજીએ ઈચ્છા બતાવેલ. પરંતુ બા ખૂબ જ સ્વાભિમાની હતા. એમણે ધર્મશાળામાં જ રહેવાની ઈચ્છા દર્શાવી. આખરે રણશી દેવરાજ ધર્મશાળામાં એક વર્ષ રહેવાની અનુમતિ મળતાં, ૧૩ વર્ષનાં મોટાભાઈ મનસુખને યશોજિયજી જૈન ગુરુકુળમાં દાખલ કરી, મને દરબારી સ્કૂલ બહાદુર સિંહજીની શાળામાં પહેલી ચોપડીમાં દાખલ કરેલો. હું છ વર્ષનો હતો. નાનો ભાઈ ૪ વર્ષનો હતો, તેને ભણાવવાની ચિંતા ન હતી.

બા વહેલી પરોઢે ઊઠી જતાં. ગામનાં નળમાંથી પાણી ભરી આવીને સગડીમાં બદામી કોલસા ભરી ખીચડી મૂકીને વહેલા ડુંગર ઉપર જાત્રા કરવા જતા. આવીને કઢી સાથે ખીચડી ખાવાનો અમારો નિત્યક્રમ રહેતો. ક્યારેક ખીચડી નીચેથી બળી જાય, ક્યારેક નમકની માત્રા ઓછી-વધુ થઈ જાય છતાંયે અમે સૌ એને નવકાર ગણી, પગે લાગીને ન્યાય આપતા. જમ્યા બાદ ત્રણ વખત થાળી ધોઈને પીવાનો નિયમ અમે પાળતા.

રોજ સવારે-સાંજે પ્રતિક્રમણ, દેવદર્શન, સામાયિક આદિ કરતા. બા દેરાસરમાં રોજ ભંડારમાં થોડીક ચિલ્લર અવશ્ય નાખતા. ખૂબ જ ભક્તિ કરતા. ત્રણ સ્તવન ચૈત્ય વંદનમાં અવશ્ય સુરીલા અવાજે ગાતાં. સાંજે પ્રતિક્રમણ બાદ સજ્જાયો ગાતા. ખૂબ જ આનંદિત રહી ધર્મ-ધ્યાન કરતા. સમય પસાર થતો હતો.

નાની શાક મારકીટમાં ફોઈના બંગલા સામે સલોત છગનભાઈની અનાજ-કરિયાણાની દુકાન હતી. ત્યાંથી અનાજ રસકસ બા લઈ આવતાં. પિતાજીનો મની ઓર્ડર મળેથી છગનભાઈનું બીલ ચૂકવી દેતાં.

સતત ૩-૪ મહિના મની ઑર્ડર નહીં આવતાં, છગનભાઈનું બીલ ચૂકવી નહીં શકતા, બાને ખૂબ જ સંકોચ થતો. છગનભાઈ કહે તમે ચિંતા નહીં કરો. હું સાકરબેનનો પડોશી છું. જ્યારે પણ પૈસા આવે તમે ચૂકવજો. ઉધારીની ચિંતા છોડી દો.

બાએ અનાજ ઉધારીથી લેવાનું બંધ કરી ને રોજ આયંબિલ કરી, આયંબિલ ખાતામાં અમને લઈ જઈ આયંબિલ કરાવતા. એક દિવસ આયંબિલ ખાતાના મુનીમે મને નવકાર મંત્ર બોલવા કહ્યું. હું પોપટની જેમ નવકાર મંત્ર બોલી ગયો. બાની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. ધર્મશાળામાં આવીને ખૂબ રડ્યા. અમે પૂછ્યું બા કેમ આટલું રડે છે ? બા એ કહ્યું પૈસા ભરાવ્યા સિવાય હવે આયંબિલ ખાતામાં નહીં જઈએ. હું તો ઉપવાસ કરીશ પણ તમે બે ખૂબ નાના છો તેની ચિંતાથી રડવું આવી ગયું. અમે કહ્યું બા અમે પણ તારી જેમ ઉપવાસ કરીશું.

## પંથે પંથે પાથેય...

મારી જિંદગીનો એ પહેલો ઉપવાસ હતો. ધર્મક્રિયાઓમાં દિવસ તો સારી રીતે પસાર થઈ ગયો. રાતના સૂઈ ગયા બાદ વહેલી પરોઢે ભૂખે ખૂબ પરેશાન કર્યા. માંડ-માંડ સવાર થતાં ધર્મશાળાની પડોશની રૂમના કચ્છીબેન પાનબાઈએ અમને બંન્ને ભાઈઓને પારણું કરાવ્યું. બાએ છઠ્ઠના પચ્ચખાણ લઈ લીધા.

ભૂખનું દુ:ખ, અછતની કારમી પીડા ને ટંચાઈનાં એ દિવસો હું ક્યારેય નહીં ભૂલી શકું. બાનાં ધર્મનાં સંસ્કારથી એ દિવસો પણ શાંતિથી પસાર થઈ ગયા.

બા સંગીત શીખેલા, અવાજ ખૂબ જ સુરીલો, છઠ્ઠનાં ઉપવાસને દિવસે ખૂબ જ પ્રેમથી પ્રભુ-ભક્તિમાં દિવસ પસાર થયો. ત્રીજે દિવસે સવારના ત્રીજા ઉપવાસના પચ્ચખાણ બાએ લીધા. એ દિવસે રૂા. ૧૦૦૦/- નો મનીઑર્ડર અને પિતાજીનો પત્ર આવ્યો. લખ્યું હતું કે હું સારું કમાયો છું. નવાણું પૂરી થયા બાદ એનું ઉજમણું કરીશું.

જીવનમાં કટોકટીની વેળાએ ફક્ત ધર્મનો જ વિશેષ સહારો લીધો છે. ધર્મે જ અમારી રક્ષા કરી છે. ધર્મમાં શ્રદ્ધા વધારે ઊંડી થઈ છે.

* * *

૧૨, તુલીપ્સ, પેટીટ હૉલ સામે, ૭૧, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન નં. : 9833702220

## મારો ભારતવાસી

❑ સુરેશ એસ. ચૌધરી

જૂન માસ ભારતીયો માટે ઠંડો અને યુરોપના લોકો માટે સમર કહેવાય. એવા દિવસોમાં હું અને મારાં પત્ની યુરોપની ટુરમાં નીકળ્યા હતાં. તનમનની આઝાદીનો સુવર્ણ દિવસ. રવિવારની રાત્રિના ૯ વાગે અમો જર્મની (Germany) ના ડોરમાજન (Dormagen) ગામની હૉટલ સોલોઈન (Soloinn) માં ઊતર્યાં. રાત્રિના સમયે

(વધુ માટે જુઓ અનુસંધાન પાનુ ૨૫)

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.